।। कोबातीर्थमंडन श्री महावीरस्वामिने नमः ।।

।। अनंतलब्धिनिधान श्री गौतमस्वामिने नमः ।। ।। गणधर भगवंत श्री सुधर्मास्वामिने नमः ।।

।। योगनिष्ठ आचार्य श्रीमद् बुद्धिसागरसूरीश्वरेभ्यो नमः ।। ।। चारित्रचूडामणि आचार्य श्रीमद् कैलाससागरसूरीश्वरेभ्यो नमः ।।

# आचार्य श्री कैलाससागरसूरि ज्ञानमंदिर

## पुनितप्रेरणा व आशीर्वाद

## राष्ट्रसंत श्रुतोद्धारक आचार्यदेव श्रीमत् पद्मसागरसूरीश्वरजी म. सा.

## जैन मुद्रित ग्रंथ स्केनिंग प्रकल्प

ग्रंथांक : १

**श्री महावीर जैन आराधना केन्द्र**

आचार्यश्री कैलाससागरसूरि ज्ञानमंदिर
कोबा, गांधीनगर-श्री महावीर जैन आराधना केन्द्र
आचार्यश्री कैलाससागरसूरि ज्ञानमंदिर
कोबा, गांधीनगर-३८२००७ (गुजरात)
(079) 23276252, 23276204
फेक्स : 23276249
Websiet : www.kobatirth.org
Email : Kendra@kobatirth.org

**शहर शाखा**

आचार्यश्री कैलाससागरसूरि ज्ञानमंदिर
शहर शाखा
आचार्यश्री कैलाससागरसूरि ज्ञानमंदिर
त्रण बंगला, टोलकनगर
परिवार डाइनिंग हॉल की गली में
पालडी, अहमदाबाद – ३८०००७
(079) 26582355

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

अथ

# कालज्ञानम्

श्री शंभुनाथविरचितम्

गुर्जरभाषार्थसनाथम् ।

तच्च

परिशोध्य

गुर्जर मुद्रा यंत्रालये

आ.श्री. कैलाससागर सूरि ज्ञान मंदिर
श्री महावीर जैन आराधना केन्द्र, कोबा
ना. क्र.

मुद्रितम्

संवत् १९४४

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# अनुक्रमणिका.


| पृष्ठांकाः | विषयनामानि |
|---|---|
| ૧ | મંગલાચરણમ્ |
| ૧ | કાલપ્રશંસા |
| ૧૨ | આયુર્વેદાધિકરણમ્ |
| ૧૩ | વૈદ્યવિદ્યાકથનમ્ |
| ૧૪ | ચિકિત્સાંગાનિ |
| ૧૫ | સદ્વૈદ્યલક્ષણમ્ |
| ૧૮ | કુવૈદ્યલક્ષણમ્ |
| ૨૦ | દ્રવ્યલક્ષણમ્ |
| ૨૦ | પરિચારકલક્ષણમ્ |
| ૨૦ | રોગિલક્ષણમ્ |
| ૨૧ | પ્રથમોદ્દેશ સમાપ્તિઃ |
| ૨૧ | રોગાણાં સાધ્યલક્ષણાનિ |
| ૨૩ | અરિષ્ટસૂચકાનિ લક્ષણાનિ |
| ૨૪ | એકમુહૂર્તાન્તે મરણ સૂચકં લક્ષણમ |
| ૨૫ | એકયામાન્તે મરણ સૂચકં લક્ષણમ્ |

| पृष्टकाः | विषयनामानि |
|---|---|
| ૨૫ | એકદિનાન્તે મર૦ |
| ૨૬ | દ્વિદિવસમધ્યે મ૦ |
| ૨૬ | ત્રિદિનાન્તે મરણ૦ |
| ૨૯ | સપ્તાહાન્તે મરણ૦ |
| ૨૯ | પંચરાત્રમધ્યે મ૦ |
| ૩૦ | પંચદિનમધ્યે મ૦ |
| ૩૧ | એકાદશદિને મર૦ |
| ૩૧ | પક્ષાન્તે મરણ૦ |
| ૩૩ | એકમાસિક મર૦ |
| ૩૬ | સાર્ધમાસિક મરણ૦ |
| ૩૭ | ત્રૈમાસિક મરણ૦ |
| ૩૮ | પંચમાસાવધિ જીવિત લક્ષણમ્ |
| ૩૯ | ષાણ્માસિકાદિ મૃત્યુલક્ષ૦ |
| ૪૪ | દશમાસિક મૃત્યુલ. |
| ૪૪ | એકવાર્ષિક મરણ૦ |
| ૪૭ | ત્રૈવાર્ષિક મરણ૦ |
| ૫૪ | નક્ષત્રાદિભિરસાધ્ય |


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ॥ अथ श्रीकालज्ञानं सभाषांतरं प्रारभ्यते ॥

## ॥ मंगलाचरणम् ॥

यस्याः प्रसादमासाद्य, सद्यो विद्वान् भवेन्नरः ॥
वाग्वादिनी भगवती, शारदा वरदास्तु नः ॥१॥

અર્થઃ--જેના પ્રસાદને પામીને પુરૂષ તરત વિદ્વાન્ થાય છે એવી જે વાગ્વાદિની ભગવતી શારદા તે અમને વરદાનને આપવાવાળી થાઓ ॥ ૧ ॥

## ॥ अथ कालप्रशंसा ॥

भ्रातः कष्टमहो महान्स नृपतिः सामंतचक्रं च तत्; पार्श्वे सा च विदग्धराजपरिषत्ताश्चंद्रबिंबाननाः ॥ उन्मत्तः स च राजपुत्रनिवहस्ते बंदिनस्ताः कथाः; सर्वं यस्य वशादगात्स्मृतिपथं कालाय तस्मै नमः ॥ २ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અર્થઃ—હે ભાઇ! મહા કષ્ટની વાત છે કે તે મ્હોટા રાજા, તથા તે માંડલિક રાજાઓનો સમુદાય, તથા પડખામાં રહેલા વિદ્વાનોની અને રાજાઓની તે સભા, તથા ચંદ્રના જેવી મુખવાળી તે સ્ત્રીઓ તથા ઉન્મત્ત એવા રાજપુત્રોનો તે સમૂહ તથા તેઓની કીર્ત્તિને કહેનારા તે બંદિજનો તેમજ તે કથા, એ સર્વે જે કાળ થકી કેવળ સ્મરણમાં આવે છે તે કાળને નમસ્કાર હો ॥ ૨ ॥

**साध्यासाध्यपरिज्ञानं, जीवितं मरणं तथा ॥**
**येन विज्ञायते सम्यक्, कालज्ञानं तदुच्यते॥३॥**

અર્થઃ—જેણે કરીને સાધ્ય, અસાધ્ય, જીવણ તથા મરણનું વિશેષપણું જાણવામાં આવે છે તે કાલજ્ઞાન કહેવાય છે ॥ ૩ ॥

**कालः सृजति भूतानि, कालः संहरति प्रजाः॥**
**कालः सुप्तेषु जागर्त्ति, कालो हि दुरतिक्रमः॥४॥**

અર્થઃ—કાલ સર્વ ભૂત પ્રાણીમાત્રને ઉત્પન્ન કરે છે; તેમજ તે કાલ સર્વ પ્રજાનો સંહાર કરેછે અને સર્વ સુતે છતે કાલ જાગે છે તે કાલને કોઈ ઉલ્લંઘી શકાતો નથી ॥૪॥

**काले देवा विनश्यंति, काले चासुरपन्नगाः ॥**
**नरेंद्रा जंतवः सर्वे, सर्वे कालेन नश्यति ॥५॥**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અર્થઃ—કાળે દેવતાઓ નાશ પામે છે, કાળેકરી દૈત્યો, નાગો, રાજાઓ તથા સકળ પ્રાણિયો અને સર્વ જગત્ વિનાશ પામે છે. ॥ ૫ ॥

**विरंचिदिनमध्ये तु पतंतींद्राश्चतुर्द्दश ॥ अब्दानां च शतस्यांते, सोपि काले विनश्यति ॥ ६॥**

અર્થઃ—બ્રહ્માના એક દિવસને વિષે ચૌદ ઇંદ્રો પડે છે અને તેનાં સો વર્ષ પૂરાં થએથી તે પણ (બ્રહ્માપણ) કાલે કરીને વિનાશને પામે છે. ॥ ૬ ॥

**मानुषः शतजीवी च, पुरा देवेन भाषितम् ॥ विकर्म्मणः प्रभावेण, शीघ्रं कालेन नश्यति ७**

અર્થઃ—માણસનું આયુષ્ય સો વર્ષનું હોય છે, એવું પૂર્વે ભગવાને કહેલું છે; અને વિરૂદ્ધ કર્મના પ્રભાવે (આયુષ્ય પૂર્ણ થએથી) તરતજ કાલેકરી નાશ પામે છે. ॥ ૭ ॥

**वर्षाः शीतं तथा चोष्णं, प्रत्यूषो मध्यमं दिनं॥ अपराह्णश्च षट्, कालाः कथ्यंते विबुधैः किल ८**

અર્થઃ—વર્ષાકાળ, શીતકાળ, (શીયાળો) ઉષ્ણકાળ, (ઊનાળો) પ્રાતઃકાલ (પ્રભાત સમય) મધ્યાન્હકાળ (બપોરનો વખત) તથા દિનનો અસ્તસમય અર્થાત સંધ્યા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કાલ એ ૭ સ્વરૂપેકરી કાલ કહેવાય છે. ॥ ૮ ॥

**कालेन वृक्षः फलति, काले धान्यं प्रजायते ॥**
**कालेन नारी द्रवति, सर्वं कालेन जायते॥९॥**

અર્થઃ–કાલેકરી ઝાડોમાં ફળો થાય છે, કાલેકરી ધાન્યની ઉત્પત્તિ થાય છે, કાલેકરી સ્ત્રી ઋતુને પામીને ગર્ભ ધારણ કરે છે, એવી રીતે સર્વ કાલેકરીને ઉત્પન્ન થાય છે ॥ ૯ ॥

**कालेन तोयं पतति, काले बीजं च वापयेत् ॥**
**काले च कर्मसाफल्यं, विपरीते विपर्ययः॥१०॥**

અર્થઃ–કાલેકરી મેઘ પાણીની વૃષ્ટિ કરે છે; કાલે કરી બીજ વાવવામાં આવે છે; કાલેકરી કર્મોની સફળતા થાય છે; અને કાલની વિપરીતતાથી (ઋતુ ગયાથી) સર્વ વિનાશને પામે છે ॥ ૧૦ ॥

**क्रोधलोभप्रसंगेन, कालः कलयते जगत् ॥**
**ज्ञानयोगसदाभ्यासैः, कालो रक्षति सर्वदा ११**

અર્થઃ–ક્રોધ અને લોભના પ્રસંગેકરી કાલ સર્વ જગતનું ભક્ષણ કરે છે; પરંતુ જ્ઞાન અને યોગના સદા અભ્યાસેકરી મનુષ્યની સર્વદા કાલ રક્ષા કરે છે ॥ ૧૧ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**कालाग्निर्जठरे जात, स्तस्य वांछा चतुर्विधा ॥**
**आहारश्चोदकं निद्रा, कामश्चैव चतुर्थकः॥१२॥**

અર્થઃ--કાળરૂપી અગ્નિ ઉદરનેવિષે ઉત્પન્ન થાય છે, ત્યારે તેને ચાર પ્રકારની વાંછા ઉત્પન્ન થાય છે, આ-હાર, ઉદક (પાણી), નિદ્રા તથા કામ એવી રીતે ચારેનો સમૂહ જાણવો ॥ ૧૨ ॥

**अन्नहीनो दहेद्धातु, मंबुहीनश्च शोणितम् ॥**
**कामहीनो दहेच्चक्षु, रनिद्रा रोगकारिणी॥१३॥**

અર્થઃ—અન્નથકી રહિત કાળ ધાતુને બાળે છે; પાણીથકી રહિત લોહીને બાળેછે; કામથકી રહિત આંખો ને દહન કરેછે અને નિદ્રા વિના રોગની ઉત્પત્તિ કરે છે. ૧૩

**अस्तमेति यथा वाताद्दीपस्तैलादिसंयुतः ॥**
**निवातरक्षणाद्देही तथैवागंतुमृत्युभिः ॥ १४ ॥**

અર્થઃ—જેમ દીવામાં પરિપૂર્ણ તેલ ભરેલું છતાં તે દીવો વાયુથી ઓલાઇ જાયછે તેમ આગંતુક મૃત્યુથી પ્રાણીઓનું મૃત્યુ થાય છે એમ જાણવું. પરંતુ જેમ વાયુ વગર-ની જગ્યામાં રાખવાથી દીવો રહેછે, તેમ આગામિ મર-ણથી રક્ષણ કરેતો પ્રાણીઓ બચી શકે છે ॥ ૧૪ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



जलमग्निर्विषं शस्त्रं स्त्रियो राजकुलानि च ॥ अकालमृत्यवो ह्येते तेभ्यो बिभ्यति पंडिताः१५

અર્થ:—જળ, અગ્નિ, વિષ, શસ્ત્ર, સ્ત્રિયો અને રાજકુળ એ સર્વ અકાળમૃત્યુ છે માટે તેઓથી વિદ્વાન્ લોકો બીતા રહે છે અર્થાત્ દૂર રહે છે. ॥ ૧૫ ॥

म्रियमाणं मृतं बंधुं शोचंते परिदेविनः ॥ आत्मानं नानुशोचंति कालेन कवलीकृतम् ॥१६॥

અર્થ:—જે પોતાના બાંધવો મરતાં હોય તેને અને મરીગએલાઓનો માણસો શોક કરે છે, પણ પોતાને કાલે કોળીઆ કરેલો છે તેનો શોક કરતાં નથી. ॥ ૧૬ ॥

कालेन क्षितिवारिवह्निपवनव्योमादियुक्तं जगद ब्रह्माद्याश्च सुराः प्रयांति विलयं विद्मो विचाराहिति ॥ पश्यामोऽपि विनश्यतोऽनवरतं लोकाननेकान्मुधा मायामोहमयीं भवप्रणाशिनी माशां वहामो वयम् ॥ १७ ॥

અર્થ:—કાલેકરી પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ તથા આકાશસહિત જગત્ તથા બ્રહ્માદિક દેવો વિલયને પામે છે

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એવી રીતે વિચારથી જણાય છે, અને તેઓ અનેક લોકો વિનાશને પામીને પાછા ફરતા નથી માટે માયાના મોહ મય એવી ભયને ઉપજાવનારી તૃષ્ણાને આપણે વ્યર્થ વહન કરીએ છીયે ॥ ૧૭ ॥

**मन एव स्थिरं कुर्यात्, मनसा मारुतः स्थिरः॥**
**मारुतेन स्थिरं तेजः कालः संदृश्यते तथा१८**

અર્થ—પ્રથમ પુરૂષે નિશ્ચયેકરીને મનને સ્થિર કરવું; મનેકરીને વાયુ સ્થિર કરવો; પવનેકરી તેજને સ્થિર કરવું, તે તેજેકરીને કાળ દિઠામાં આવે છે; અર્થાત્ તેજ જ્યાં સુધી શરીરમાં હોય ત્યાં સુધી મૃત્યુ આવતુ નથી, ને જ્યારે અગ્નિ મંદ પડી જાય છે ત્યારે મૃત્યુ આવે છે ॥ ૧૮ ॥

**इंद्रियाणि बंधयित्वा, मनश्चैकत्र कारयेत्॥तेना-**
**भ्यासेन भोक्तव्यं, स्वर्गादिकफलं शुभम् ॥१९॥**

અર્થઃ—સર્વ ઇંદ્રિયોને વશ કરીને મનને સ્થિર કરવું, એવા અભ્યાસેકરીને સ્વર્ગાદિક શ્રેષ્ઠ ફલોને ભોગવવા યોગ્ય થાય છે.॥ ૧૯ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**यत्रानेके क्वचिदपि गृहे तत्र तिष्ठत्यथैको यत्राप्येकस्तदनु बहवस्तत्र नैकोपि चांते ॥ इत्थं चेमौ रजनिदिवसौ लोलयन्द्वाविवाक्षौ कालः काल्या भुवनफलके क्रीडति प्राणिशारैः ॥२०॥**

અર્થઃ—જે ઘરમાં કોઈએક વખતે અનેક માણસો હતાં તેજ ઘરમાં પાછળ એકજ માણસ રહી જાય છે; તેમજ જે ઘરમાં પ્રથમ એક માણસ હતું ત્યાં પછી ઘણાં થઈ ગયેલાં જણાય છે, ને પાછું અંતે એક માણસ પણ જોવામાં આવતું નથી. એવી રીતે આ સંસારમાં રાત ને દિવસરૂપી બે પાસાઓને નાખતો એવો કાળ, પોતાની સ્ત્રી કાળી સાથે આ ત્રિલોકીરૂપી ચોપાટને વિષે પ્રાણિઓ રૂપ સોગઠાંથી ખેલે છે. ॥ ૨૦॥

**ब्रह्मा विष्णुदिने याति विष्णूरुद्रस्य वासरे; ॥ ईश्वरस्य तथा सोपि कः कालं लंघितुं क्षमः २१**

અર્થઃ—બ્રહ્મા વિષ્ણુના એક દિવસમાં નિવૃત્ત થાય છે તે વિષ્ણુ મહાદેવના એક દિવસમાં લય પામે છે; અને તે સદાશિવ પણ ઇશ્વરને વિષે લીન થઈ જાય છે માટે કાળને ઉલંઘવાને કોણ સમર્થ છે ॥ ૨૧ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**अशनं मे वसनं मे जाया मे बंधुवर्गो मे॥ इति मे मे कुर्वाणं कालवृको हंति पुरुषाजम्॥२२ ॥**

અર્થઃ—આ મારાં વસ્ત્રો છે, આ મારૂં ભોજન છે, તથા આ મારો ભાઈઓનો વર્ગ છે, એવી રીતે મારૂં મારૂં કરનાર પુરૂષરૂપી બકરાને કાલરૂપી નાર હણે છે. ॥૨૨॥

**अद्यैव हसितं गीतं पठितं यैः शरीरिभिः॥ अद्यैव ते न दृश्यंते कष्टं कालस्य चेष्टितम्॥२३॥**

અર્થઃ—આજે જે માણસો હસતાં હતાં, ગાતાં હતાં અને લખતાં વાંચતાં હતાં, તે આજેજ દીઠામાં આવતાં નથી માટે કાલની ચેષ્ટા મહા દુઃખરૂપ છે. ॥ ૨૩ ॥

**अप्सु प्लवंते पाषाणा, मानुषा घ्नंति राक्षसान्॥ कपयःकर्म कुर्वंति कालस्य कुटिला गतिः॥२४॥**

અર્થઃ—પાણીમાં પત્થરા તરેછે; માણસો રાક્ષસોને મારે છે, તથા વાંદરાઓ માણસનું કામ કરે છે માટે કાલની એવી ઊલટી ગતી છે. "એ વિષય રામાયણમાં રામચંદ્ર સાગર ઊપર પાજ બાંધી તથા રાવણાદિક રાક્ષસોને માર્યા અને વાંદરાઓએ લડાઇ કીધી તેને અનુલક્ષીને કહેલો છે." ॥ ૨૪ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**प्राप्ता जरा यौवनमप्यतीतं बुध्वा यतध्वं परमार्थसिद्धयै ॥ आयुर्गतप्रायमिदं यतोऽसौ विभ्राम्य विभ्राम्य न याति कालः ॥ २५ ॥**

અર્થઃ--જરા અવસ્થા આવી પહોતી છે; અને યૌવન અવસ્થા વ્યતીત થઇ ગઇ છે; એમ સમજી હવે પરમાર્થની સિદ્ધિને અર્થે યત્ન કરો, આ આયુ જવાવાળુ છે; માટે આવી રીતે ભટકી ભટકીને કાલ નિવૃત્ત થવાનો નથી ॥ ૨૫ ॥

**पुरंदरसहस्राणि चक्रवर्तिशतानि च ॥ निर्वापितानि कालेन प्रदीपा इव वायुना ॥ २६॥**

અર્થ—જેમ દીવાઓને પવન ઓલવી નાખે છે તેમ હજારો ઇંદ્રોને તથા શેકડો ચક્રવર્ત્તિઓને કાળે નિવૃત્ત કર્યા ॥૨૬ ॥

**मातुलो यस्य गोविंदः पिता यस्य धनंजयः ॥ सोपि कालवशं प्राप्तःकालो हि दुरतिक्रमः२७**

અર્થઃ—જેનું મોસાળ યાદવકુળ હોવાથી સાક્ષાત્ કૃષ્ણ જેનો મામો થાય, અને જેનો બાપ અર્જુન; એવો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અભિમન્યુ અથવા (બભ્રુવાહન) તે પણ કાળને વશ થયો; માટે દુઃખે કરીને પણ જેનું ઉલ્લંઘન કરી શકાતું નથી એવો કાળ છે. ॥ ૨૭ ॥

**भगीरथाद्याः सगरः ककुत्स्थो, दशाननो राघवलक्ष्मणौ च ॥ युधिष्ठिराद्याश्च बभूवुरेते सत्यं क्व याता बत ते नरेंद्राः ॥ २८ ॥**

અર્થઃ-ભગીરથ વિગેરે તથા સગરનામક સૂર્યવંશી રાજા (અયોધ્યા નગરીમાં સાર્વભૌમ રાજા હતો તે) કકુત્સ્થીમાં ધાતા રાજા હતો તે, દશાનન જે રાવણ તે; રાઘવ જે રામચંદ્ર તથા તેનો ભાઈ લક્ષ્મણ તે; અને યુધિષ્ઠિરને આદિ ઘણા પૃથ્વીપતિઓ થઈ ગએલા છે; તેઓ ખેદ થાય છે કે તે નરેંદ્રો કયાં ગયા ॥ ૨૮ ॥

## शार्दूलविक्रीडितं वृत्तम् ।

**कश्चित्कल्पशतं कृतास्थितिचयः कश्चिद्युगानां शतं कश्चिद्वर्षशतं तथा कतिपये जीवा दिनानां शतम् ॥ ग्रस्तान्कर्मभिरात्मनः प्रतिदिनं संक्षीयमाणायुषः कालोयं कवलीकरोति सकलान्भ्रातः कुतः कौशलम् ॥ २९॥**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અર્થ:—કોઇક સો કલ્પો સુધી મરણ વિના સ્થિતિ કરી રહે છે, કોઇક સો યુગ સુધી જીવે છે, કોઈ સો વર્ષ સુધી જીવે છે; અને કેટલાક જંતુઓ માત્ર સો દિવસ સુધીજ આયુષ્ય ભોગવે છે. એ બધાઓ પોતપોતાનાં કર્મવડે દિનદિન પ્રતે આયુષ્યને કાપે છે; તે બધાને કાલ પોતાનાં કોળીઆં કરે છે માટે હે ભાઈ કુસલતા કયાં છે? ૨૯

**आराध्य भूपतिमवाप्य ततो धनानि भुंजामहे वयमिह प्रसभं सुखानि ॥ इत्याशया बत विमोहितमानसानां कालो जगाम मरणावधिरेव पुंसाम् ॥ ३० ॥**

અર્થ:—રાજાની સેવા કરી નાણાં મેળવીને આપણે અનેક પ્રકારના સુખ ભોગવીશું એવા હેતુથી મોહને પામેલાં મનવાળા માણસોને મરણની અવધિરૂપ કાળ આવી પહોંચે છે. ॥ ૩૦ ॥

## अथ आयुर्वेदाधिकरणम् ।

**ब्राह्मणक्षत्रियवैश्यानामन्यतमान्ववायं शीलशौर्यशौचाचारविनयशक्तिबलमेधाधृतिस्मृति -**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



मानप्रतिपत्तियुक्तं तनुजिव्हौष्ठदंताग्रमृजुवक्त्रा-क्षं सुप्रसन्नचित्तवाक्चेष्टं क्लेशसहं च भिषक् शिष्यमुपनयेदतो विपरीतगुणं नोपनयेत् ॥१॥

અર્થઃ—બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, એમાંના કોઇપણ વંશમાં થએલો; શીલ, શૌર્ય, (સૌંદર્ય) (પવિત્ર, શૌચપણ) આચાર, વિનય, શક્તિ, બલ, મેધા, (ધારણાવતી બુદ્ધિ) ધૃતિ સ્મૃતિ મતિ, ઈત્યાદિકની જે સિદ્ધિ તેને વિષે જે ઉદ્યુકત તથા જિન્હા, ઓષ્ટ, અને દાંત, જેના ન્હાના છે કોમલવક્ત્રા, પ્રશસ્ત નેત્ર, નાસિકા, ચિત્ત, વચન, ચેષ્ટા, ઈત્યાદિ વિશિષ્ટ, કલેશ સહનશીલ એજ સમસ્ત ગુણયુકત પુરૂષનેજ વૈદ્ય આયુર્વેદના પઠનને માટે ઉપનયન કરે ને એથી વિપરીત ગુણવાળાને કરે એમ જાણવું ॥ ૧ ॥

## वैद्यविद्याकथनम्.

(सुश्रुते)शल्यं, शालाक्यं, कायाचिकित्सा, भूतविद्या, कौमारभृत्यं, अगदतंत्रं, रसायनतंत्रं वाजीकरणतंत्रं. इत्यादि. ॥ २ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અર્થઃ-સુશ્રુત નામના સુશ્રુત ઋષિકૃત વૈદ્યક ગ્રંથ પ્રસિદ્ધ છે તેમાં આઠ પ્રકારનાં વૈદ્ય વિદ્યાનાં અંગ કહેલાં છે તે આ પ્રમાણેઃ-શલ્ય, શાલાક્ય કાયચિકિત્સા, ભૂત વિદ્યા, કૌમાર ભૃત્ય, અગદતંત્ર, રસાયનતંત્ર તથા વાજી કરણ તંત્ર એ જાણવા યોગ્ય છે. ॥ ૨ ॥

**દયામૂલેન ધર્મેણ, વિના ન સ્યાત્ પરં સુખમ્॥**
**સુખસ્થાનં શરીરં તુ, રક્ષણીયં પ્રયત્નતઃ॥૩૧॥**

અર્થઃ—ધર્મનું મૂલ દયા છે, ધર્મ વિના સુખ થતું નથી, સુખનું સ્થાનક શરીર છે; તે શરીરની રક્ષા કરવી યોગ્ય છે ॥ ૩૧ ॥

**ધર્માર્થકામમોક્ષાણાં શરીરં સાધનં યતઃ ॥**
**રોગાસ્તસ્યાપહંતારસ્તતો રક્ષ્યં બુધૈસ્તુ તત્૩૨**

અર્થઃ-ધર્મ, અર્થ, કામ અને મોક્ષ આ ચાર પુરૂષાર્થનું સાધન શરીર છે. તેના નાશક રોગ છે, માટે તે રોગથી શરીરનું રક્ષણ હમેશ કરવું જોઈએ. ॥૩૨॥

## अथ चिकित्साङ्गानि कथ्यंते।

**भिषग् द्रव्याण्युपस्थाता रोगी पादचतुष्टयम्॥**
**चिकित्सितस्य निर्दिष्टं प्रत्येकं तच्चतुर्गुणम् ३३**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અર્થ—વૈદ્ય, ઓશડ, પરિચારક (રોગીની સેવા કરે તે) અને રોગી એ ચાર, રોગનું નિવારણ જે શાસ્ત્રમાં કહેલું છે તેના ચરણ છે, તેમાં એક પણ ચરણ જો ગુણરહીત હોય તો રોગનું નિવારણ થાય નહીં. આ ચારમાં એકેકના ચાર ચાર ગુણ છે. (તે આગળ કહેવામાં આવશે) ॥ ૩૩ ॥

## अथ सद्वैद्य लक्षणम् ।

**वेदेभ्यश्च समुत्पन्नस्तस्माद्वैद्यो मयोदितः ॥**
**आयुर्वेदोपनयनाद्वैद्योपि द्विज उच्यते ॥३४॥**

અર્થ:—વેદથકી ઉત્પન્ન થએલો એટલે વેદના અધ્યયનથી પ્રાપ્ત થએલી જે વૈદ્યવિદ્યા તેણેકરી સહિત અને આયુર્વેદના ઉપનયનથકી વૈદ્ય દ્વિજ કહેવાય છે. ॥ ૩૪ ॥

**व्याधेस्तत्त्वपरिज्ञानं वेदनायाश्च निग्रहः ॥**
**एतद्वैद्यस्य वैद्यत्वं न वैद्यः प्रभुरायुषः ॥३५॥**

અર્થ—વ્યાધિનું મુળકારણ શું છે તે જાણવું ને તેથી થતી પીડાનો નિગ્રહ કરવો એટલુંજ વૈદ્યનું વૈદ્યપણું છે કઇ આયુષ્યનો ધણી વૈદ્ય નથી ॥ ૩૫ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**शास्त्रं गुरुमुखोद्गीर्णमादायोपास्य चासकृत् ॥**
**यः कर्म कुरुते वैद्यः स वैद्योऽन्ये तु तस्कराः॥३५**

અર્થઃ–જેણે ગુરૂના મુખથી શાસ્ત્ર શ્રવણ કરી અધ્યયન કરેલું હોય, વારંવાર ઉપાસના કરીને જેણે, હસ્તક્રિયા કરી હોય તેજ વૈદ્ય જાણવા. ને બીજા વૈદ્યનું કામ કરનારા તસ્કર એટલે ચોર અથવા ઠગારાની પેઠે જાણવા. ॥ ૩૬ ॥

**दृष्टकर्मा च शास्त्रज्ञः स वैद्यः सिद्धि भाजनम्।**
**एकांगहीनो न श्लाघ्यः पक्षहीन इव द्विजः॥३६**

અર્થઃ–જે શાસ્ત્ર પણ જાણે છે અને હસ્ત ક્રિયામાં પણ સારો છે તેનેજ કીર્તિ મળે છે. તેમાં જો એક અંગ ઓછો હોય તે વખાણવા યોગ્ય નથી. તે પાંખ વિનાના પંખીની પેઠે જાણવો. ॥ ૩૬ ॥

**एकशास्त्रमधीयानो न विद्याच्छास्त्रनिश्चयम्।**
**तस्माद्बहुश्रुतः शास्त्रं विजानीयाच्चिकित्सकः३७**

અર્થ—એક શાસ્ત્રનું અધ્યયન કરવાથી વૈદ્યશાસ્ત્રનો નિશ્ચય થતો નથી. માટે બહુ શાસ્ત્રોના અભ્યાસથી ચિકિત્સક થવાય છે. એમ જાણવું. ॥ ૩૭ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



रोगाणां तात्विकं ज्ञानं बहुशो दृष्टकर्मता ॥
दाक्ष्यं शौचमिति ज्ञेयं वैद्ये गुणचतुष्टयम्॥३९॥

અર્થઃ—રોગનાં લક્ષણનું સારૂં જ્ઞાન તથા ઔષધિનાં પરિણામનું પણ ઘણુંજ જ્ઞાન, ચિકિત્સા કરવામાં ચતુર અને શૌચવિશિષ્ટ, આ ચારે વૈદ્યના ગુણ જાણવા ॥૩૯॥

उत्सृजत्यात्मनात्मानं न वैद्यं परिशंकते ॥
तस्मात्पुत्रवदेनं च पालयेदातुरं भिषक् ॥४०॥

અર્થઃ—રોગ શરીરનો સંહારકર્તા છે, તે ઔષધ દ્વારા નિવારણ થવાને માટે રોગી પોતાનું શરીર વૈદ્યને સમર્પણ કરે છે, તેથી વૈદ્ય, રોગીના પિતાના જેવો થાય છે, તે કારણથી વૈદ્યે રોગીનું પોતાના પુત્રની પેઠે પાલન કરવું ॥ ૪૦ ॥

आयुर्वेदकृताभ्यासः सर्वेषां प्रियदर्शनः ॥
आयुःशीलगुणोपेत एष वैद्योऽभिधीयते॥४१॥

અર્થઃ—જે સમ્યક આયુર્વેદ શાસ્ત્રનો અભ્યાસ કરી નિપુણ થએલો હોય, જેનો ચેરો બધાયને પ્યારો લાગે એવો હોય, જે આયુ અને શીલગુંણોએ કરીને યુક્ત હોય તે માણસ વૈદ્ય થવાને યોગ્ય છે. ॥ ૪૧ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ॥ अथ कुवैद्यलक्षणम् ॥

औषधं मूढवैद्यानां त्यजंतु ज्वरपीडिताः ॥
परसंसर्गसंसक्तं कलत्रमिव साधवः ॥ ४२ ॥

અર્થઃ—જ્વરપીડિત માણસને મૂર્ખ વૈદ્યના હાથનું ઓસડ આપવું નહીં; જેમ પારકા પુરૂષને વિષે આસક્ત થએલી સ્રીનો ઉત્તમ પુરૂષ ત્યાગ કરે છે તેની પેઠે જાણવું. ॥ ૪૨ ॥

यस्तु कर्मसु निष्णातो धाष्टर्याच्छास्त्रबहिष्कृतः॥
स सत्सु पूजां नाप्नोति वधं चार्हति राजतः ४३

અર્થઃ—જે વૈદ્ય કર્મમાં નિષ્ણાત એટલે કેવલ હસ્ત ક્રિયા જાણનાર હોય, પરંતુ ધૃષ્ટ થઈને શાસ્રાભ્યાસ નથી કરતો તે વૈદ્ય શ્રેષ્ઠોની વચ્ચે પૂજ્યમાન થતો નથી; અને રાજાથી વધ પામવા યોગ્ય થાય છે ॥ ૪૩ ॥

कुचैलः कर्कशः स्तब्धः कुग्रामः स्वयमागतः ॥
पंच वैद्या न पूज्यंते धन्वंतरिसमा अपि ॥४४॥

અર્થ—મલિન વસ્ત્ર ધારણ કરનારો, અતિશય ક્રોધી, બુદ્ધિ રહિત, નીચગ્રામનિવાસી, વિના આવાહન

For Private And Personal Use Only

સ્વયમાગામી, એ પાંચ વૈદ્ય કદાચિત્ ધન્વંતરિસદૃશ હોય તો પણ પૂજ્ય થતા નથી ॥ ૪૪ ॥

**अधीयानोऽपि शास्त्राणि तंत्रायुक्तो विचक्षणः॥**
**नाधिगच्छति सर्वार्थानर्था भाग्यक्षये यथा ४५**

અર્થઃ-ચિકિત્સાશાસ્ત્રનું અધ્યયન કરીને જે તંત્ર શાસ્ત્ર શીખેલો નથી તે વૈદ્યને ચિકિત્સાના સર્વ અર્થની પ્રાપ્તિ થતી નથી; જેમ ભાગ્ય રહિત પુરૂષને ઉપાર્જિત ધન છતાં પ્રાપ્ત થતું નથી તેની પેઠે જાણવું ॥ ૪૫ ॥

**यस्तु केवलशास्त्रज्ञः कर्मस्वपरिनिष्ठितः॥ समु-**
**ह्यत्यातुरं प्राप्य प्राप्य भीरुरिवाहवम् ॥ ४६ ॥**

અર્થઃ—જે વૈદ્ય કેવળ શાસ્ત્ર જાણનાર હોય એટલે વૈદ્યશાસ્ત્રનો જાણનાર હોય, પરંતુ કર્મમાં નિપુણ ન હોય એટલે હસ્તક્રિયામાં અજાણ હોય તે વૈદ્ય જેમ કોઇ કાયર માણસ સંગ્રામમાં જઈને મોહને પામે છે તેની પેઠે તે ચિકિત્સા કરવાના સમયમાં મુંઝાઈ જાય છે ॥ ૪૬ ॥

**आयुर्वेदं चिकित्सां च ज्योतिषं धर्मनिर्णयम् ॥**
**विना शास्त्रेण यो ब्रूयात्तमाहुर्ब्रह्मघातकम ४७**

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અર્થઃ—આયુર્વેદ, ચિકિત્સાશાસ્ત્ર, જ્યોતિષ તથા ધર્મશાસ્ત્ર આ સર્વ શાસ્ત્રો જે જ્ઞાન વિના કહે છે તેને બ્રહ્મઘાતી કહીયે ॥ ૪૭ ॥

॥अथ द्रव्यलक्षणम् ॥

**बहुकल्पं बहुगुणं संपन्नं योग्यमौषधम् ॥**

અર્થઃ—જેના કલ્પ (રસ ચૂર્ણ ઇ૦) ઘણા છે, જેમા ગુણ (ગુરૂમંદ ઇ૦) પણ અનેક છે, જે રસાદિ કરીને સંપન્ન છે અને જે રોગીને તથા દેશકાલને પણ ઉચિત છે, તે દ્રવ્યને ઔષધ કેહવું ॥

॥ अथ परिचारकलक्षणम् ॥

**अनुरक्तः शुचिर्दक्षो बुद्धिमान् परिचारकः॥४८॥**

અર્થઃ-અનુરક્ત ( જે રોગીને વિષે પ્રીતિ કરે, ) શુચિ (પવિત્ર) દક્ષ (કષાયાદિ કાર્યો કરવામાં જે નિપુણ) અને બુદ્ધિમાન્ (રોગીની પ્રકૃતીમાં કેવો ફરક પડે છે તે તરત જાણે) એવો જે હોય તેનેજ પરિચારક કેહવો ॥૪૮॥

॥ अथ रोगिलक्षणम् ॥

**आढ्यो रोगी भिषग्वश्यो ज्ञापकः सत्त्ववानपि ॥ ४९ ॥**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અર્થઃ—દ્રવ્યવાન્, વૈદ્યના આધીન થએલો, ઉદર પીડાદિક જે થાય છે તેને કહેનારો, અને ધીર એવાં લક્ષણો કરીને જે યુકત છે તેને રોગી કહેવું. ॥ ૪૯ ॥

इति श्रीकालज्ञाने कालप्रशंसावैद्यादिलक्षण-कथनं नाम प्रथमः समुद्देशः ॥ १ ॥

॥ अथ रोगाणां साध्यलक्षणानि ॥

निद्रा सुखं भवेद्यस्य, शरीरं सोद्यमं तथा ॥
इंद्रियाणि प्रसन्नानि, स रोगी न विनश्यति॥१॥

અર્થઃ—જે રોગીને ઊંઘ સારી આવતી હોય, તરસ લાગતી હોય, શરીરની ઉઠવાની બેસવાની ઈત્યાદિ ક્રિયા યત્નવિના થાય, ઇંદ્રિયો અવિકલ પણે રહેતી હોય, તે રોગી તે રોગમાં નાશ પામતો નથી ॥ ૧ ॥

चैतन्यं सकलं यस्य गंधस्वादं स्फुटं भवेत् ॥
कालगृहीतकंठोऽपि स जीवेन्नात्र संशयः ॥२॥

અર્થઃ—રોગીને આખા શરીરમાં ચેતનપણું વર્ત્તતું હોય, ગંધ અને સ્વાદ જેને સારી રીતે જણાતાં હોય, તેના ગળાની ઉપર કાલ આવી બેઠો હોય તો પણ તે જીવશેજ પણ તે રોગમાં મરશે નહીં એવું સંશયરહિત જાણવું ॥૨॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**स्वदहीनो ज्वरो यस्य, नासा श्वासः प्रवर्त्तते॥
कंठोऽपि कफहीनस्तु, स रोगी जीवति
ध्रुवम् ॥ ३ ॥**

**અર્થઃ**—જેનો તાવ આવતો હોય પણ પશીનો થતો ન હોય, ને સાસઉશાસ નાકે કરી લેતો હોય; ગળામાં ખાંસી વગેરે કફનો ઉપદ્રવ ન હોય, તે રોગી જીવે પણ તે રોગમાં મરે નહીં એમ જાણવું ॥ ૩ ॥

**सौम्या दृष्टिर्भवेद्यस्य, श्रोता वक्ता तथैव च ॥
गुदस्पंदो भवेद्यस्य, सोपि साध्यो न संशयः ४**

**અર્થઃ**—જે રોગીની આંખ સૌમ્ય છતાં સારી રીતે શબ્દો બોલતો ને સાંભળતો હોય, અને ગુદદ્વારનું સ્ફુરણ થાય તો તે રોગીનો રોગ સાધ્ય છે એમ જાણવું ॥ ૪ ॥

**चिकित्सितशरीरस्य निष्कृतिं न करोति यः ॥
स यत्करोति सुकृतं तत्फलं भिषगश्नुते ॥५॥**

**અર્થઃ**—જે માણસ ચિકિત્સિત શરીરની નિષ્કૃતિ નથી કરતા, એટલે વૈદ્યને યથાશક્તિ દ્રવ્ય આપતા નથી તેઓના સુકૃત કર્મનું ફલ વૈદ્યને પ્રાપ્ત થાય છે, એમ જાણવું યોગ્ય છે. ॥ ૫ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ॥ अथारिष्टसूचकानि लक्षणानि ॥

(अल्पावशिष्टायुषि बुधेनापि प्रयुक्ता चिकित्सा विफला संजायतेऽतोत्रमरणसूचकान्यरिष्टानि कथ्यन्ते, येन तावद्रोगिणामायुर्ज्ञायेत । )

અર્થ—રોગિનું જીવિત જો થોડું રહ્યું હોય તો સારા વૈદ્યે પણ આપેલું ઓસડ વિફળ થાય છે. એ માટે આંહી રોગીના મરણ સૂચક એવા અરિષ્ટ (કુલક્ષણ) કહેવામાં આવે છે.

सूर्योदये शिवा यस्य क्रोशन्त्यायाति संमुखम् ॥
विपरीतं पुरीषं वा सद्यो मृत्युं स गच्छति॥१॥

અર્થઃ–સૂર્યના ઉદય સમયે શીયાલ ઓરડતો સામો આવે અથવા જો અતિશય વિષ્ઠા નીકળી જાય તો તેનો જ લદી મૃત્યુ થાય ॥ ૧ ॥

यो गौरवर्णोऽप्युपयाति कार्ष्ण्यं
कृष्णोऽतिगौरत्वमुपैति यश्च ॥
सोऽयं मृतिं याति नरः प्रकृत्याः
शीघ्रं विकृत्या नहि संशयोऽत्र ॥ २ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અર્થઃ—જે માણસ ગોરા રંગવાળો છતાં તેનું શરીર શ્યામ પડી જાય, અને જેના દેહનો રંગ કાળો હોય તેમ છતાં ગોરા જેવો થઈ જાય, એમ જણાય તો શરિરની પ્રકૃતિના ફેરફારથી માણસ મરણને પ્રાપ્ત થાય છે, એમાં વાર લાગતી નથી. જલદીજ વિકૃતિથી નાશને પામે છે ॥ ૨ ॥

**जानाति यो नैव रसं च गंधं स वै मृतिं गच्छति शीघ्रमेव ॥ छायां स्वकीयां धरणीं प्रपन्नां पश्येत्तथा यश्च विनैव मूर्ध्ना ॥ ३ ॥**

અર્થઃ—જે રોગી માણસ સારો ગંધ, શ્રેષ્ઠ રસ, અને હરેક પ્રકારનો સ્વાદ જાણી શકે નહી તે પણ તરતજ મરણ પામે, અને જે પોતાના શરીરની છાયા પૃથ્વી ઉપર પડી છતાં તેમાં માથાવિના ધડ દેખે તો તે પણ તરતજ મરે એમ જાણવું. ॥ ૩ ॥

**॥ एक मुहूर्तान्ते मरण सूचकं लक्षणम् ॥**

**शक्त्या वा नरयानस्थो यो गंतुं दक्षिणां दिशं॥ स्वप्ने प्रयाति तस्य स्यान्मुहूर्तांते मृतिर्ध्रुवम् ॥ ४ ॥**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અર્થઃ—પગથી અથવા પાલખીમાં બેશીને દક્ષિણ દિશા વિષે જાય; એવું જો સ્વપ્નમાં દીઠામાં આવે તો એક મુહૂર્ત્તમાં મરણ પામે એમાં સંશય નહીં ॥ ૪ ॥

॥ एकयामान्ते मरणसू० ॥

एको वागच्छते दूतो ब्रवीति च पुनः पुनः ॥
लिखितं मरणं तस्य यामैकेन च निश्चितम्॥५॥

અર્થઃ-જો દૂત એકલો જઇને વૈદ્યની સામે વારંવાર કાંઇ-પણ બોલ્યા કરે તો જાણવું કે રોગી એક પહોરમા મરણ પામશે ॥ ૫ ॥

॥ दशयामान्ते मरणसू० ॥

निरीक्ष्या दक्षिणे हस्ते नाडी तत्र न दृश्यते ॥
सर्वदेहे चातिशीतं दशयामं न जीवति ॥६॥

અર્થઃ—જમણા હાથની નાડી જોવી તે નાડ જો દેખાય નહીં, અને સર્વ શરીર શીતલ થઈ જાય તો તે રોગી દશ પહોરમાં મરણ થાય એમ જાણવું ॥ ૬ ॥

॥ एकदिनान्ते मरण० ॥

एकं चक्षुरचैतन्यं विभ्रमः स्फुरणं न च ॥
दिनैकेन विजानीयात्तस्य मृत्युर्न संशयः ॥७॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અર્થઃ—જેની એક આંખ ચેતનાથી રહિત થઈ હોય, ધુંમતી નહીં હોય તથા સ્ફુરતી ન હોય તે માણસ એક દિવસમાં મરણને પામે છે એમ નિશ્ચયે કરી જાણવું ૭

नग्नं क्षपणकं स्वप्ने वीक्षते यो महाबलम् ॥
एकं द्वे वाह्नी तस्य विद्यादायुर्न संशयः ॥८॥

અર્થઃ—નાગો, સંન્યાસી, તથા મહાબલવાન્ પુરૂષ સ્વપ્નમાં જોવાથી એક અથવા બે દિવસોમાં મૃત્યુ થાય એમ જાણવું. ॥ ૮ ॥

॥ अथ द्विदिवसमध्ये मृत्युसू० ॥

नासापुटद्वयं हित्वा वायुरुष्णो मुखाद्वहेत् ॥
नश्येद्दिनद्वयादर्वाग् जीवितं तस्य निश्चितम् ९

અથઃ—નાકના બંને પડોને મૂકીને ઉષ્ણસહિત વાયુ જો મુખમાંથી વહેવા લાગે તો બે દિવસમાં પ્રાણ જાય ૯

॥ अथ त्रिंदिनान्ते म० ॥

अलक्तरसमादाय दद्याच्च पाणिपादयोः ॥
न लौहित्यं तेन चेत्स्यात् तदा मृत्युर्दिनत्रये १०

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અર્થ:-અળતાનું પાણી હાથ ઉપર તથા પગ ઉપર લગાડવું તેનો જો રંગ લાગે નહી તો, ત્રણ દિવસમાં મરણ જાણવું ॥ ૧૦ ॥

**स्रवत्यास्याद्यस्य रक्तं शिरोर्तिर्यस्य दृश्यते ॥**
**दारुणोपद्रवः श्वासो न जीवति दिनत्रयम् ११**

અર્થ:—જેના મોઢામાંથી લોહી પડે છે, જેના માથામાં મહા દુઃખ થાય; શરીરમાં અંગેઅંગ અતિ ઉપદ્રવ થાય, શ્વાસઉશ્વાસ થઈ આવે, તે માણસ ત્રણ દિવસમાં મરે; જીવે નહીં ॥ ૧૧ ॥

**ललाटे यस्य तिलकं याममध्ये न शुष्यति ॥**
**दिनत्रयेण तस्यायुः क्षीयते नात्र संशयः १२**

અર્થ:—જે માણસે કપાળ ઉપર તિલક કીધો હોય તો એક પહોર સુધી જો સુકાયનહીં તો તેનું આયુષ્ય ત્રણ દિવસનું જાણવું; એટલે તે નિશ્ચયે મરે એમાં સંશય જાણવો નહીં ॥ ૧૨ ॥

**हुकारः शीतलो यस्य सकारो वह्निसन्निभः ॥**
**महादाहो भवेद्यस्य, न जीवति दिनत्रयम् १३**

અર્થ:—રોગી જયારે પેટમાંથી શ્વાસ બાહાર કહાડે ત્યારે ગરમ હોય, ને જયારે અંદર શ્વાસ લિયે ત્યારે ટાઢો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હોય, ને જેના શરીરમાં ઘણો દાહ થતો હોય તે માણસ ત્રણ દિવસ જીવે નહીં ॥ ૧૩ ॥

**नरनासापुटयुगे दशाहानि निरंतरम् ॥**
**वायुश्चेत्सहसा वाति स जीवेद्दिवसत्रयम् १४**

અર્થઃ—જે માણસના નાકના બંને પડોમાં દસ દિવસ સુધી નિરંતર વાયુ અતિ વેગથી વહેતો રહે તો તે શરીરનું ત્રણ દિવસમાં મોત જાણવું ॥ ૧૪ ॥

**एकं चक्षुर्यदारौद्रमुन्मीलति निमीलति ॥**
**त्रिभिर्दिनैर्विजानीयात् स याति यममंदिरम् १५**

અર્થઃ—જેની એક આંખ ભયાનક રીતે ઉઘડે ને મીંચાય તે માણુસ ત્રણ દહાડામાં યમરાજાના ઘેર જશે એમ નિશ્ચયે જાણવું ॥ ૧૫ ॥

**नीला पीता तथा रक्ता त्रिरेषा यस्य मस्तके ॥**
**प्रयाति याति तस्यायुः षण्मास वा दिनत्रयम् १६**

અર્થઃ—નીલી, પીળી તથા રાતી એ ત્રણ રેખા માથાની ઉપર જે જુએ તેનું આયુષ્ય છ મહીનાનું વા ત્રણ દિવસનું જાણવું ॥ ૧૬ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



नव भ्रूः सप्त घोषश्च, पंचरात्रेण नासिका ॥
जिह्वा चैकदिनं प्रोक्तमेतत्कालस्य लक्षणम् १७

અર્થઃ—પોતાના ભવાં ન દેખે તો નવ દિવસમાં મરે; કર્ણ શબ્દ નહીં સાંભળે તો સાત દિવસમાં મરે; નાક ન દેખી શકે તો પાંચ રાતમાં મરે; અને જીભની અણી ન દેખે તો એક દિનમાં મરણને પામે. એવી રીતે કાલનું લક્ષણ કહેલું છે. ॥ ૧૭ ॥

॥ सप्ताहान्ते म० ॥

दंतसंध्यंतरे यस्य न विशत्यंगुलीत्रयम् ॥
अंगे धनुर्भवेद्यस्य, सप्ताहान् म्रियते ध्रुवम् १८

અર્થઃ—દાંતની પંકિત સખ્ત થઈ જાય, તેમાં ત્રણ આંગળીઓ આવે નહીં; અને જેને ધનુર્વાયુની પેઠે શરીર તણાતું હોય, તો નિશ્ચયે કરી સાત દિવસમાં મરણ પામે. ॥ ૧૮ ॥

॥ पंचरात्रमध्ये म० ॥

उदरे शमितो वह्निराननने चाग्निरुद्यते ॥
सारणात्संचितो नित्यं, पंचरात्रं स जीवति १९

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અર્થઃ—પેટમાં અગ્નિ મંદ પડી જાય એટલે ભૂખ લાગે નહીં, મુખની ઊપર અગ્નિ ઉદ્યોત થએલી દેખાય એટલે મોઢું લાલ થઇ આવે; અતિસાર વગડો ઘણો અશુદ્ધમાં હોય, તે માણસ પાંચ રાત્ર સુધી જીવે. ॥ ૧૯ ॥

॥ पंचदिनमध्ये मरण० ॥

पांडुस्त्वक् पांडुरे नेत्रे, मूत्रं च पांडुरं तथा ॥
पांडुरा मुखदंताश्च मृत्युः पंचदिने भवेत्॥ २०॥

અર્થઃ—જે રોગી માણસની ચામડી પીળી પળી જાય; નેત્રોમાં પીળાશ થઇ આવે, મૂતર પીળું થાય, મોઢું પીળાશ ફીકું પડી જાય, તથા દાંતો પણ પીળા થઈ જાય તો પાંચ દિવસમાં તે મરણ પામે. ॥ ૨૦ ॥

नरो यो वानरारूढः प्रयाति पश्चिमां दिशम् ॥
स्वप्ने सोऽन्हां पंचकेन पश्येत्संयमनीं पुरीम् २१

અર્થઃ—જે માણસ સ્વપ્નમાં વાંદરાની ઉપર ચડીને પશ્ચિમ દિશા તરફ ગમન કરે છે તે માણસ પાંચ દિવસમાં જમના આલયને વિષે જાય છે. ॥ ૨૧ ॥

यो न पश्येन्निजच्छायां दक्षिणाशासमाश्रितां॥
दिनानि पंच जीवित्वा, पंचत्वं च प्रयाति सः ॥ २२ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અર્થઃ—જે પુરૂષ પોતાની છાયા નહી દેખે, કિંવા દક્ષિણ દિશા તરફ નમતી દેખે, તે માણસનું પાંચ દિવસમાં મરણ જાણવું. ॥ ૨૨ ॥

**नरो यो वानरारूढो, यायात्प्राचीं दिशं स्वयम् ॥**
**दिनैः स पंचभिश्चैव, पश्येत्संयमनीं पुरीम् २३**

અર્થઃ—જે માણસ વાંદરાની ઉપર ચડીને ઉગમણી દિશા તરફ જાય છે એવું જો રોગી સ્વપ્નમાં દેખે તો તે પાંચ દિવસમાં મરે. ને તે માણસ યમની પુરીમાં જઇ પહોચે ॥ ૨૩ ॥

**॥ एकादशादिने मृत्युसू चकलक्षणम् ॥ ॥**

**केशांगारांस्तथा भस्म शुष्कतोयां तथा नदीम्।**
**दृष्ट्वा स्वप्ने दशाहे वा मर्तैकादशकेदि ने ॥२४॥**

અર્થઃ—વાળ, અંગાર, ભસ્મ તથા સુકાએલી નદી સ્વપ્નમાં જોવામાં આવે તો દશ દિવસ વીત્યા પછી અગ્યારમેં દહાડે મૃત્યુ થાય છે ॥ ૨૪ ॥

**॥ पक्षान्ते म० ॥**

**रात्रौ दाहो भवेद्यस्य, दिवा शीतं च जायते ॥**
**कफपूरितकंठश्च, पक्षमध्ये विनश्यति ॥२५॥**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અર્થઃ—રાતના જેનું શરીર ઉનું થતું હોય, અને દિવશના ટાઢું થતું હોય, કફ વડે ગળું ભરાઈ ગએલું હોય તે રોગી એક પખવાડીઆમાં વિનાશને પામે છે ૨૫

**संपूर्णो वहते सूर्यः, सोमश्चैव न दृश्यते ॥**
**पक्षेण जायते मृत्युः कालज्ञानेन भाषितम् २६**

અર્થ—જે પુરૂષ અથવા સ્ત્રીની સૂર્યની નાડી પરિપૂર્ણ ચાલતી હોય, ને ચંદ્રની નાડી ચાલતી દીઠામાં આવતી નહીં હોય, તો જાણવું કે તે માણસનું મૃત્યુ એક પખવાડીઆમાં થશે, એવું કાલજ્ઞાને કરીને ભાખેલું છે. ॥ ૨૬ ॥

**तेजे जले दर्पणके घृते च**
**निरीक्षितव्यं प्रतिबिंबमात्मनः ॥**
**न चेक्षते यो यमलोकमाशु**
**स चैव गच्छेत्खलुपक्षकेण ॥ २७ ॥**

અર્થઃ—જે માણસ પાણીમાં, આરીસામાં ને ઘીમાં પોતાના શરીરની છાયા જુએ પણ પોતાનું પ્રતિબિંબ મસ્તક સહિત દેખે નહીં તો એક પખવાડીઆમાં તે તરત યમલોકમાં જાય છે. ॥ ૨૭ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**सुस्नातस्यापि हृदयं, तत्कालं परिशुष्यति ॥**
**चरणौ च करौ वापि, मृत्युः पक्षे त्रिमासिके २८**

અર્થઃ—સારી રીતે સ્નાન કર્યા છતાં પહેલાં છાતી, હાથ અને પગ જલદી સુકાય તો પંદર દિવસમાં અથવા ત્રણ મહીનામાં મૃત્યુ થાય ॥ ૨૮ ॥

**यस्य वस्त्रे स्वरे गंधो वाग्गात्राननयोरपि ॥**
**तस्यार्द्धमासिकं ज्ञेयं योगिनां देवि जीवनम् २९**

અર્થઃ—હે દેવિ, જેઓનાં વસ્ત્રોમાં, કંઠસ્વરમાં, ગાત્રમાં, તથા મુખાદિકમાં ગંધ હોય તેનું શરીર યોગીનું છતાં પણ અરધો મહીનો જીવતું રહીને પછી મરણ પામશે.૨૯

## ॥ एकमासिकमृत्युलक्षणम् ॥

**ईशन्यां तैलबिंदूनां प्रसरो यदि जायते ॥ मा**
**सेनैकन गच्छेत्स यमराजस्य मन्दिरम् ॥३०॥**

અર્થઃ—મૂત્રમાં તેલનું ટીપું નાખવાથી જો ઈશાન દિશાની તરફ પસરી જાય તો તે પુરૂષ એક મહીનો જીવે, પછી યમરાજાના ઘેર પોહોચે ॥ ૩૦ ॥

**श्रीप्रतापविनिर्मुक्तो नित्यं सक्रोधभाषणः॥एक-**
**मासं स जीवित्वा पश्चाद्गच्छेद्यमालयम्॥३१॥**



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અર્થ:—શ્રી એટલે શરીરની શોભા, એટલે શરીરની કલા, અને પ્રતાપથી રહિત થએલો હોય, નિરંતર ક્રોધનું ભાષણ કરતો હોય, તે એક મહિનો સુધી જીવે છે ને પછી યમને ઘેર જાય છે. ॥ ૩૧ ॥

कालीं कुमारीं यः स्वप्ने बध्नीयाद् बाहुपाशकः
स मासेन समीक्षेत नगरीं शमनोषिताम् ३२

અર્થ:—કાલા રંગની કુમારી કન્યા હોય, અથવા કાલાં વસ્ત્ર પહેરેલી હોય, તેવી સ્ત્રીની સાથે બાથ ભીંડે, એવું સ્વપ્ન જો રોગી દેખે તો તે એક માસમાં યમની નગરીમાં પહોચે ॥ ૩૨ ॥

नासिका वक्रतामेति कर्णयोरपि चोन्नतिः ॥
नेत्रे बाष्पाकुले स्यातां तयोरेव समुन्नतिः ३३

અર્થ—નાક વાંકું થઈ જાય, કાન ઉંચાં થઈ જાય, આંખોમાંથી આસું પડે, તથા આંખો ઉપાડી આવે ૩૩

आरक्त्यमेति वक्त्रं च जिव्हा ह्रस्वायते यदा॥
तदा प्राज्ञो विजानीयान् मृत्युं मासिकमा-
गतम् ॥ ३४ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અર્થ—મોઢાનો રાતો રંગ થાય, જીભ જીણી થઈ જાય એવાં બધાં ચિન્હો જેને થાય તેનો મૃત્યુ એક મહિનામાં થાય છે. એમ નિશ્ચયથી જાણી લેવું ॥ ૩૪ ॥

**करावरूद्धश्रवणो ना शृणोति न च ध्वनिम् ॥ स्थूलं कृशं कृशं स्थूलं तदा मासान्मृतिर्भवेत् ॥ ३५ ॥**

અર્થઃ—જે અંતર્ધ્વનિ કાન હાથેથી ઢાંકયા તો સંભળાતો નથી; જાડું અંગ હોય તે ઝીણું દેખાય ને ઝીણું હોય તે જાડું દીઠામાં આવે ત્યારે એક મહીનામાં તે માણસનું મરણ થાય છે ॥ ૩૫ ॥

**स्वरहीनो गुदभ्रष्टः कासश्वाससमाकुलः ॥ हिक्की शोफी चातिशूली, मासेन म्रियते ध्रुवम् ३६**

અર્થ—જે રોગીનો અવાજ બેશી ગયો હોય, ઉદ્રશ થઇ હોય, ઉપર સાસો થતો હોય, હેડકી થઇ હોય, હાંફણુ થઇ હોય અને પેટમાં અતિશય શૂલ થતું હોય તો તે એક મહિનામાં મરણ પામે છે ॥ ૩૬ ॥

**घृते तैले दर्पणे च तोये वा वानरीं तनुम् ॥ यः पश्येदशिरःस्कंधां मासादूर्ध्वं न जीवति ३७**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અર્થ:—ઘીમાં, તેલમાં, દર્પણમાં, પાણીમાં વાંદરી ના શરીરનું દર્શન થાય અથવા માથા વિનાનું ધડ જે જુએ તો એક મહીનાની ઉપર તે માણસ જીવતો રહેતો નથી. એમ નકી જાણવું ॥ ૩૭ ॥

**अशक्तः पांडुवर्णश्च बहुनिश्वाससंयुतः ॥ शुक्रं च नित्यं पतति मासमेकं स जीवति ॥ ३८ ॥**

અર્થ:—રોગીનું શરીર શક્તિથી રહિત થઈ જાય, એટલે પરાક્રમ જેમાં ન રહે; શરીરનો રંગ પીળો થઈ જાય; હાલતાં ચાલતાં શ્વાસ ચડી આવે; વીર્ય નિત્ય પિશાબમાં જતું રહે; તે માણસ એક મહીના સુધી જીવે છે. ॥૩૮॥

## ॥ सार्द्धमासिकमृत्युलक्षणम् ॥

**द्व्यहोरात्रं त्र्यहोरात्रं वायुर्वहति संततः ॥ सार्द्धैकमासात्तस्यापि जीवितं किल हीयते ॥३९॥**

અર્થ:—માણસના સંબંધમાં જેના નાકા પોપડા દ્વારા બે અથવા ત્રણ રાત્રદિવસ પર્યંત જો વાયુ નિરંતર પ્રબલ રૂપે ચલાયમાન હોય તો તે માણસનું દોઢ મહીના માં અર્થાત્ પિસ્તાલીશ દિવસમાં મરણ થાય છે, એમાં સંશય નથી ॥ ૩૯ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ॥ त्रैमासिकमरण० ॥

लोहदंडधरं कृष्णं, पुरुषं कृष्णवाससम् ॥ स्वपन् योऽग्रे स्थितं पश्येत्, स त्रिमासान्न लंघयत् ॥ ४० ॥

અર્થઃ—લોહનો દંડ હાથમાં ધરેલો હોય, કાલો પુરૂષ હોય, કાલાં વસ્ત્ર પહેરેલાં હોય, એવો પુરૂષ જો રોગી પોતાની પાસે ઉભેલો સ્વપ્નમાં જુએ તો તે ત્રણ મહીનામાં મરણને પામે ॥ ૪૦ ॥

यः कर्णघोषं न शृणोति किंचित् दीसेऽपि धौमं पटलं हि पश्येत् ॥ यो वैपरीत्याद्विशृणोति शब्दं मासत्रयं प्राप्य जहाति देहम् ॥ ४१ ॥

અર્થઃ—જે પુરૂષ કાને કરી કાંઇ પણ કર્ણશબ્દ સાંભળે નહીં; દીવાની પેઠે પ્રગટ પદાર્થ છતાં જેમ આડા પડળ આવી ગએલાં હોય તેમ ઝાંખું દેખે, કોઇ માણસ કાંઈ બોલે ને રોગી સમજે જુદું જ, તે માણસનો જીવ ત્રણ મહીનામાં જતો રહે ॥ ૪૧ ॥

प्रत्यूषस्यपि यस्याशु हृदयं परिशुष्यति॥ चरणौ च करौ वापि त्रिमासं तस्य जीवनम् ॥ ४२ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અર્થઃ—પ્રભાતના સમયે જેનુ હૃદય, ચરણ તથા હાથ સુકાઈ જાય છે, તે માણસ ત્રણ મહીના સુધી જીવે છે એમ નક્કી જાણવું ॥ ૪૨ ॥

**अनिद्रो विद्युतं दृष्ट्वा दक्षिणां दिशमास्थिताम् ॥**
**तथैकं च धनुर्व्यापि जीवितं च त्रिमासिकम् ४३**

અર્થઃ—અનિદ્રામાં વીજલી દીઠામાં આવે, તે જો દક્ષિણ અંશની તરફ જોવામાં આવે તથા તત્કાળ ધનુષનાં દર્શન કરવા થકી ત્રણ મહીના જીવતો રહીને પછી મરણ ને પામે છે ॥ ૪૩ ॥

**वर्णहीनो निकामं च स्वादहीनस्तथैव च ॥**
**मासत्रये गते नूनं, स गच्छेद्यमशासनम् ४४**

અર્થઃ—(માણસના) શરીરનો રંગ અતિશય પલટી જાય, તેમજ સારો નરસો સ્વાદ જાણે નહીં, એવો રોગી ત્રણ મહીના વીત્યા પછી યમની નગરીમાં જાય ॥ ૪૪ ॥

**॥ पंचमासावधिजीवितलक्षणम् ॥**

**काकविट्सदृशो यस्य पांशुवर्षासमोमलः ॥**
**स्वच्छ:यामन्यथा पश्येत् पंच मासान् स जीवति ॥ ४५ ॥**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અર્થઃ—કાગડાની વિષ્ઠાની પેઠે જે દિશાએ જાય છે, ધુલની વર્ષાદ થાય તેની પેઠે જે મલત્યાગ કરે છે તથા પોતાના શરીરની છાયા અન્યથા ( બીજી રીતે ) જુએ તે પાંચ મહીનાથી વધારે જીવતો રહેતો નથી ॥૪૫॥

॥ षाण्मासिकादिमृत्युलक्षणम् ॥

**लक्ष्यं लक्ष्म चिकित्सकेन मनसा शुद्धस्य भानोश्च तत् , क्षीणं दक्षिणपश्चिमादिषु तदा षट्त्रिद्विमासैककम् ॥ छिद्रं मध्यगतं दिनार्द्धमपि चेदायुःप्रमाणं ध्रुवं सर्वज्ञैः परिभाषितं स्फुटतरं दृष्टो महान्प्रत्ययः ॥ ४६ ॥**

અર્થઃ—જે માણસોને શુદ્ધ સૂર્યનું મંડળ દક્ષિણ, પશ્ચિમ, ઉત્તર તથા પૂર્વ ભાગમાં ક્ષીણ તથા મધ્યગત છિદ્ર જોવામાં આવે છે; તે માણસનું ક્રમેકરી ૭ મહીનામાં ત્રણ માસમાં બે મહીનામાં; એક મહીનામાં તથા અર્ધા દિવસમાં આયુ ક્ષીણ થાય એવું પ્રમાણ કહેલું છે. એવી રીતે ચિકિત્સકો દ્વારાએ સ્પષ્ટ જાણવામાં આવે છે. તેજ જ્ઞાનીઓએ તથા યોગીઓએ પણ કહેલું છે ॥ ૪૬ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ॥ षाण्मासिकमृत्युलक्षणम् ॥

प्रतापेन विनिर्मुक्तः क्रुद्धभाषी निरुद्यमः ॥
षण्मासेन न संदेहः स गच्छेद्यमशासनम् ४७

અર્થઃ—જે માણસ પ્રતાપહીન થઇ જાય, ક્રોધથી જે બોલે, જેની ઉદ્યમની હાની થઈ જાય, તે માણસ ૭ મહીનામાં મૃત્યુને પામે છે ॥ ૪૭ ॥

शमनं तत्सुतं वापि यः पश्येत्स्वप्नगोचरे ॥
हतानि शुष्ककाष्ठानि षष्ठे मासि न तिष्ठति ४८

અર્થઃ—યમ અથવા યમપુત્રનું સાક્ષાત્ દર્શન અને કાપેલાં તથા સુકાયલાં લાકડાં સ્વપ્નમાં દેખાય તો ૭ મહીનામાં તે નાશને પામે છે ॥ ૪૮ ॥

निजं च प्रतिबिंबं हि नीरदांबुषु दर्पणे ॥ उत्त-
मांगं यो न पश्येत् षण्मासैश्च विनश्यति॥४९॥

અર્થઃ—પોતાના મુખનું પ્રતિબિંબ વર્ષાના પાણીમાં અથવા આરીસામાં ન દેખાય તથા પોતાનું માથું પણ તેમાં દેખાય નહીં તો તે માણસ ૭ મહીનામાં નાશને પામે છે ॥ ૪૯ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**सदा चोदरपूर्णस्य वारीच्छा चेद् दिवानिशाम् ॥**
**असंशयं चतुःपंचऽषण्मासान् वा स जीवति ५०**

અર્થઃ—સદા સર્વદા પેટ ભરેલુંજ જણાય ને પાણી પીવાની ઈચ્છા હમેશ થયા કરે તેનું શરીર ચોથે પાંચમે અથવા છઠે મહીને કાલધર્મ પામે ॥ ૫૦ ॥

**वेत्ति नीलादिवर्णस्य कट्वम्ललवणस्य च ॥ अ-**
**कस्मादन्यथाभावं षण्मासेन हि मृत्युभाक् ५१**

અર્થઃ—જે માણસ પોતાનું શરીર તથા બીજું બધું વિપરીત રંગનું જુએ, મીઠાને કડવું તથા ખાટું જાણે, અને અકસ્માત્ જેનો અન્યથાભાવ થઈ જાય તે છ મહિનામાં મૃત્યુનો પાત્ર થાય છે ॥ ૫૧ ॥

**इंद्रनीलनिभव्योम्नि नागवृंदं यदीक्षते ॥ इत-**
**स्ततश्च प्रसरत् षण्मासान् स तु जीवति ॥५२॥**

અર્થઃ—જે માણસ આકાશને વિષે નીલી આભાસહિત છતાં અહીં તહીં વિસ્તરેલા સર્પના અથવા હાથીના સમૂહને જુએ તે માણસ છ મહીના સુધી જીવે છે ॥૫૨॥

**स्वपादे स्वतनौ वापि, यः पश्येत्स्वमगो नरः॥**
**तृणानि शुष्ककाष्ठानि, षष्ठे मासे न तिष्ठति५३**

For Private And Personal Use Only

અર્થઃ—પોતાના પગ અથવા શરીરની ઉપર શ્વાસ તથા સુકાં લાંકડાં દેખે, એવાં સ્વપ્નાં આવે તો ૭ મ હિનામાં મરે. ॥૫૩॥

छाया प्रकंपते यस्य, देहबंधेऽपि निश्चले ॥
कृतांतदूता बध्नंति, चतुर्थे मासि तं नरम्॥५४॥

અર્થઃ—પોતાના શરીરની છાયા પોતાનો દેહ નિશ્ચલ છતે થકે કંપાયમાન થઈ જાય તો તે માણસનું આયુષ્ય ચોથે મહીને પુરૂં થઇ જાય છે ને તેને કાલના દૂત બાંધી લઇ જાય છે એમ જાણવું ॥ ૫૪ ॥

रात्रौ चंद्रद्वयं वापि, दिवा द्वौ च दिवाकरौ ॥
वितारकं व्योम दृष्ट्वा, षण्मासे म्रियते नरः५५

અર્થઃ—જે માણસ રાતના બે ચંદ્ર દેખે, દિવસના બે સૂર્યો દેખે અને જેને તારા વિનાનું આકાશ દેખાય તે નર ૭ મહીનામાં મરણ પામે ॥ ૫૫ ॥

पांशुराशिं च वल्मीकं, लोहदंडमथापि वा ॥
योऽधिरोहति वै स्वप्ने, षण्मासान् स तु जीवति ॥५६ ॥

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અર્થઃ—ધુળનો ઢગલો, રાફડો, તથા લોહદંડ એટલે લોહનો દંડ સ્વપ્નમાં દેખે અથવા એટલાની ઉપર બેસે તો રોગીનું છ મહીનામાં મોત થાય ॥ ૫૬ ॥

**वृक्षस्य मूलशाखायां, स्फुलिंगा वह्निसंनिभाः॥**
**षट्सु मासेषु यातेषु मानवो म्रियते ध्रुवम्॥५७**

અર્થઃ—સ્વપ્નને વિષે વૃક્ષના મૂલમાં અને શાખાને વિષે અગ્નિના ગારા જેવું જોવામાં આવે તો તે માણસ છ મહીનામાં મરી જાય ॥ ૫૭ ॥

**लक्ष्यं लक्षणलक्षितेन पयसा भानुप्रभामंडले, हीनो दक्षिणपश्चिमोत्तरपरं षट्त्रिद्विमासैक-कम्॥ मध्ये छिद्रयुतं भवेद्दशदिनं धूम्राकुलै-स्तद्दिनं, सर्वज्ञैः परिभाषितं स्फुटतरं आयुः-प्रमाणं ध्रुवम् ॥ ५९ ॥**

અર્થઃ—મધ્યાન્હે પાણીનો થાળ ભરીને રોગી માણસે પોતાના શરીરની છાયા જોવી તેમાં જમણું અંગ ન દેખાય તો છ મહીનામાં મરણ જાણવું; પૃષ્ઠ ન દેખાય તો ત્રણ મહીનામાં મરણ થાય; ડાબું અંગ ન દેખાય તો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બે મહીનામાં મરણ સમજવું; શરીરનો આગળનો ભાગ ન દેખાય તો એક મહીનામાં મોત માનવું; છાયામાં છિદ્ર દેખાય તો દશ દહાડામાં મૃત્યુ નીપજે; અને છાયામાં ધુમાડો દીઠામાં આવે તો તેજ દિવસે મરણ થશે એમ નિશ્ચય કરવો. એવી રીતે કાળજ્ઞાનને વિષે સર્વજ્ઞ પંડિતોએ આયુષ્યનું પ્રમાણ પ્રકટપણે કહેલું છે તે માની લેવું ॥ ૫૮

॥ दशमासिकमृत्युलक्षणम् ॥

अरश्मिं यदि सूर्यं च वह्निं चैव मलीमसम् ॥
पश्येत् स दशमासांस्तु तथोर्ध्वं न तु जीवति ५९

અર્થઃ–કિરણોથી રહિત સૂર્ય દેખે, તથા મલીનતા સહિત અગ્નિ દેખાય તે દશ મહીના પછી મરણને પામે ॥ ૫૯ ॥

॥ एकवार्षिकमरण० ॥

वर्षेण तु भवेन्मृत्युः जाग्रतः स्वप्नदर्शनात् ॥
तस्य शांतिः सदा कार्या, मृत्युंजयस्य मंत्रकैः ६०

અર્થઃ–જે માણસ જાગતાં છતાં સ્વપ્ન દેખે, તેનું એક વર્ષમાં મરણ જાણવું. તેની શાંતિ કરવાને અર્થે મૃત્યુ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જયના મંત્રનો જાપ કરવો. એ મંત્ર વડે માણસના મરણ ની શાંતિ થાય ને વિઘ્ન ટળી જાય ॥ ૬૦ ॥

**कुंडली पीडयते यस्य, वातेनाहारबधंनम् ॥**
**आहारो हृदये यस्य, स वर्षेण विनश्यति ६१**

અર્થઃ—માણસના આધાર ચક્રમાં કુંડલી એટલે ગુદાસ્થાનમાંની કુંડલી નિત્ય પીડા કરે, વાયુએ કરી આ હાર બંધ થાય, અને જે કાંઈ ખાય તે છાતીમાંજ રહે નીચે ઉતરે નહીં તે માણસ એક વર્ષમાં વિનાશને પામે છે ૬૨

**यस्य वै भुक्तमात्रस्य हृदये वर्द्धयेत्क्षुधा॥जानी-**
**यादंतवर्षे च स गतायुर्न संशयः ॥ ६२ ॥**

અર્થઃ—જેને જમી ઉઠતાંજ તરત ભુખ લાગે છે તે એક વર્ષ પુરૂં નહી થતાં મૃત્યુ પામે છે; એટલે તે વરસ સુધી જીવે નહીં એમ જાણવું ॥ ૬૨ ॥

**यस्य रेतो मलं मूत्रं क्षुतयुक्तं प्रजायते ॥**
**तथैकदा भवेद्यस्य अब्दं तस्यायुरिष्यते ॥६३॥**

અર્થઃ—જેનાં વીર્ય, વિષ્ઠા, મૂત્ર, ને મલ તે છીંક સહિત હોય છે તથા સ્વભાવથી અન્યથા થઈને એક કાલમાં નાના પ્રકારનાં થાય છે તે માણસ એક વર્ષ સુધી જીવતો રહે છે એમ જાણવું ॥ ૬૩ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



प्रकृत्यस्ताद्यस्य जीवो, वश्यतां नैव गच्छति ॥
तस्य संवत्सरे मृत्युः कालज्ञानेन भाषितः६४

અર્થઃ—જ્યારે દેહની પ્રકૃતિ અસ્ત પામ્યાથી પોતાને દેહ પોતાના તાબામાં ન રહે, તે માણસ એક વર્ષમાં મરણ પામે છે, એવું કાલજ્ઞાને ભાંખેલું છે ॥ ૬૪ ॥

स्पृश्यते भक्ष्यते वापि पिशाचखरराक्षसैः ॥
भूतैः प्रेतैः श्वभिः सिंहैर्गोमायुगृध्रशूकरैः॥६५॥

અર્થઃ—પિશાચ, રાક્ષસ, ગધેડું, ભૂત, પ્રેત, કુતરૂં સિંહ, શીયાલ, ગીધ તથા સુવર, દેહની ઉપર ચડતાં હોય, કે ખાતાં હોય, ॥ ૬૫ ॥

शरभैः शलभैः श्येनैरश्वैरश्वतरैर्बकैः ॥ स्वप्ने
स जीवितं त्यक्त्वा वर्षांते यममीक्षते ॥६६॥

અર્થઃ—તથા ઉંધ, ફણિગણ, સેન બાજ, ખચ્ચર, ઘોડું તથા બગલો, ઇત્યાદિક દ્વારા સ્વપ્નમાં જીવને નાશ દીઠા માં આવે તે માણસ એક વર્ષ પછી યમને જુએ છે, અર્થાત્ મરે છે ॥ ૬૬ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ॥ त्रैवार्षिकमृत्युलक्षणम् ॥

यास्यनासापुटे यस्य वायुर्वाति दिवा निशि ॥
तदा नरस्य तस्यायुः क्षयेदब्दत्रयेण हि॥६७॥

અર્થઃ—જેના નાકનાં જમણા કાણામાં રાત્રિ દિવસ પવન ચાલતો હોય તેનું આયુ ક્ષય થઈને ત્રણ વરષમાં મૃત્યુ થાય છે એમ જાણવું ॥ ૬૭ ॥

यत्संख्यो विषमो बिंदुस्तत्संख्यदिवसे मृतिः॥
यत्संख्यश्च समो बिंदुस्ततसंख्यं जीवनं स्मृतम् ॥ ६८ ॥

અર્થઃ—બિંદુઓની જેટલી વિષમ સંખ્યા થાય, તેટલે દિવસે રોગી મરે; વળી સમ બિંદુઓની જેટલી સંખ્યા થાય તેટલા દિવસ રોગી જીવે ॥ ૬૮ ॥

## ॥ अथ सामान्यतो मरणसूचकलक्षणानि ॥

शक्रायुधं चार्द्धरात्रे दिवा चंद्रग्रहं तथा॥ दृष्टमात्रेण संक्षीणमायुर्विद्यात्स्वमात्मवित् ॥ ६९॥

અર્થઃ—અરધી રાતે ઇંદ્ર ધનુષ દીઠામાં આવે અને દહાડે ચંદ્રગ્રહણ દેખાય તો આયુષ્ય ક્ષીણ થયું એમ જાણવું ॥ ૬૯ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



यः शांतिमान् कोधनतामुपैति, यः क्रोधवान् शांत्तिगुणं प्रपद्येत् ॥ आसन्नमृत्यू कथितौ विविज्ञैस्तौ तु प्रकृत्या विकृतिं प्रयातः ॥ ७० ॥

અર્થઃ—જે માણસ પ્રથમ શાંતિવાળો હોય અને રોગ થયા પછી ક્રોધવાન્ થાય, તથા જે પ્રથમ ક્રોધવાળી પ્રકૃતિ વાળો હોય ને રોગ સમયે શાંતિગુણસંપન્ન થાય, એવા બન્ને રોગીઓને વિષે જાણવું જે, મોતના નજીક પોહોચેલા છે. એવી રીતે વિધિ જાણનારા કહે છે ॥ ૭૦ ॥

पिधाय कर्ण निर्घोषं न शृणोति निरंतरम् ॥ न पश्येच्चक्षुषोर्ज्योति स्तस्यासन्नामृतिर्ध्रुवम् ॥ ७१ ॥

અર્થ—કાનમાં સર્વદા શબ્દનો બોધ થતો છતાં નિરંતર સાંભળતા નથી તેમજ આંખોની જોત પણ નાશ થઇ જાય એવાં ચિન્હો થવાથી નિશ્ચય મૃત્યુ થાય છે એમ જાણવું ॥ ૭૧ ॥

दीप निर्वाण गंधं च सुहृदवाक्य मरुंधतीम् ॥ न जिघ्रंति न शृण्वंति न पश्यंति गतायुष ७२

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**पिधाय कर्णनिर्घोषं न शृणोति निरंतरम् ॥ न पश्येच्चक्षुषोर्ज्योतिस्तस्यासन्नामृतिर्ध्रुवम् ७१॥**

અર્થઃ—કાનમાં સર્વદા શબ્દનો બોધ થતો છતાં નિ-રંતર શાંભળતાં નથી તેમજ આંખોની જોત પણ નરમ થઇ જાય એવાં ચિન્હો થયાથી નિશ્ચય મૃત્યુ થાય છે એમ જાણવું. ॥ ૭૧ ॥

**दीपनिर्वाणगंधं च सुहृद्वाक्यमरुंधतीम् ॥ न जिघ्रंति न शृण्वंति न पश्यंति गतायुषः॥७२॥**

અર્થઃ—દીવો ઓલાઈ જાય તે વાસ, હિતવક્તાનું વચન સમજતા નથી, તથા અરૂંધતી નક્ષત્ર જે આકાશમાં છે તે, તથા નાક, કાન ને આંખ એ ત્રણ ઇંદ્રિયોના વિષયોનેજ જોએ નહીં તે પુરૂષ આયુરહીત જાણવો. ૭૨॥

**प्रकृतिस्थो यदा जीवो विकृतिं चैव गच्छति ॥ स चैव कालदृष्टोऽस्ति, कालतेजोविवर्जितः७३॥**

અર્થઃ—જ્યારે પ્રકૃતિને વિષે રહેતો જીવ વિકૃતિને પામેછે, ત્યારે સમજવું કે તેની ઊપર કાલની દૃષ્ટિ પડીછે; કાલેકરીને તેજથી તે રહિત થયો અર્થાત્ તે અંત અવસ્થા-માં આવ્યો એમ માનવું ॥ ૭૩ ॥



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



चरणौ शीतलौ यस्य, शीतलं नाभिमंडलम् ॥
शिरस्तापो भवेद्यस्य, तस्यमृत्युर्भविष्यति ७४

અર્થઃ—જે રોગીના પગ ટાઢા થએલા હોય, નાભી પણ ટાઢી થઇ ગઈ હોય, અને માથામાં ગરમી વ્યાપી થઇ હોય તેનું મૃત્યુજ થાય છે ॥ ૭૪ ॥

उरगवरुणरौद्रा वासवेंद्रात्रिपूर्वा यमदहनविशाखाःपापवारेण युक्ताः ॥ तिथिषु नवमिषष्ठी द्वादशी वा चतुर्थीभवति च खलु योगो रोगिणां मृत्युहेतुः ॥७५॥

અર્થ:—ઉરગ (અશ્લેષા) વરૂણ ( શતભિષા ) રૌદ્ર ( આરદ્રા ) વાસવ, ( ધનિષ્ઠા ) પૂર્વાફાલ્ગુની, પૂર્વાષાઢા પૂર્વાભાદ્રપદ, યમ, (ભરણી) દહન, (કૃતિકા) અને વિશાખા એ નક્ષત્રો તથા રવિવાર, મંગલવાર, ને શનિવાર એ ત્રણ પાપ વાર, અને નવમી; ષષ્ઠી, દ્વાદશી, અથવા ચોથ એ તિથિઓને એટલાંનેવિષે રોગીને મરણ યોગ થાય છે. કેમ કે એ મૃત્યુના હેતુ કહેલા છે ॥ ૭૫ ॥

स्वात्यश्लेषारौद्रपूर्वासु शाके रोगोत्पत्तिर्ज्जायते यस्य पुंसः ॥ तद्भैषज्यं नैव देयं कदापि ज्ञात्वा मृत्युं वैद्यराजेन पुंसः ॥ ७६ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અર્થ—સ્વાંતી, અશ્લેષા, આરદ્રા, પુર્વા, જયેષ્ઠા, એટલાં નક્ષત્રોમાં જે રોગીને રોગની ઉત્પત્તિ થાય તે માણશનો વૈદે ત્યાગ કરવો, એટલે તેને ઓશડ આપવું નહીં, તેનું મૃત્યુજ થાયછે ॥ ૭૬ ॥

**रासभारूढमात्मानं, तैलाभ्यक्तं च मुंडितम् ॥**
**नीयमानं यमाशायै, स्वप्ने पश्येत् स नष्टवत्७७**

અર્થઃ—ગધેડા ઉપર ચડેલો, માથું મુંડેલું, તેલ ચોપડેલું અને યમની દિશાએ જતું એવા સ્વપ્ન દેખે તો તેને મરણ જાણવું ॥ ૭૭ ॥

**हृदयं नाभिनासं च, पाणिपादं च शीतलम् ॥**
**शिरस्तापो भवेद्यस्य, स मृत्युंदिनमध्यतः७८॥**

અર્થઃ—જે રોગીની છાતી, નાભી, નાશિકા (નાક) હાથ, ને પગ, ટાઢાં પડી ગએલાં હોય, અને માથું ગરમ થઇ ગયું હોય તે એક દિવસમાં મરણ પામે છે ॥ ૭૮ ॥

**शीर्षस्वेदो भवेद्यस्य, मुखे श्वासः प्रवर्त्तते ॥**
**अष्टनाडीष्वनिर्वाहः, सोपिकालेन वीक्षितः७९**

અર્થઃ—જેના માથામાં પશીનું થતું હોય, મોહોડામાં વાયુ ઘણો રહેતો હોય, અને બે નાડી કાંડામાંની, બે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નાડી પાની પાશેની, બે નાડી લમણા ઉપરની ને બે નાડી ગળામાંની મળી આઠ નાડીઓની ગતિ ઓછી થઈ ગઈ હોય તેની ઉપર કાલની દૃષ્ટિ પડી છે એમ જાણવું ૭૯

**अंगकंपो गतेर्भंगो, वर्णभ्रंशस्तथैव च ॥ गंधं स्वादं न जानाति, स गच्छेद्यमशासनम् ॥८०॥**

અર્થઃ—જે રોગીના આંગ કાંપતા હોય, ચાલવાની ગતિ ખુટી ગઇ હોય, સરીરનો રંગ ફરી ગયો હોય, નાકથી ગંધ અને રસનાથી સ્વાદ નહી જાણતો હોય, તે નક્કી યમ લોક પ્રતે જાય છે ૮૦ ॥

**जिव्हा कृष्णा भवेद्यस्य, मुखं च कुंकुमारुणम् कृष्णा दंताः पुनस्तस्य, शीघ्रं मृत्युर्भविष्यति ॥ ८१ ॥**

અર્થ—જેની જીભ કાળીપડી જાય, મોઢું લાલ થઇ જાય, અને દાંતો કાળાં થઇ જાય તેની જલદી મોત થાય એમ જાણવું ॥ ૮૧ ॥

**अरुंधतीं ध्रुवं चैव विष्णोस्त्रीणि पदानि च ॥ आयुर्हीना न पश्यंति, चतुर्थं मातृमंडलम् ॥८२॥**

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અર્થઃ—જે રોગી પોતાની જીભ, નાકની દાંડી અને આંખની પાપણ, એવા વિષ્ણુના ત્રણ પદ, તેમજ આકાસમાંના તારા એટલાંને જેની આયુષ્ય પુરૂં થયું હોય તે જોઈ શકતો નથી. ॥ ૮૨ ॥

**अरुंधतीभवोज्जिव्हा, ध्रुवं नासाग्रमुच्यते ॥**
**भ्रुवौ विष्णुपदं मध्ये, तारका मातृमंडलम्८३**

અર્થઃ—જીભના આગળા ભાગને એટલે જીભના અણીને અરૂંધતિ કહે છે, નાકની દાંડીની ધ્રુવ સંજ્ઞા છે, આંખના ભમરાને વિષ્ણુપદ કહે છે, અને માતૃમંડલ તારાને કહે છે ॥ ૮૩ ॥

**अनिलो याति पित्तेच, पित्तं याति कफालये ॥**
**कफश्च कंठमायाति, दुर्लभं तस्य जीवितम्८४**

અર્થઃ—પહિલી નાડી વાયુના ઘરમાં જાય, પિત્તની નાડી કફના ઘરમાં જાય, અને કફની નાડી કંઠમાં જાય તો તે રોગીનું જીવવું દુરલભ જાણવું । ૮૪ ॥

**पूर्वमेवैकवेगार्ते यदि वेगांतरं भवेत् ॥ त्याज्यः**
**स दूरतो वैद्यैः मृत्युनाखलुवी क्षितः ॥ ८५ ॥**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અર્થ—પ્રથમ દુઃખ ઉત્પન્ન થયું હોય, ને તેના વેગમાં બીજું દુઃખ હોય, તે રોગીને વૈદ્યે દૂરથકી ત્યાગ કરવો. કારણકે તે નિશ્ચે મરણ પામે; એમ વૈદ્ય કહેલું છે. ॥૮૫॥

**तृट्श्वासकासज्वरशोफमूर्छा, हिक्कान्नविद्वेषण वांतिशूलैः ॥ युक्तोतिसारी खलु मृत्युनेक्षितो गोविंद गोपाल गदाधरेति ॥ ८६ ॥**

અર્થઃ—તરસ લાગે, શ્વાસ થાય, તાવ આવે, સોજો થાય, મૂર્છા આવે, હેડકી થાય, તે માણસ નિશ્ચે મરે, ને તે રોગને અસાધ્ય રોગ જાણવો; તેને ધર્મૌષધિ કરાવિયે; તે રોગીએ પરમેશ્વરનું ધ્યાન ધરવું ને ગોવિંદ, ગોપાલ તથા ગદાધર એવું નામસ્મરણ કરવું. ॥૮૬॥

**॥ नक्षत्रादिभिरसाध्यलक्षणम् ॥**

**भरणी च मघाऽश्लेषा, मूलं च कृत्तिकेंद्रकम् ॥ आर्द्रा शतभिषक् पूर्वा, स्तारका मृत्युकारकाः ॥ ८७ ॥**

અર્થઃ—ભરણી, મઘા, અશ્લેષા, મૂલ, કૃત્તિકા, જયેષ્ઠા, આર્દ્રા, શતભિષા, પુર્વા ફાલ્ગુન, પુર્વાષાઢા, પુર્વાભાદ્રપદ, એ અગ્યાર નક્ષત્રોમાં જે માણસ માંદા પડે તેઓ મૃત્યુના પામનારા એમ જાણવું. ॥ ૮૭ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



भौमकृत्तिकयोर्नंदा भद्रा च बुधनागयोः॥ जया
गुरौ मघायां च रिक्ता शुक्रधनिष्ठयोः ॥ ८८ ॥

અર્થઃ—મંગલવાર, કૃત્તિકા નક્ષત્ર, ને નંદા તિથિ, બુધવાર, અશ્લેષા નક્ષત્ર ને ભદ્રા તિથિ; બૃહસ્પતિવાર, મઘા નક્ષત્ર ને જયા તિથિ; અને શુક્રવાર, ધનિષ્ઠા નક્ષત્ર ને રિકતા તિથિ ॥ ૮૮ ॥

भरण्यां शनिवारे च पूर्णाख्यतिथिपंचके ॥ यो-
गेस्मिन्व्याधिरुत्पन्नो न सिध्यति कदाचन८९॥

અર્થઃ—શનિવાર, ભરણી નક્ષત્ર, ને પૂર્ણા તિથિ; એ બધા યોગોમાં રોગની ઉત્પત્તિ થયાથી રોગ અસાધ્ય થાય છે. એમ જાણવું ॥ ૮૯ ॥

नंदा च वृश्चिके मेषे भद्रा मिथुनकन्ययोः ॥
कर्के चैव जया सिंहे कुंभे रिक्ता तुले वृषे॥९०॥

અર્થઃ—વૃશ્ચિક તથા મેષ લગ્ન નંદા તિથિ, મિથુન તથા કન્યા લગ્ન ભદ્રા તિથિ; કર્ક સિંહ લગ્ન જયાં તિથિ કુંભ તોલાને વૃષ લગ્ન રિકતા તિથિ ॥ ૯૦ ॥

धने युग्मे च मकरे पूर्णा तिथिरुदाहृता ॥
विरुद्धा रोगिणां नूनं नंदादिस्थितिपंचकम्
॥ ९१ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અર્થઃ—ધન લગ્ન મિથુન લગ્ન મકર લગ્ન પૂર્ણા અને નંદા તિથિ યુકત થાય ત્યારે રોગની ઉત્પત્તિ થાય તો અનિષ્ટ જાણવું ॥ ૯૧ ॥

**पूयाभमरुणश्यावं हरितं नीलपीतकम्॥ष्ठीवति श्वासकासार्तो न जीवति हतस्वरः ॥९२॥**

અર્થઃ—લાળ જે મુખમાંથી પડે છે તેનો રંગ અરૂણ, કાલો, નીલો, હરિત તથા પીલો હોય, શ્વાસ કાસ સહિત વહે ને સ્વર બેશી જાય તો તે માણસ જીવે નહીં॥૯૨॥

**हीनस्वरो भ्रष्टगुदः कासश्वासमाकुलः ॥ हीक्काशोषसमायुक्तः कुक्षिशूली न जीवति ॥९३॥**

અર્થઃ—સરહીન થાય, ગુદા ભ્રષ્ટ થાય, ખાંસી થાય, સાસ થાય, હેડકી થાય, શોષ થાય, તથા કુક્ષિમાં શૂલ થાય એ બધા રોગો મળેલા હોવાથી માણસને મૃત્યુની પ્રાપ્તિ થાય છે ॥ ૯૩ ॥

**कालं ज्योतिर्विहीनं च गताभ्यंतरलोचनम् ॥ मंददृष्टिं विशेषेण मृतप्रायं समादिशेत् ॥९४॥**

અર્થઃ—જેનો કાલો રંગ થએલો હોય, તેજહીન થઇ ગએલો હોય, આંખ અંદર પેશી ગએલી હોય અ

For Private And Personal Use Only

ર્થાત્ ખાડા પડી ગએલા હોય, અને જેની નજર મંદી પડી ગએલી હોય એવા માણસને વિશેષે કરી કાલ પ્રાપ્ત થાય છે ॥ ૯૪ ॥

**दिवा वा ताराकाश्चंद्रं रात्रौ व्योम वितारकम्॥ युगपच्च चतुर्दिक्षु शक्रकोदंडमंडलम् ॥ ९५ ॥**

અર્થઃ—દિવસે તારાઓ સહિત ચંદ્ર તથા રાત્રે આકાશ તારા એકરી રહિત અને એકજ સમયે ચારે દિશાઓમાં ઇંદ્ર ધનુષ મંડલની પેઠે દીઠામાં આવે તો અસાધ્ય ગણવું ॥ ૯૫॥

**शुक्ला शुष्का गुरुः श्यावा लिप्ता लुप्ता च नासिका ॥ तथा साचापि विकृता संवृता पिटकाचिता ॥ ९६ ॥**

અર્થઃ—જેના નાકનો રંગ ધોળો થાય, કાળો થાય, નાક સુકાઈ જાય, જાડું થઇ આવે, વાંકુ થઈ જાય, બેશી જાય, સુંઘવાની ઇંદ્રિયનો નાશ થઇ જાય, અર્થાત્ વાસ આવે નહીં; ફાટી જાય અથવા બીજી પીડાવાળું થાય, તથા નાકમાં તનખ મારે એવા માણસનું જરૂર મરણ થાય છે ॥ ૯૬ ॥

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



वृद्धस्यापि च बालस्य, यूनोतिविकलस्यच ॥
सर्वांगशोफो यस्य स्यात् , शोफी स म्रियते
ध्रुवम् ॥ ९७ ॥

અર્થઃ—ગરડો હોય, બાલક હોય, કે જુવાન હોય અથવા વ્યાધિ પીડિત હોય તેના શનીરની ઉપર સર્વ અંગમાં સોજા થાય તો તે સોજાવાળો રોગી નિશ્ચે મરણને પામે પણ કદાચિત્ જીવે નહીં ॥ ૯૭ ॥

इति कालज्ञाने मृत्युसंविज्ञानं नाम द्वितिय

उद्देशः ॥२॥

॥अथाष्टविधपरीक्षा॥

दर्शनस्पर्शनप्रश्नैर्व्याधेर्ज्ञानं त्रिधा मतम् ॥
दर्शनान्मूत्राजिव्हाद्यैः स्पर्शनान्नाडिकादिभिः
प्रश्नैर्दूतादिवचनादिति त्रेधा तदुच्यते ॥ १ ॥

અર્થઃ—જોવાંથી અડકયાથી તથા પૂછયાથી વ્યાધિનું નિરૂપણ થાય છે. તેમાં મૂત્ર તથા જીભ વગેરેની જોવાથી પારખ થાય છે; અડકવાથી નાડી વગેરેની પરીક્ષા થાય છે, અને પૂછવાથી દુતાદિક પરખાય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે; અર્થાત્ વાત પિત્ત તથા કફે કરિ દ્વંદજ તથા સન્નિપાતાદિ લક્ષણોનો બોધ થાય છે, સુખસાધ્ય, કૃચ્છ્ર સાધ્ય તથા અસાધ્ય જ્ઞાન નાડિકાદિ સ્પર્શથી થાય છે; તથા દૂતના વચન થકી લક્ષણનો બોધ થાય છે ॥ ૧ ॥

**रोगाक्रांतशरीरस्य स्थानान्यष्टौ परीक्षयेत् ॥**
**नाडीं मूत्रं मलं जिव्हां शब्दं स्पर्शं च रूप दृक् ॥ २ ॥**

અર્થઃ—રોગથકી પીડાયલા માણશના શરીરની પરીક્ષા નાડી, મૂત્ર, મલ, જીભ, શબ્દ; સ્પર્શ, નેત્ર તથા રૂપ આ આઠ સ્થાનોથી થાય છે ॥ ૨ ॥

**करस्यांगुष्ठमूले या, धमनी जीवसाक्षिणी ॥**
**तच्चेष्टया सुखं दुःखं, ज्ञेयं कायस्य पंडितैः ३**

અર્થઃ—જમણા આંગુઠાના મૂલમાં જે નાડી વહે છે તે જીવની સાક્ષી આપવાવાળી છે; અને તેની ચેષ્ઠાથી શરીરનું સુખ તથા દુઃખ જણાય છે, તે પંડિત જાણે છે ॥ ૩ ॥

**उत्ताला च तथा लंबा, मंदा शुभतरा तथा ॥**
**कठिना च स्थिरा सूक्ष्मा, मृद्वी रौद्री तथोच्यते ॥ ४ ॥**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અર્થઃ--ઉત્તાલા, (ઉતાવલી) લંબા, (લાંબી) મદા, (મંદા) શુભતરા (વધારે સારી) કઠિના (સખ્ત) સ્થિર, (કાયમ વહતી) સૂક્ષ્મા (બારીક) મૃદ્વી, (સુકોમલ) રૌદ્રી, (ઉગ્ર) એવા નાડીઓનાં નામ જાણવાં; મૂલ નાડી તો એકજ છે આ રોગોની વિચિત્રતાથી તેની ગતિમાં ફેરફાર થાય છે તેથી અનેક ગતિનું નામ જુદુ રાખીને નવ નામ કરેલાં છે. એમ છે. ॥ ૪ ॥

वातः पित्तं कफश्चैव ज्ञायते नाडिदर्शनात् ॥
भेदाभेदविभागेन, जानीयात् मृत्युजीवि-
ते ॥ ५ ॥

અર્થઃ—વાત, પિત્ત અને કફ એ નાડી જોવાથી જાણવામાં આવે છે. ભેદ અને અભેદના વિભાગે કરી એટલે સાધ્યતથા અસાધ્ય વગેરે વિચાર કરીને પોતાનું આયુષ્ય તથા મૃત્યુ વગેરે જાણવું. ॥ ૫ ॥

साम्गा निरामा सात्युग्रा, ज्ञातव्यं नाडिलक्षणम् ॥
त्रिविधं चेतयित्प्राज्ञस्ततः कर्म समाच-
रेत् ॥ ६ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અર્થ:—સામા એટલે મલસહિત તાવ હોય તો સામજ્વર જાણવો; અને નિરામા એટલે મલ વિના નાડી વહે તો નિરામ જ્વર જાણવો, અને જો અતિ ઉગ્રા એ-ટલે ઘણીજ ઉતાવલી ચાલે તો મૃત્યુ કરનારી જાણવી. એવી રીતે નાડીનાં ત્રણ લક્ષણો જાણીને પંડિત પુરૂષે વૈદ્ય કર્મનું આચરણ કરવું, એટલે ઔષધ કરવું તો તે વૈદ્ય જરૂર પોતાના ઉદ્યમમાં યશ મેળવે એમાં સંશય નથી ॥ ૬ ॥

**मंदा स्पंदति चाहारे, कफवातेन पूरिता ॥**
**स्यादुष्णाच्च तथा रक्ते,चपला च विशेषतः॥७॥**

અર્થ:—મંદ મંદ ચાલે તે આહારની નાડી કહી છે; તે કફવાતે કરી યુક્ત થાય છે અને લોહિની નાડી બહુ ગરમી કરી સહિત છતાં ઉતાવલી ચાલે છે તે જા-ણવી ॥ ૭ ॥

**आदौ च वहते पित्तं, मध्ये श्लेष्मा तथैव च॥**
**अंते प्रभंजनः प्रोक्तो, ज्ञातव्यं च चिकित्सकैः८**

અર્થ:—તર્જની મધ્યમાં ને અનામિકા એ ત્રણ આંગળીઓમાથીં નાડી જોવી; તેમાં પહેલી નાડી પિત્તની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જાણવી; વચલી નાડી શ્લેષ્મની એટલે એ નાડી વધારે ઉસલે ત્યારે કફની પ્રકૃતિ જાણવી; અને છેલ્લી નાડી અ નામિકા આંગળી નીચેની જ્યારે વધારે ચાલતી હોય ત્યારે વાયુ પ્રકૃતિ જાણવી એવી રીતે ચિકિત્સક એટલે વૈદ્ય, તે જાણવા યોગ્ય છે ॥ ૮ ॥

**वातनाडी प्रगल्भा च, वहते पित्तसंयुता ॥**
**कफं भेदयते वायुः, वातपित्तं तदुच्यते ॥९॥**

અર્થઃ—વાયુની નાડી જોરથી ચાલતી હોય ને પિ ત્ત સહિત જણાય. અને જ્યારે કફને ભેદી નાખે ત્યારે તેને વાતપિત્ત નાડી કહિયે ॥ ૯ ॥

**वातनाडी प्रगल्भा च, वहते कफसंयुता॥पित्तं च कफसंयुक्तं, वातश्लेष्मा प्रकीर्तितः ॥१०॥**

અર્થઃ—વાયુની નાડી બલવાન થઇ થકી કફ સંયુ કત વહે, ત્યારે વાત શ્લેષ્મા કહેવાય છે; તે વિદ્વાન પુરૂ ષોએ જાણવા યોગ્ય છે ॥ ૧૦ ॥

**पित्तनाडी प्रगल्भा च, वहते कफसंयुता ॥**
**साधारणा च विज्ञेया, पित्तश्लेष्मा चिकित्सकैः ॥ ११ ॥**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અર્થઃ—વાયુની નાડી ઘણી ચાલતી હોય ને કફ સહિત હોય તેને સાધારણ કહે છે તે પિત્ત શ્લેષ્મા નાડીને વૈદ્યે સારી રીતે જાણવી જોઈએ ॥ ૧૧ ॥

**स्तोकं वातकफे नष्टे, पित्तं वहति दारुणम् ॥**
**पित्तप्लावं विजानीयात् भेषजं तत्र कारयेत् १२**

અર્થઃ—થોડા વાત કફના નાશ થયાથી ઉતાવળી વહે તેને પિત્તપ્લાવ કહિયે, તેને ઔષધ આપવું ॥ ૧૨ ॥

**स्कंधे च स्कंधते नित्यं, पुनर्लगति चांगुलम् ॥**
**असाध्या सा विनिर्दिष्टा, नाडी दूरेण वर्जिता ॥ १३ ॥**

અર્થઃ—નાડિના મૂલને વિષે ત્રિદોષની નાડી ઘરમાં દેખાય નહીં, અને આંગલીને નાડી લાગે, ને ઉછળથીહોય તે રોગ અસાધ્ય જાણવો; તે રોગીની નાડ છેટેથી વૈદ્યે મુકી દેવી, ને ઓસડ કરવું નહીં કારણ કે તે જીવનાર નથી ॥ ૧૩ ॥

**वातः पित्तं कफश्चैव, यस्यैकत्र समाश्रिताः ॥**
**तस्य मृत्युं विजानीयात् , इत्येवं नाडिलक्षणम् ॥ १४ ॥**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અર્થઃ—વાત પિત્ત ને કફ એ નાડીઓ પોત પોતાનું સ્થાનક મુકીને બીજી નાડીઓના સ્થાનકે જાય; એટલે એક નાડી ઘડીકમાં વાયુના ઘરમાં જાય, ઘડીકમાં પિત્તના ઘરમાં વહે ને ઘડીકમાં કફના ઘરમાં ચાલે, ને ઘડીકમાં ક્ષીણ થઈ જાય તે રોગી માણસનું મરણ જાણવું. એ લક્ષણો જ્ઞાનીઓએ કહેલાં છે ॥ ૧૪ ॥

**वाते वक्रगता नाडी, चपला पित्तवाहिनी ॥ स्थिरा श्लेष्मवती प्रोक्ता, सर्वलिंगा च सर्वगा ॥ १५ ॥**

અર્થઃ—વાયુની નાડી વાંકી ચાલે છે, પિત્તની નાડી ઉતાવલી ચાલે છે; કફની નાડી સ્થિર હોય છે અર્થાત્ મંદગતિવાળી હોય છે; અને સર્વ લક્ષણે કરી યુકત જે નાડી તે સંનિપાતથી જાણવી ॥ ૧૫ ॥

**वाते च सर्पवद्वक्रा पित्ते मंडूकवद्भवेत् ॥ शिखिवच्छ्लेष्मणि स्थैर्यं, ज्ञातव्यं नाडिलक्षणम् ॥ १६ ॥**

અર્થઃ—વાયુની નાડી સર્પની પેઠે વાંકી ચાલે છે; પિત્તની નાડી દેડકાની પેઠે ચાલે છે, અને કફની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નાડી મોરની પેઠે ચાલે છે; એવી રીતે નાડીની ગતિ જાણવી ॥ ૧૬ ॥

**ज्वरकोपेन धमनी, सोष्णा वेगवती भवेत् ॥**
**कामात्क्रोधाद्वेगवहा, क्षीणापित्ताद् भयाप्लुता १७**

અર્થઃ--તાવ વાળાની નાડી ઉતાવલી વહે ને ઉની વહે છે કામાતુરની તથા ક્રોધવાલાની નાડી ઉતાવલી વહે છે; અને જેનું પિત્ત ક્ષીણ થઈ ગયું હોય તથા જે ભય યુક્ત હોય તેની નાડી ક્ષીણ વહે છે ॥ ૧૭ ॥

**स्थित्वा नाडीमुखे यस्य, विद्युत्पातेव दृश्यते॥**
**दिनैकं जीवितं तस्य, दिनार्द्धं विषमज्वरे॥१८॥**

અર્થઃ—નાડીની ઉપર આંગલી મુકીને જોવી, તે જો વીજલીની પેઠે ચમકતો હોય, તો એક દીવસમાં મરણ થાય, અને જો આગના જેવો તાવ શરીરે હોયતો અડધા દિવસમાં મરણ થાય એમ જાણવું. ॥ ૧૮ ॥

**निरीक्ष्या दक्षिणे हस्ते, नाडी यदि न दृश्यते॥**
**सर्वदेहे चाति शीतं दशायामं न जीवति॥१९॥**

અર્થ—જમણા હાથની નાડ જોવી ત્યાં જો નાડી દિસે નહીં અને સર્વ- શરીર ટાઢું થઈ જાય તો તે

૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રોગી દશ પ્રહર સુધી પણ જીવે નહીં અર્થાત દશ પ્રહ રનીઅંદર મરી જાય એમ જાણવું ॥ ૧૯ ॥

॥ अथ मूत्रपरीक्षा ॥

चरमे रजनीयामे, घटिकानां चतुष्टये;
उत्थाय रोगिणां वैद्यो, मूत्रोत्सर्गंतुकारयेत् २०

અર્થઃ—રાતના પાછલે પોહોરે એટલે પાછલી ચાર ઘડી રાત હોય ત્યારે વૈદ્યે રોગીને ઉઠાડવો, ને રોગીને પેશાબ કરાવવો. ને કાચ અથવા ચીનીના વાસણમાં લેવો ॥૨૦॥

आद्यधारांपरित्यज्य, मध्यधारासमुद्भवम्;
शुभ्रेकाचमयेपात्रे धृत्वामूत्रंपरीक्षयेत् ॥२१॥

અર્થઃ—શરૂઆતમાં જે ધાર પડે તેને મુકી દેવી જોઇએ અને જે બીજી ધાર આવે તે સફેત કાચના વાસણમાં લઇને મુત્રની પરીક્ષા કરવી. ॥ ૨૧ ॥

संगृह्यरोगिणांमूत्रं सूर्यरश्मिषुधारयेत;
तस्यमध्येक्षिपेत्तैलं ततोरोगंविचारयेत् ॥२२॥

અર્થઃ—રોગીનું મૂત્ર સારી રીતે લઇને સુરજના તેજમાં રાખવું. અને તેમાં તેલ નાખવું; ત્યાર પછી રોગને વિચાર કરવો. ॥ ૨૨ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**श्वेतधारातदामोहः, पीतधारातदाज्वरः**
**रक्तधारादीर्घरोगः कृष्णधाराचमृत्युदा ॥२३॥**

અર્થઃ—જેની મૂત્ર ધારા ધોળી હોય તેને મોહનો વિકાર જાણવો, જેની પીળી ધારા હોય તેને જ્વરનો વિકાર જાણવો ને જેની કાળી ધારા હોય તેને મૃત્યુકારક જાણવી ॥ ૨૩ ॥

**तैलबिंदुर्यदामूत्रे नराकारः प्रजायते ॥**
**ग्रहदोषश्चदेव्याश्च विचार्योयंविचक्षणैः ॥२४॥**

અર્થઃ—મુત્રમાં તેલનું ટીપું નાખવાથી જ્યારે પુરૂષના આકારે દીઠામાં આવે ત્યારે ગ્રહનો દોષ તથા દેવીનો દોષ હોય એમ વિચક્ષણ પુરૂષે વિચારવું॥૨૪॥

**सौवीरेणसमंशस्तं, मातुलिंगरसप्रभम;**
**पानीयेन समंमूत्रं, परिपाकेहितंभवेत् ॥२५॥**

અર્થઃ—આછણ સરખું મૂત્ર હોય, તો રૂડું જાણવું; બીજોરાના રસના જેવું હોય, પાણીનાં જેવું હોય, તો આગલા પરિપાકને વિષે તે હિતકારી જાણવું. ॥ ૨૫ ॥

**सन्निपाते तु कृष्णं स्यादेतन्मूत्रस्यलक्षणम्२६**

અર્થઃ—જ્યારે માણસને સંનિપાત રોગ થાય છે ત્યા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રે કાળું મુત્ર આવે છે; એવી રીતે મુત્રનું લક્ષણ કહેવાય છે ॥ ૨૬ ॥

**पित्तेनपांडुरंमूत्रं कफेनं कफरोगिणाम्;**
**रक्तवर्णभवेद्वाते द्वंद्वजेमिश्रितंभवेत् ॥ २७ ॥**

અર્થઃ—માણસને જો પિત્તનો રોગ હોય તો ધોળું મૂત્ર થાય છે. કફ રોગીને મુત્રમાં ફીણ થાય છે; વાયુ રોગ વાળાને મુત્રનો રંગ રાતો થાય છે અને મિશ્ર રોગ વાળાને એ ત્રણેય રોગો સાથે હોય ત્યારે ત્રણેના લક્ષણો વાળું મુત્ર જાણવું. ॥ ૨૭ ॥

**समघातोःपुनःकूप, जलतुल्यंचदृश्यते ॥**
**उर्ध्वनीलमधोरक्तं, रुधिरेणप्रजायते ॥ २८ ॥**

અર્થ—સમધાત એટલે વાયુ, પિત્તને કફ સમાન પણે હોય, તેનું મુત્ર કુવાના પાણીના જેવું જાણવું, અને જેને લોહીનો વિકાર હોય તેનું મુત્ર ઉપર નીલુ ને હેઠે રાતું દેખાય છે એમ જાણવું ॥ ૨૮ ॥

**पीतंतथोपारिच्छाये, कृष्णंबुद्बुदसंयुतम् ॥**
**मूत्रंप्रभूतदोषेण, जायतेनात्रसंशयः ॥ २९ ॥**

અર્થઃ—જેનું પીળા રંગનું મુત્ર થાય, ઉપર છાયા જેવું થઇ આવે તથા કાળા રંગ વાલું ને ઉપર પપોટા થ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઇ આવ તો તે મુત્ર દોષ વાળું છે પણ એ એક ચોકસ રો ગનું લક્ષણ નથી એવો સંશય છે તોપણ નેષ્ટ જાણવું. ॥ ૨૯ ॥

**मलेनपीतवर्णं च, बहुलं च प्रजायते;**
**पीतमच्छंप्रजायेत, मूत्रंपित्तोदयेसति ॥ ३० ॥**

અર્થઃ--મલ રોગ હોય ત્યારે પીશાબ પીળા રંગનો થાય અને ઘણું મુત્ર થાય તેમજ પિત્તવિકાર હોયતો પણ પીલુંજ મુત્ર થાય છે એમ જાણવું. ॥ ૩૦ ॥

**कफात्पल्वलपानिय, तुल्यमूत्रंप्रजायते ।**
**वातान्मूत्रंचरक्तंस्यात्, कौसुंभादिकसान्निभम् ३१**

અર્થ-ખબોચિયાના ડોળાં પાણીની પેઠે ડોળું મુત્ર થાય તો જાણવું કે તે કફનું છે. વાયુનો વિકાર હોય તો રાતા રંગ વાળું મુત્ર થાય; તે કસુંબાના પાણી જેવું થાય. ॥ ૩૧ ॥

**वाताज्जलसमानंस्यात् अर्द्धाद्बहुलमेवच ॥**
**तैलतुल्यंभवेन्मूत्रं नित्यंसहजापित्तजं ॥ ३२ ॥**

અર્થઃ-વાયુના રોગ વાળાનો પીશાબ પાણીના જેવો થાય મુતરતાં અર્ધે મૂત્ર્યો થાય ત્યારે ઘણું આવે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેને પિત્ત સ્વભાવવાળો જાણવો, તે મુત્ર તેલ જેવું ચોખુ હોય છે. ॥ ૩૨ ॥

**वायुश्लेष्मवशान्मूत्रं तक्रतुल्यंप्रजायते ॥**
**मूत्रंजलोदरोद्भूतं स्वतःस्वच्छंप्रजायते ॥३३॥**

અર્થઃ—વાત અને કફ એ બે રોગ હોય તેનું મુત્ર છાસના જેવું તેમજ જલોદર રોગવાળાનું મુત્ર સહજ પોતાની મેળે સ્વચ્છ હોય છે. ॥ ૩૩ ॥

**उर्द्धपतिमधारेक्तं मूत्रंवैद्यवरस्तदा ॥**
**पित्तप्रकृतिसंभूतं सन्निपातस्यलक्षयेत् ॥३४॥**

અર્થઃ—ઉપરના ભાગમાં પીળું દેખાય, અને નીચલા ભાગમાં રાતું દેખાય તો તે રોગને વૈદ્યોને વિષે શ્રેષ્ટ પુરૂષો પિત્ત પ્રકૃતિથી ઉપજેલા સન્નિપાત રોગ અથવા ત્રિદોષનું લક્ષણ કહે છે. એમ જાણવું. ॥ ૩૪ ॥

**ईषद्रक्तंचफेनाढयं तथैवेक्षुरसोपमम् ॥**
**भवेत्पित्तेकफेमूत्रं निरामेचज्वरेभवेत् ॥ ३५ ॥**

અર્થઃ—કાંઇક રાતો રંગ, તથા પીળો રંગ હોય, ઉપર ફીણ આવે શેરડીના રસના જેવું હોય, તે પિત્ત, કફ ને મલદોષ થકી જાણણવું. અથવા મલ વિનાના તાવને

For Private And Personal Use Only

વિષે શેરડીના રસ જેવું મુત્ર જાણવું. ॥ ૩૫ ॥

**पित्तश्लेष्मद्वयोद्भूतं मूत्रंघृतकणोपमम् ॥**

**वातज्वरसमुद्भूतं मूत्रंकुंकुमापिंजरम् ॥ ३६ ॥**

અર્થઃ—જેને પિત્ત તથા કફનો રોગ હોય તેનો પીશાબ ઘીના જેવો જાણવો અને વાત જ્વર વાળાનું મુત્ર કેશરના જેવું જાણવું ॥ ૩૬ ॥

**पीतं च बहुलंचैव, आमवातात्प्रजायते ॥**

**रक्तपीतंस्वच्छमूत्रं ज्वराधिक्येविनिर्दिशेत् ३७**

અર્થઃ—જો મુત્ર પીળું તથા ઘણું આવેતો આમ વાયુનો રોગ જાણવો; અને રાતું પીલું સ્વચ્છ મુત્ર જો થાયતો તાવનું જોર જાણવું ॥ ૩૭ ॥

**धूम्रवर्णयदामूत्रं ज्वराधिक्यंवदेत्तदा ॥**

**कृष्णमच्छंविजानीयात्सान्निपातज्वरोद्भवम् ३८**

અર્થઃ—ધુમાડાના રંગ જેવો પીશાબ થાય ત્યારે અધિક જ્વર જાણવો; ને જો મુત્રમાં શ્યામતા હોય તો તેને સન્નિપાત જ્વર જાણવો. ॥ ૩૮ ॥

**वातज्वरसमुद्भूतं मूत्रंकुकुमपिंजरं ॥**

**मलेनपीतवर्णं च बहुलंचप्रजायते ॥ ३९ ॥**

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અર્થઃ—વાતના રોગથી જો તાવ આવતો હોય તો મુત્રનો રોગ કંકુના વર્ણ જેવો થાય છે, અને જો મળનો રોગ હોયતો બહુધા મુત્રનો પીલો રંગ હોય છે એમ જાણવું ॥ ૩૯ ॥

**अजामूत्रसमंमूत्रं अजीर्णज्वरसंभवम् ॥**
**मूत्रं च कृष्णमायाति क्षयरोगोदयात्किल ४०**

અર્થઃ—જ્યારે અજીર્ણ જ્વર આવે ત્યારે બકરીના મુત્રના જેવું મુત્ર થાય; અને જ્યારે ક્ષય રોગનો ઉદય થાય ત્યારે શ્યામ વર્ણ વાળું મુત્ર આવે. ॥ ૪૦ ॥

**पितंतथोपरिकृष्णच्छायं बुद्बुदसंयुतम् ॥**
**मूत्रंप्रसूतिदोषेणसंशयो नात्रवैद्यराट् ॥४१ ॥**

અર્થઃ—પીળું હોય તથા ઉપરના ભાગમાં કાળું હોય તથા પપોટા સહિત જેનું મુત્ર હોય તો તે પ્રસુતિ દોષ જાણવો એમ વૈદ્યરાજે કહેલું છે. તેમાં સંશય જાણવો નહીં. ॥ ૪૧ ॥

**जलोदरसमुद्भूतं मूत्रंघृतकणोपमम् ।**
**आमवातेवसातुल्यं तक्रतुल्यंतुजायते ॥४२॥**

અર્થઃ—જો ઘીના કણના જેવું મુત્ર દેખાય તો જ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લોદર રોગ જાણવો; અને આમ વાયુનો રોગ હોયતો ચરબીના જેવું અથવા છાસના જેવું મૂત્ર રોગીનો દીઠામાં આવે ॥ ૪૨ ॥

**क्षयरोगेभवेत्श्वेत मसाध्यंतद्विनिर्दिशेत् ॥**
**प्रजायतेतदामूत्रं स्निग्धंतैलसमप्रभम् ॥ ४३ ॥**

અર્થઃ——ક્ષય રોગ વાળાને જો ધોળું મુત્ર થાય તો અસાધ્ય જાણવું; અને જો તેલના જેવું ચીકણું પીશાબ થતું હોય તો પણ અસાધ્યજ જાણવું. ॥ ૪૩ ॥

**अधोबहुलमारक्तं मूत्रमालोक्यते यदि ।**
**वदंति तदतीसारं लिंगन्तल्लिंगवेदिनः ॥४४॥**

અર્થઃ—મુત્રની નીચે જો રતાસ માલમ પડે અર્થાત્ મુત્ર રાતું દીઠામાં આવે તો તેને અતિસાર રોગ જાણવો. એમ અતિસાર આદિ રોગોના ચિન્હને જાણનાર વૈદ્યો કહે છે. ॥ ૪૪ ॥

**यस्येक्षुरससंकाशं मूत्रं नेत्रांतपिंजरं ॥**
**रसाधिक्यंविजानीयात् निर्दिशेत्तत्रलंघनम् ४५**

અર્થઃ—જેનું મુતર શેરડીના રસના જેવું થાય અને આંખોના ખુણા જેવું પીંજરૂં થાય, ત્યારે રસવૃદ્ધિ જાણવી, અને લાંઘણ કરાવિયે તો રોગ જાય. ॥ ૪૫ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**तृणेन तैलमादाय, बिंदुं मूत्रे तु निक्षिपेत् ॥**
**अथवाअंगुलेतक्र बिंदौमूत्रेयुतेसति ॥ ४६ ॥**

અર્થઃ—એક ઘાસની સળી વડે તેલનું ટીપું મુતરમાંનાખવું અથવા હાથની આંગલીએ કરી છાસનું ટીપું તે મુતરમાં નાખવું, ને તેની પરીક્ષા કરવી. ॥ ૪૬ ॥

**तैलाबिंदुर्यदामूत्र विकारान्कुरुतेस्वयम् ॥**
**स्वरूपंतस्यवक्ष्यामि शुभाशुभाचिकित्सितं॥४७॥**

અર્થઃ—મુતરમાં તેલનું ટીપું નાંખીએ તે જ્યારે પોતાની મેળે વિકારને પામે તેનું જે શુભ અશુભપણું વૈદને જણાય છે તેને હું કહૂં છું ॥ ૪૭ ॥

**तैलाबिंदुर्यदामूत्रे चालणीसदृशोभवेत् ॥**
**प्रेतव्यंतरयोर्दोषा ध्रुवंज्ञेयाश्चिकित्सकैः ॥ ४८॥**

અર્થઃ—મુત્રમાં તેલનું ટીપું નાખવાથી ચાલણીની પેઠે દીઠામાં આવે, ત્યારે પ્રેત વ્યંતરનો દોષ જાણવો; એમ વૈદ્યે નિશ્ચય કરવો.

**तैलाबिंदुर्यदामूत्रे त्रिकोणांगःप्रजायते ।-**
**शाकिन्यागोत्रदेव्याश्च द्वाभ्यांदोषसमुद्भवः ४९**

અર્થઃ—જ્યારે મુત્રમાં તેલનું ટીપું નાખ્યાથી ત્રણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ખુણાના અંગવાળું દેખાય ત્યારે શાકિની દેવી તથા ગોત્ર દેવીનો દોષ થએલો છે એમ માનવું ॥ ૪૯ ॥

**मूत्रमध्येयदातैलं पुरुषाकृतिदृश्यते ॥**
**गृहदोषं च देव्याश्च विजानीयाद्विचक्षणः॥५०॥**

અર્થઃ—મુત્રમાં તેલનું ટીપું નાખ્યાથી જ્યારે પૂરૂષના આકારે દીઠામાં આવે ત્યારે એ લક્ષણથી ગ્રહનો દોષ તથા દેવીઓનો દોષ જાણવો ॥ ૫૦ ॥

**जायंतेबुद्बुदायर्हि विकारःसोष्णपित्तजः ॥**
**स्निग्धं तु श्यामलच्छायं वातेमूत्रंप्रजायते॥५१॥**

અર્થ—તે ટીપું નાખ્યાથી તેમાં જો છુટાં કણ કણ થાય, તો પિત્તજ્વરનો વિકાર જાણવો, જો ચીકણો ને કાલો વર્ણ થાય તો વાયુ વિકારનો રોગ જાણવો. ॥ ૫૧ ॥ ।

**मूत्रोपरिकणांविंद्यात् तक्राबिंदुयुतेतथा ॥**
**विषमेमृत्युविज्ञेयं. समे साध्यं न संशयः॥५२॥**

અર્થઃ—પીશાબની ઊપર કણી કણી જેવું થઇ જાય, તે જો વિષમ હોય તો અવશ્ય તે રોગી મરે, ને જે સમસંખ્યા થાએ તો તે રોગી જીવે ॥ ૫૨ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



पित्तरोगीभवेदुष्णो वातरोगी च शीतलः ॥
आर्द्रःश्लेष्मातिविज्ञेयो देहस्तस्यैवलक्षणम्५३

અર્થઃ-પિત્ત રોગવાળાનું શરીર સદા ગરમ રહે છે; વાયુ રોગવાળાને દેહ સદા શીતલ રહે છે; અને કફના રોગવાળાની કાયા સદા પરશેવાવાળી અથવા ભીનાસવાળી રહે છે; એવી રીતે ત્રણેનાં લક્ષણો જાણી લેવાં ।।૫૩।।

मूत्रमध्येयदातैलं मंडलंबंधयेत्ध्रुवम् ॥
निर्दोषं च ततोज्ञात्वा औषधंचैवकारयेत्॥५४॥

અર્થઃ-મુત્રમાં તેલ નાખ્યાથી જ્યારે બાંધેલા મંડલની પેઠે દેખાય ત્યારે તેને નિર્દોષ જાણીને ઐાષધ કરવૂ યોગ્ય છે ।। ૫૪ ।।

पूर्वस्यांवर्द्धतेतैलबिंदूनांप्रसरोयदि ।
आरोग्यतातदानूनं नाशोनैवायुषस्तदा॥ ५५ ॥

અર્થઃ—મુત્રમાં નાખેલા તેલનું બૂંદ પૂર્વ દિશામાં પસરી જાય તો નિશ્ચયે કરી આરોગ્યપણું થાય, રોગ રહે નહી ને આયુષ્ય લાંબુ જાણવું ।। ૫૫ ।।

कौबेरींवारुणींचैव तैलबिंदुःप्रसर्प्पति
आरोग्यं च तदानूनं पुरुषस्यप्रजायते ।।५७।।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અર્થઃ—મુત્રમાં તેલનું ટીપું નાખવાથી જો તે ઉત્તર પશ્ચિમ દિશાની તરફ પસરે તો નિશ્ચયપૂર્વક તે પુરૂષને આરોગ્યતા ઉત્પન્ન થાય એમ જાણવૂં ॥ ૫૬ ॥

॥ साध्ये मूत्रं ॥

भद्रपीठपृथु दर्पणपद्म ॥ छत्रशंखसमचामरवीणा ॥ ५७ ॥ कुंडलाकृतिभवेद्यदितैलं ॥ रोगवानसतु भवेत्सुखसाध्यः ॥ ५८ ॥

અર્થઃ--રોગીના મુત્રમાં તેલનુ ટીપૂં નાખવાથી ભદ્રપીઠ એટલે તેલની ઉપર ચિત્રાકારની પેઠે દીઠામાં આવે, પૃથુ એટલે ચપટા આકારનું, અરીશાના આકારનું, ફુલને આકારે છતરીને આકારે; શંખને આકારે, ચામરને આકારે, વીણાને આકારે તથા કુંડલની આકૃતિવાલું, મુત્ર દીઠામાં આવે તો તે રોગીને રોગ સાધ્ય જાણવો એટલે ઓસડ કર્યાથી મટીજાય ॥ ૫૬ ॥

हंसकारंडवैःपूर्ण तडागंदृश्यतेयदा ॥
पक्षरूपंफलाकारं तैलमात्रेप्रजायते ॥ ५९ ॥
सर्वदासकलंगात्रं प्रासादंगव्यचामरं ॥
छत्रं च तोरणंचैव तैलाबिंदुश्चिरायुषः ॥ ६० ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અર્થઃ-હંસ, બતક, તલાવ પાણીથી ભરેલું હોય તેવુ મુત્ર જયારે દેખાય, અને ફુલના રૂપે ફળના આકારે તૈલ નાખવાથી જણાય; સર્વદા શરીર રૂપે મંદિરના આકારે, ચમરી ગાયના ચામરને આકારે, છત્રની પેઠે તથા તોરણની પેઠે તેલનો બિંદુ નાખવાથી દેખાય ત્યારે તે માણસનું આયુષ્ય મોહોટું જાણવું ॥ ૬૦ ॥

रक्तंश्लेष्मवशान्मूत्रं कृष्णं चासाध्यमेवच ॥
पीतवर्णंयदापश्येत् तैलतुल्यं स सबुद्बुदं ६॥१॥

અર્થઃ-કફ રોગવાળાને પીશાબ રાતો આવે છે, અસાધ્ય રોગવાળાને મુત્ર કાળાસ પર આવે છે; જયારે પીળો રંગ દીઠામાં આવે, તેમજ તેલના જેવા રંગવાલું તથા પરપોટા સહિત દેખાય તો પણ અસાધ્ય રોગ જાણવો ॥ ૬૨ ॥

मूत्रं च कृष्णतां याति क्षयरोगाकुलस्यच ॥
क्षयरोगोभवेद्यस्य तमसाध्यंविनिर्दिशेत् ६३

અર્થઃ—ક્ષયરોગ વાળાનું મુત્ર કાલા રંગવાલુ દીઠામાં આવે છે, જેને ક્ષયરોગ થાય તેને તે અસાઠ્ય રોગ જાણવો ॥ ૬૩ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



पक्षिकूर्मवृषसिंहशूकरैः । सर्पवानरबिनानवृश्चिकैः ॥ कक्कुटैश्चसदृशंतुरोगिणो । यस्यमूत्रमिहसैष गतायुः ॥ ६४ ॥

અર્થ—રોગીના મુત્રમાં તેલનું ટીપું નાખ્યાથી જો પક્ષીને આકારે થાય બેલને આકારે થાય, સિંહને આકારે થાય સુવરને આકારે થાય, સાપને આકારે થાય, વાંદરાને આકારે થાય, બિલાડાને આકારે થાય, વીંછીને આકારે થાય, તથા કુકડાને આકારે થાય તો તે રોગીનું આયુષ્ય પુરૂં થએલું જાણવું અર્થાત્ તે શાંતિના ઉપાયથી રહિત જાણવો ॥ ૬૪ ॥

॥ मृत्यु विषे ॥

शस्त्रं खड्गं धनुर्दंड मूशलं वज्रशूलकम् ॥
लकुटाकारंयदातैलं तत्क्षणं वावसानिकम् ६५

અર્થઃ—મુત્રમાં નાખેલૂં જે તેલનું ટિપું તે હથીઆર, તલવાર, ધનૂષ, દંડ, વજ્ર, શુલ, મુશલ, તથા લાકડીને આકારે થાય તો રોગીનું મૃત્યુ થાય છે ॥ ૬૫ ॥

दक्षिणस्यां यदा ज्ञेयं तैलबिंदुःप्रसर्प्पति ॥
कियद्भिर्वासरैस्तस्य मृत्युरेव न संशयः ॥६॥६

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અર્થ—મુત્રમાં તેલનું ખુંદ નાખવાથી તે જો દક્ષિણ દિશા તરફ પસરી જાય તો થોડાજ દિવસોમાં તેનું મોત થાય એમાં સંશય સમજવો નહીં ॥ ૬૬ ॥

॥ असाध्ये मूत्रं ॥

वायवींदिशमाश्रित्य तैलस्यप्रसरोभवेत् ॥
एवंभवेद्यस्यमत्रं तमसाध्यं विनिर्दिशेत् ॥६७॥

અર્થઃ—મુત્રમાં તેલ રેડવાથી તેનો પ્રસાર જો વાયવ્ય ખુણાની દિશા તરફ થાય તો તે રોગી અસાધ્ય જાણવો ॥ ૬૭ ॥

तैलबिंदौतत्राक्षिप्ते बुद्बुदाश्चेद्भवंतिहि ॥
तथाविकाशमायांति तदासाध्यंविनिर्दिशेत् ६८

અર્થ—જયારે તેલનૂં ટીપું મુત્રમાં નાખીએ; ને ઉપર પર્પોટા થઇ આવે ને પછી વિકાશને પામે તો તે અસાધ્ય રોગ જાણવો. ॥ ૬૯ ॥

मूत्रमध्येयदाबिंदु रधोगच्छातिरोगिणः ॥
तस्यमृत्युःरितिज्ञेयं दिनेसप्तमकेध्रुवं ॥ ६९ ॥

અર્થઃ—મુત્રમાં તેલનું ટીપૂં નાખીએ તે જો તળે જઈ બેશે તો તેનું મૃત્યુ જાણવું તે સાત દિવસમાં જરૂર મરે ॥ ૬૯ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**तैलबिंदुर्यदामूत्रे मस्तकद्वयसान्निभः ॥**
**क्षेत्रपालोद्भवो दोषस्तथा ज्ञेयः पिशाचजः॥७०॥**

અર્થ—મૂત્રને વિષે તેલનું ટીપુ નાખ્યાથી જો બે માથા દીઠામાં આવે તો ક્ષેત્રપાલનો દોષ જાણવો, તથા પિશાચનો દોષ જાણવો ॥ ૭૦ ॥

**वातेन मंडं बध्नाति पित्तेन बुद्बुदायते ॥**
**कफेन बिंदुमायाति निमज्जति त्रिदोषके॥७१॥**

અર્થઃ—વાયુરોગવાળાનું મૂત્ર જામી જાય છે; પિત્ત દોષવાળાના મૂત્રમાં પરપોટા થાય છે; કફરોગવાળાના મૂત્રમાં બિંદુ થઈ આવે છે, અને ત્રણેય દોષવાળાને એટલે સન્નિપાતવાળા રોગીના મૂત્રમાં તેલ તળે જાય છે ॥૭૧॥

**श्वेतधारा शुभा ज्ञेया पित्तधारा च मध्यमा ॥**
**रक्तधारा दीर्घरोगा, कृष्णधारा च मृत्युदा ७२**

અર્થઃ—જે રોગીના પીશાબની ધાર ધોળી થાય, તે શુભ જાણવી, પીલી ધાર થાય તો તે મધ્યમ જાણવી, જો રાતી ધાર થાએ તો તે ઘણા દિવશનો રોગ જાણવો, અને કાલી ધાર થાય તો મૃત્યુ જાણવું. અને તે અસાધ્ય રોગ હોવાથી તે નિશ્ચેળ મરે એમ જાણવું ॥ ૭૨ ॥



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



अच्छं च रूक्षं च सितं च वाता, दुष्णारुणं पीतमथातिपित्तात् ॥ स्निग्धं घनं शुक्लतरं कफाच्च, मिश्रैस्तु मिश्रं सकलस्य चिह्नम् ॥७३॥

અર્થઃ--વાત રોગીનું મૂત્ર નિર્મલ, સુકું તથા સફેદ રંગવાલું હોય છે, પિત્ત રોગવાળાનું મૂત્ર લગાર ઉનું હોય છે, રંગ રતાસ ઉપર હોય તથા પીલાસ ઉપર હોય છે; કફ રોગવાળાનું મુત્ર કાંઈક ચીકણું હોય છે, તથા ધાળું હોય છે, તથા વધારે ઘોલું હોય છે. તથા જેને વાત પિત્તને એ ત્રણે રોગો થયા હોય તેને ત્રણે રોગીનાં મળેલાં ચિન્હો થાય છે ॥ ૭૩ ॥

तैरेवासाध्यमादेश्यं मूत्रं वैद्यकवेदिभिः ॥ अजीर्णेन भवेन्मूत्रं, श्वेतं चापि तथारुणं ॥७४॥

અર્થઃ--ઉપર કહ્યા પ્રમાણે અસાધ્ય રોગ જાણવા. અને જેનું મૂત્ર ધોળાં રંગવાલું તથા કાંઇ રતાસ ઊપર થાય છે, તેને અજીર્ણ રોગવાળો જાણવો ॥ ૭૪ ॥

॥ इति मूत्रपरीक्षा संपूर्णा ॥

॥ अथ मलपरीक्षा ॥

वाते बद्धं धूम्रवर्णं रूक्षं चापि मलं भवेत् ॥ पित्ते पीतं च शिथिलं श्वेतं च बहुलं कफे॥१॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



मिश्रिते मिश्रवर्णं स्यात्कृष्णमेव त्रिदोषके ॥
अतिकृष्णं चातिपीतमतिश्वेतं सचंद्रिकम् ॥२॥
अत्युष्णं चातिरक्तं च मलं स्यान्मृत्यवे नृणाम्॥

અર્થઃ—વાત રોગ હોય તો બાંધેલો, ધુસર રંગનો અને રૂક્ષ એવો મલ થાય છે, પિત્તરોગ હોય તો પીલા રંગનો અને ઢીલોક્ષ મલ થાય છે, કફ રોગ હોય તો પીલા ને બહુલ એટલે વધારે થાય છે દ્વંદ્વજ રોગ હોય તો મિશ્ર લક્ષણે કરી યુકત થાય છે. ત્રિદોષથી કૃષ્ણવર્ણ થાય છે, ઘણો કાલો, ઘણો પીળો, ઘણો ધોલો, ચંદ્રિકા યુકત (મોરના પીછાની વચમાં ડાગ છે તેવો) ઘણો ઉષ્ણ ઘણો રાતો એવો મળ હોય તો મરણનું લક્ષણ જાણવું ॥૧॥૨॥

## ॥ अथ जिह्वापरीक्षा ॥

जिह्वा पीता खरस्पर्शा स्फुटिता मारुताधिके ॥
रक्ता श्यामा भवेत्पित्ते कफाच्छुक्ला द्रवा घ-
ना ॥ १ ॥

અર્થઃ-જ્યારે વાતનો વધારો હોય ત્યારે જીભનો રંગ પીલો થાય છે, અડકવાથી કાંટા કાંટા દેખાય, તથ ફાટેલી જણાય છે; પિત્તની વૃદ્ધિ થએથી રતાશ સહિત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કાળા રંગવાળી થાય છે; અને કફનો વધારો થએથી ધોળા રંગવાળી, દ્રવિત તથા સખત હોય છે; અર્થાત્ જાડી થાય છે ॥ ૧ ॥

**वातेन स्फुटिता जिह्वा सुप्ता शालदलोपमा ॥**
**रक्ता श्यावा भवेत् पित्ते कफे सुप्ता च लिप्तका ॥**
**मिश्रलिंगे द्वंद्वता च सर्वे सर्वं विभावयेत्॥२॥**

અર્થઃ—વાત રોગથી જીભ ફાટેલી જણાય, જડતાવાળી દેખાય; તથા સાગના પાંદડાને જેવી ભાસેઃ પિત્તરોગને વિષે રાતા રંગવાળી થાય છે; તથા કાંટાના જેવી થાય છે; કફના રોગથી શિથલ તથા લીંપાયલીની પેઠે થાય છે, અને મિશ્રિત દોષમાં બે રોગનાં ચિન્હો થાય છે, એમજ સન્નિપાતના સમયે ત્રણેનાં ચિન્હોવાળી થાય છે ॥ ૨ ॥

**कृष्णा सकटंका दग्धा सन्निपाताधिके मता ॥**
**मिश्रिते मिश्रिता ज्ञेया रिष्टे लक्षणवर्जिता ॥**
**मनुष्याणां भवेद् घोरा जिव्हा विष विसर्पि-**
**णी ॥ ३ ॥**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અર્થ—સન્નિપાત જ્યારે વધે ત્યારે જીભ કાળી પડી જાય છે; કાંટા વાળી થઈ જાય છે; તથા બળેલી, જેવી થાય છે. મિશ્ર એટલે દ્વંદ્વજ દોષને વિષે બન્ને ચિન્હોવાળી થાય છે; અને રિષ્ટ એટલે મરણ સમયની જીભ બધા લક્ષણોથી રહિત થાય છે, અર્થાત્ તે વખતે જુદાંજ ચિન્હો થાય છે; એટલે બીહામણી થઇને લાંબી થકી મોઢાથી બાહાર નીકળી પડે છે; અથવા જીભ ઉંધી થઇ જાય છે; ઈત્યાદિક જુદાં જુદાં ચિન્હો વાળીને અસાધ્ય કહે છે ॥ ૩ ॥

जिह्वा वातात् प्रसुप्ता स्फुटितविकसिता शुष्कपत्रोपमावा, पित्ताद्रक्ता सदाहा भवति तु परितः कंटकैर्य्या परीता॥ गुर्वी स्थूला च सांद्राः श्रितबहुलकफा शाल्मलींकंटकाभा, सर्वै स्यात् सर्वलिंगा सितरुधिरवहा चित्रवर्णाति रूक्षा ॥ ४ ॥

અર્થ—વાત રોગ થકી જીભ રસસ્વાદ જાણવાપણું મુકી આપે છે; ફાટી જાય છે, પોહોળી થઈ જાય છે ને સુકેલા પાંદડાનાં જેવી થઇ જાય છે. પિત્ત વિકારથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બળતરાવાળી થાય, શતા વર્ણવાળી થાય, બધાં ઠેકાણે કાંટાં કાંટાં જેવું થઇ જાય, કફ રોગમાં ઝાડી થઇ જાય ટાંઢી પડી જાય, બહુ ચિકાશવાળી થાય, તેમ સેમરના ઝાડની પેઠે મોહોટાં કાટાં સહિત થઇ જાય છે. તેમજ સન્નિપાત રોગમાં કહેલાં બધાં લક્ષણો સહિત થાય છે. ઝાલુ લોહી વહેતું રહે, ઇત્યાદિક નાના પ્રકારના વર્ણ સહિત છતાં સુકેલી જીભ થઇ જાય છે ॥ ૪ ॥

## ॥ अथ शब्दपरीक्षा ॥

**गंभीरश्च भवेच्छ्लेष्मा स्फुटवक्ता च पित्तलः ।**
**उभाभ्यां हीनतो वातस्तेषां च स्वरलक्षणम् १**

અર્થઃ--કફવાળા માણસનો સ્વર ગંભીર થાય છે પિત્તરોગવાળા માણસનો અવાજ ખુલ્લો હોય છે અને વાત વિશિષ્ઠનેઃ સમસ્વર એટલે ઉભય મિલિત સ્ફુટમંદ સ્વર યુકત લક્ષણ થાય છે એમ જાણવું ॥ ૧ ॥

## ॥ अथ वर्णपरीक्षा ॥

**वातेन रूक्षगात्रः स्याच्छ्यावः पिंगश्च वा भवेत् ॥ पित्तेन पीतगात्रश्च तैलाभ्यक्त इवापि स्**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



॥ १ ॥ कफात्स्निग्धश्च शुक्लश्च वर्णतोऽयं वि
निश्चयः ॥

અર્થઃ—વાત રોગવાળાનું શરીર રૂક્ષ, ધુસર વર્ણનુ એવું થાય છે, પિત્તરોગવાળાનું શરીર પીલું ને તૈલાભ્યક્ત ( તેલ લગાડેલું ) જેવું થાય છે, કફ રોગવાળાનું શરીર સ્નિગ્ધ ને ધોલું એવું થાય છે ॥ ૧ ॥

## ॥ अथ नेत्रपरीक्षा ॥

नत्रं धूम्रं सजलमनिले रात्रिवर्णेन तुल्यम्, नीलं दीपासहं तत्सरुधिरमसितं दाहयुक्तंचपित्ते ॥ मंदं मंदं च पश्येत् सासितजलमतः कांतिहीनं कफात्तु, ज्ञेयं द्वंद्वाद्विलिंगं त्रिमलजनयनं श्यामभुग्नं सरौद्रम् ॥ १ ॥

અર્થઃ—વાયુ રોગને વિષે નેત્રો ધૂમાડા જેવા રંગવાળાં, રૂખાં, વળી પાણીથી ભીંજાયેલાં થાય છે; પિત્તરોગમાં આંખો હળદરના જેવા પીળા રંગવાળા, થાય છે; તથા નીલા રંગવાળી થાય છે, દીવાને દેખે શકી નહીં, રાતા રંગવાળાં, કાળા રંગવાળાં થાય છે, તથા બળતરા સહિત થાય છે; કફ રોગને વિષે થોડું થોડું દેખી શકે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નેત્રનો ધોળો રંગ થાય છે, તથા દ્વંદ્વથી એટલે બે દોષથી ઉપદ્રવ પામેલું જે નેત્ર તે ઉપર કહેલા બે દોષના લક્ષણે કરી યુક્ત થાય છે, અને સંનિપાત દોષથી વિકાર પામેલુ જે નેત્ર તે કૃષ્ણવર્ણુ ને વક્ર એવું થાય છે ॥ ૧ ॥

**अरुणं धूम्रवर्णं च सरौद्रं च सुचंचलं ॥**
**अभ्यंतरे कियद्दाहं वातनेत्रं तदुच्यते ॥ २ ॥**

અર્થઃ—વાતરોગને વિષે આંખો રાતી થાય છે, તથા ધુમાડા જેવા રંગની થાય છે; ભયાનક રૂપવાળી થાય છે; ચંચળ થાય છે, અને કાંઇક બલતરા સહિત થાય છે ૨

**हरिद्रावर्णसंकाशं रक्तं वा नीलवर्णकम् ॥**
**दीपद्वेषि ससंतापं पित्तनेत्रं तदुच्यते ॥ ३ ॥**

અર્થઃ—હળદના જેવી પીળા રંગવાળી, રાતા રંગવાળી, અથવા નીલ રંગ મિશ્રિત અને દીવાના દેખવાથી સંતાપ સહિત આંખો પિત્ત રોગની ઉત્પત્તિ થવાથી થાય છે એમ જાણવું ॥ ૩ ॥

**सजलं विह्वलं श्वेतं ज्योतिर्हीनं च चंचलम् ॥**
**वीक्ष्यते मंदमंदं च तच्चक्षुः कफजं विदुः॥४॥**

અર્થઃ—કફ રોગની વૃદ્ધિ થએથી આંખોમાંથી પાણી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવે છે વ્યાકુલ થઇ જાય છે, તેજ નીકળી જાય છે, ચંચળ થાય છે તથા થોડું દેખી શકે છે. અર્થાત્ ટુંકી નજર થઈ જાય છે ॥ ૪ ॥

शुक्ले कफेऽक्षिणीज्ञेये रक्ते पित्ते सपीतके ॥
रूक्षे धूम्रे तथा वातेऽलसे पद्मदलोपमे ॥ ५ ॥

અર્થઃ—કફથી આંખો ધોળી થાય છે, પિત્તરોગથી રાતી થાય છે, તથા પીળા રંગની થાય છે, વાયુરોગથી ધુઆડાંના રંગ જેવી થાય છે, રૂક્ષ થાય છે; સુસ્ત થાય છે, તથા કમલના દલની પેઠે થાય છે ॥ ૫ ॥

श्यामं निमग्नसंकाशं तंद्रामोहसमान्वितम् ॥
सरौद्रं रक्तवर्णं च भवेच्चक्षुस्त्रिदोषजम् ॥ ६ ॥

અર્થઃ—વાત પિત્ત ને કફ એ ત્રણ દોષને વિષે આંખો કાળા રંગવાળી થાય, જલમાંહે પેશી ગએલી મગ્ન જેવી થાય, સુસ્તવાળી થાય, મોહસહિત થાય, તથા રાતા રંગવાળી જણાય છે ॥ ૬ ॥

## ॥ अथ दूतलक्षणम् ॥

आतुरोपक्रमार्थी च दूतो याति भिषग्गृहे ॥
परीक्षणं तस्य कार्यं येन संलक्ष्यते गदः ॥१॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અર્થ—રોગીની ચિકિત્સાના કામવાલો માણસ વૈદ્યના ઘરમાં ગમન કરે તે દૂતની પરીક્ષા કરવાથી રોગ લક્ષિત થાય છે. ॥ ૧ ॥

## ॥ अथ शुभदूतलक्षणम् ॥

शुक्लं वासो वसानः शुचिरपि धवलः श्यामलो वा सुरूपः स्वज्ञातिर्वा स्वगोत्रो धृतिमतिसहितोऽलंकृतो मंगलाढयः ॥ पद्भ्यां वा गोश्वयानैर्नृवहनमधिरुह्यागतः स्विंगितश्च प्राज्ञे तुष्टः स्वतंत्रः स च वर उदितः कार्यकर्ता विधिज्ञः॥१॥

અર્થ—ધોલું વસ્ત્ર પરિધાન કરેલો, પવિત્ર, ગૌરવર્ણ, અથવા શ્યામવર્ણ, રૂપવાન, આપણા જ્ઞાતીનો, અથવા આપણા ગોત્રનો, ધીર, બુદ્ધિમાન્, અલંકારયુક્ત, પુષ્પમાલાદિક ધારણ કરનારો, પગથી આવેલો, બલદની ગાડીમાં કિંવા ઘોડાની ગાડીમાં બેસી આવેલો, અથવા પાલખીમાં બેસીને આવેલો, જેનું ઇંગિત ( અંગચેષ્ટા ) સારૂં છે, સંતુષ્ટ, સ્વતંત્ર એવો દૂત હોય તો કર્મની સિદ્ધિ અવશ્ય થાય એમ જાણવું ॥૧ ॥

शुक्लांबराः फलकरा दूताश्च प्रियवादिनः ॥
अद्वितीयाश्च भक्ताश्च वैद्याव्हाने प्रपूजिता॥२॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અર્થ—ધોલાં લુગડાં પેહેરીને, કાંઈ ફલ લઈ આવે, મીઠું બોલનાર હોય, તથા અદ્વિતીય ભકત હોય એવો દૂત વૈધના આંહ્વાનમાં ગમન કરે તો તે શ્રેષ્ઠ જાણવો. ॥ ૨ ॥

## ॥ अथ अशुभदूतलक्षणम् ॥

अर्द्राश्लेषामघा मूलज्येष्ठासु भरणीषु च ॥
उपसर्पंति ये वैद्यं दूताश्च तेपि गर्हिताः ॥ १ ॥

અર્થઃ—આર્દ્રા, આશ્લેષા મઘા મૂલ જ્યેષ્ઠા અને ભરણી એટલા નક્ષત્રોમાંના ગમે તે નક્ષત્રમાં જે દૂત વૈધને ત્યાં પૂછવા આવે, તો તે અશુભ જાણવો, અર્થાત્ નિંદિત જાણવો ॥ ૧ ॥

द्वौ त्रयश्चैव चत्वारः स्त्रीबालवृद्धषंडकाः ॥
दुष्टवाक्यप्रवक्तारो रक्षोग्नियमदिक्स्थिता ॥२॥

અર્થઃ—બબે, ત્રણ ત્રણ, ચાર ચાર સ્ત્રીઓ, બાલ ગરઢાઓ, તથા નપુંસક દક્ષિણ દિશામાં અગ્નિખુણે, તથા નૈઋતાદિક દિશાઓમાં સ્થિત થઈને દુષ્ટ ભાષણ કરે અને ॥ ૧ ॥

खरोष्ट्रमहिषारुढः प्लुतो गद्गदकच्छ्रवाक् ॥
पाखंडी स्त्री च रोगार्तो न शस्तो दूतकर्माणि ३

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અર્થઃ—ગધેડું, ઉંટ, પાડો, એટલા પશુઓની ઉપર ચડેલો આર્દ્ર થએલો, ગદ્ગદ્ કંઠે થએલો, પાખંડી રોગ યુકત હોય, તે દૂતના કામમાં સારો કહેવાયલો નથી. વળી તે દૂત અશુભ કારક જાણવું. ॥ ૩ ॥

शस्त्रास्त्रधारिणो भस्मपाषाणास्थिसमायुतान्॥
एवं न गच्छेत्सुभिषक् यशःप्राप्तिर्न विद्यते॥४॥

અર્થઃ—શસ્ત્ર તથા અસ્ત્ર, ભસ્મ ધારણ કરણારા એ બધાના દેખાવાથી વૈદ્યને યશની પ્રાપ્તિ થાય નહીં એવું જાણવું ॥ ૪ ॥

एको वा गच्छते दूतो गृहीत्वा वंशयष्टिकाम्॥
मरणं तस्य जानीयाद्दिवसे सप्तमे तथा ॥ ५ ॥

અર્થઃ—એકલો દૂત વાંસની લાકડી લઇને ગયો હોય તો તે રોગીનું સાત દિવસમાં મરણ જાણવું ॥ ૫ ॥

षडांध मूढबधिरं रुजपीडितं वा,
बालं स्त्रियं च विकलं तृषितं च दीनम्॥
श्रांतं क्षुधातुरमपि भ्रमितं च जीर्णम्,
दूतं न शस्तमपि वेदविदो वदंति ॥ ६ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અર્થઃ—નપુંસક, અંધ, મૂર્ખ, બધિર, રોગી, બાલક, સ્રી, વિકલ, તૃષાયુકત, ખેદવિશિષ્ટ, ક્ષુધાતુર, મત્ત, જીર્ણ દેહ, એટલા પ્રકારના દુતો વેદ જાણનારા પંડિતો એ પ્રશસ્ત કહેલા નથી એમ જાણવું ॥ ૬ ॥

**चर्म्मादिहस्ताः परिषेककाले, निशि प्रिये भोजनकालएव ॥ पृष्ठप्रदेशे दिशि चापि याम्या, मत्युच्च भागेभिषजो विशेषात् ॥७॥**

અર્થઃ—હાતમાં ચામડાં સહિત, પરિષેક કાલ, ભોજન કાલ, તથા રાતના વખતે વૈદ્યની પુઠે પાછલ, દક્ષિણ દિશામાં, તથા અતી ઉંચા સ્થાનમાં રહીને પ્રશ્ન કરે વગેરે એવા દૂતના આગમનથી અર્થની યશની પ્રાપ્તિ થાય નહી. ॥ ૭ ॥

**नपुंसकस्त्रिबिहवश्च नग्ना, पाशायुधाः पाणि विषाणिनो वा; सितेतरैश्चापि पटैर्वृतांगाः स्निग्धार्द्रदेहास्तृणखंडिनश्च ॥ ८ ॥**

અર્થઃ—નપુંસક, સ્રી, ઘણાં નાગાં માણસો, પાશાદિ યુકત એટલે ફાંસી આદિ યુકત હોય, હાથ બાંધેલા હોય, સીંગડાવાળાં બેલ વગેરે સામા આવે, ધોળાં લુગ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કા વિના આચ્છાદિત એટલે વીંટેલાં લુગડાં, સ્નિગ્ધ એટ લે આર્દ્ર છે દેહ જેમનો અને તૃણ ખંડીઓ સારા નહીં ૮

**अग्रभागेपि चायुष्यं कष्टं पृष्ठे विभाव्यते ॥**
**वामे च शिरसः पीडा मृत्युर्भवति दक्षिणे ॥९॥**

અર્થઃ—વૈદ્યની પાસે આગલા ભાગમાં સ્થિત થઈને કુશળ ઉચ્ચાર કરે તો તેના આયુષ્યની વૃદ્ધિ થાય, પાછળ ભાગમાં બોલે તો કષ્ટ થાય, ડાબી બાજુએ બોલે તો મા થાની પીડા થાય, અને જો દક્ષિણ ભાગમાં બોલે તે નિ શ્ચયે મરણની પ્રાપ્તિ થાય ॥ ૯ ॥

## ॥ वैद्योत्तमशकुनानि ॥

**भेरीमृदंगमृदुपल्लवशंखवीणा, वेदध्वनिर्मधुरमंगलगीतघोषाः॥ पुत्रान्विता च युवतिः सुरभिः सवत्सा, धौतांबरश्च रजकोऽभिमुखः प्रशस्तः ॥ १ ॥**

અર્થઃ—ભેરી, મૃદંગ પલ્લવ શંખ, વીણા, (માદલ) પુત્ર સહિત સ્ત્રી, વાછડાવાળી ગાય, વેદ ધ્વનિ, મંગલ ગીતશબ્દ, ધોએલાં વસ્ત્ર સહિત, ધોબી એટલા સામા આવે તો શુભ છે. એમ જાણવું ॥ ૧ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**मद्यं मांसं मधुच्छत्रं चामराक्षतदर्प्पणाः ॥**
**गोरोचनलता पुष्पवस्त्रालंकरणानि च ॥ २ ॥**

અર્થઃ—મધ, માંસ, મધ, છત્ર, ચામર, અક્ષત, દર્પણ, ગોરોચન, વેલ, પુષ્પ, વસ્ત્ર તથા અલંકાર એટલાં સામાં મળે તો શુભ છે ॥ ૨ ॥

**राजा विप्रः सुहृद्वेश्या कुमारी वरवर्णिनी ॥**
**दधिचंदनदूर्वाश्च गजाश्व सुरभिर्वृषः ॥ ३ ॥**

અર્થઃ—રાજા, બ્રાહ્મણ, સજ્જન, વેશ્યા, કુંવારી કન્યા, ઉત્તમા સ્ત્રી, દહી, ચંદન, દુર્વા, હસ્તિ, ઘોડો, ગાય તથા બેલ એટલાં સામાં મળે તો શુભ છે ॥ ૩ ॥

**फलं परिणतं वीणा, पंकजानि नृपासनं ॥**
**दृष्ट्वैतानि नरः कुर्य्या, द्दक्षिणेन विशेषतः॥४॥**

અર્થઃ—પાકેલું ફલ, વીણા, કમલ, સિંહાસન, એટલી વસ્તુ બધી વેધના આગલના ભાગમાં અથવા જમણી ત રફ દેખાડવામાં આવે તો સર્વ કાર્યની સિદ્ધિ થાય છે ૪

**रूप्यताम्रमणिस्वर्णप्रतिमागोमयध्वजाः ॥**
**मृत्तिकाशस्त्रशाकानि घृतमीनप्रदीपकाः ॥५॥**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અર્થઃ—રૂપું, ત્રાંબુ, મણિ, સોનું, પ્રતિમા, ગોમય, ધજા મોટી, હથીઆર, શાક, ઘી, માછલું તથા બલતો દીવો, એ સામાં મળે તો શુભ છે ॥ ૫ ॥

॥ वैद्यस्य निषिद्धशकुनानि ॥

तृणतुषफणिचर्म्मांगारकर्णासपंकैर्लवणगुडवसास्थिक्लीबतैलौषधैश्च ॥ रिपुविडसितधाम्यव्याधिसंयुक्ततक्रैः पतितजटिलमुंडोन्मत्तवातैर्न सिद्धिः ॥ १ ॥

અર્થઃ-ઘાસ, તુસ, સર્પ, ચામડું, અંગાર, કપાલ, કાદવ, લવણ, ગોલ, ચરબી, હાડકાં, નપુંસક, તેલ, એષધ શત્રુ, વિષ્ઠા, કાળું ધાન્ય, રોગી, છાસ, પતિત, જટાવાળો, મુંડાયલો ઉન્મત્ત, એટલાના શકુનથી કાર્યસિદ્ધિ થાય નહિ ॥ ૧ ॥

संन्यासिनः पाणिविमर्द्दकाश्च, घ्राणस्पृशः प्रस्तरभेदिनश्च ॥ नखद्विजोर्ध्वांगकघर्षशीलाः शोकाकुलाश्चापि गदाभिभूताः ॥ २ ॥

અર્થઃ—સન્યાસી, હાથને મર્દન કરવાવાળો, નાકને ચોળનારો, પથરને ભેદવાવાળો, શોકથી આકુળ થ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એલો, અને રોગથી પીડાએલો સામો આવે તો તે ખરાબ જાણવા ॥ ૨ ॥

**द्वारघातो दृशां संघो विलंबः पाणिपादयोः ॥**
**एतानि दुर्निमित्तानि वर्जनीयानि सर्वदा॥३॥**

અર્થઃ—દરવાજામાં હિંસા થતી હોય તો, નેત્રનો બંધ, પાણિ પાદ સ્તંભ, એ બધા દુર્નિમિત્તોનો ત્યાગ કરીને વૈદ્યે ચિકિત્સાને માટે ગમન કરવું. એ બધાં અશુભ છે ૩

**मुक्तकेशास्थिकार्पासमार्जारोरगपन्नगाः ॥**
**रोदनं हदमानस्य वाहनस्य पलायनम् ॥४॥**

અર્થઃ—છુટેલા બાળવાળો પુરૂષ અથવા મુકત કેશવાળી સ્ત્રી, હાડકાં કપાસ, બિલાડું, સર્પ, પન્નગ, રોદન, પુરીષોત્સર્ગ, વાહન, તથા નાશતો જતો હોય તે. એ અશુભ છે ॥ ૪ ॥

**रजो भस्म तुषांगारगुडतैलखलोपलाः ॥**
**गुर्विणी तैलस्निग्धांगनग्नमुंडरजस्वलाः॥ ५ ॥**

અર્થઃ—રજ, ભસ્મ, ભૂસો, અંગાર, ગોળ, તૈલ, ખોળ, પથરો, સગર્ભા, તેલથી ચીકણા અંગવાળો, નગ્ન મુંડવાળો, રજસ્વલા, એટલાંના શકુનો શુભ નથી ॥ ૫ ॥

**॥ इति कालज्ञाने दूतादिलक्षणम् ॥**

૭

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ॥ अथ ज्वरनिदानम् ॥

मिथ्याहाराविहाराभ्यां दोषा ह्यामाशयाश्रिताः॥
बहिर्निरस्य कोष्ठाग्निं ज्वरदाः स्यूरसानुगाः॥१॥

અર્થ:—મિથ્યાહારથી (વખત વગરનું જમવું, ખરાબ ભોજન કરવું, કુપથ્થ ખાવું વગેરે મિથ્યા આહાર) અને મિથ્યાવિહારથી આમાશયમાં ઉત્પન્ન થયેલા દોષો જઠરાગ્નીને પેટમાંથી બાહેર કાઢીને રસ ધાતુમાં આવે છે, તેથી શરીર તપ્ત થાય છે, તેને લોકમાં તાવ કહે છે ॥૧॥

## ॥ ज्वरस्य पूर्वरूपम् ॥

श्रमोऽरातिर्विवर्णत्वं वैरस्यं नयनप्लवः ॥
इच्छाद्वेषौ मुहुश्चापि शीतवातातपादिषु ॥२॥
जृंभांगमर्दो गुरुता रोमहर्षोऽरुचिस्तमः ॥
अप्रहर्षश्च शीतं च भवंत्युत्पत्स्यति ज्वरे॥३॥
सामान्यतो विशेषात्तु जृंभात्यर्थं समीरणात् ॥
पित्तान्नयनयोर्दाहः कफान्नान्नाभिनंदनम् ॥४॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અર્થઃ--મેહનત કરચા વગર શ્રમ, ઉદાસીનપણું, નિસ્તેજપણું, મુખને અરૂચિ, આખો પાણીમાં ભરાયેલા, શીત, વાત અને ઉષ્ણ એની ઉપર ઘડી ઘડીમાં ઈચ્છા તથા દ્વેષ થાય છે, બગાસાઓ, અંગનું ભાંગવું, અંગનું ભારે થવવું, રોમાંચ, આંખોની સામે અંધારૂં આવવું, મનમાં આનંદનો અભાવ અને ટાઢનું વાગવું. અટલા લક્ષણોં જ્વર ઉત્પન્ન થવાનો હોય તો થાય છે. જ્વર ઉત્પન્ન થવાનો હોય તો તેનાં વિશેષ લક્ષણોં આવી રીતે જાણવા. કે વાતજ્વર આવવાનો હોય તો બગાસાઓ ઘણી આવે છે, પિત્તજ્વર આવવાનો હોય તો નેત્રને દાહ ઘણો થાય છે, કફજ્વર આવવાનો હોય તો અન્નની ઉપર ઘણીજ અરૂચિ થાય છે, એમ જાણવુ ॥ ૨ ॥ ૩ ॥૪॥

## ॥ वातज्वरलक्षणम् ॥

देहः कंटकितः सवारि नयनं हृत्कंप आतोदनं; कंडूश्च श्वसनं सशोफवमनं मूत्रं सुवर्णप्रभम् ॥ शैथिल्यं कटिरोधदंतरुधिरं कुक्षौ च वातग्रहः, स्यान्मिष्टं मुखमम्लमिच्छति गणैरेभिश्च वातज्वरः ॥ ५ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અર્થ—દેહ રોમાંચિત થાય, આંખ જલજલી થાય, હૃદય કંપે, હર્ષ આવે, શરીરે પાંજ હોય, શ્વાસ ચઢી આવે,શરીર ઉપર સોજો થાય, ઉલટી થતી હોય,મુત્રનો રંગ સોના જેવો હોય, શરીર શિથિલ થાય, કેડ દુખે, દાંત થી લોહી નીકળે, પેટમાં વાયુ સંગ્રહ ધરે; આંખ દુખે, વાયુ વ્યાપે, મુખ મીઠું લાગે, અને ખાટી વસ્તુ ઉપર ખાવાનો ઘણો ભાવ થાય, એટલા લક્ષણથી વાતજ્વર જાણવો ॥ ૫ ॥

**शीतं कंपो भ्रमो रोम, हर्षः स्फोटः शिरोव्यथा॥**
**कषायमुखता शोषः, कासो वातोद्भवे ज्वरे॥६॥**

અર્થઃ—જેને ટાઢ ઘણી વાગતી હોય, કાંપરાએ કરી ડીલ ધુજતાં હોય; ભ્રમ થાએ, રોગ ઉભાં થાય, હર્ષ ઉપજે, આંગમાં ફોડ ઘણી થાય; માથામાં ઘણી પીડા થાય, કષાયલું મુખ થાય, કંઠને વિષે શોષ પડતો જાય, અને ઉદ્રસ થાય. એટલાં ચિન્હેકરી યુક્ત જે પ્રાણી હોય તેને વાતજવર છે એમ જાણવું. ॥ ૬ ॥

## ॥ पित्तज्वरलक्षणम् ॥

**पित्ते संभ्रमता मुखे कटुकता श्वासोष्णतार-**
**क्तता, मूत्रे क्षिप्राशिरोर्त्तिरंगदहनं पार्श्वास्थि-**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



बाधारुचिः ॥ शोषः पश्यति नीलपीततिमिरे रक्ते च नेत्रे भ्रमः, कोपो विस्मयरोदनानि लपते पित्तज्वरे लक्षयेत् ॥ ७ ॥

અર્થઃ--પિત્તજ્વરને વિષે દેહને ભ્રમાવે, મુખ કડવું કરે, શ્વાસ ઉનો આવે, રાતે ઘણું મુત્રે, માથાની પીડા થાય, અંગ રાતા થાય, શરીર બલે, ફાસળીઓ દુખે, અરૂચિ થાય, શોષ પડે, નીલાં પીલાં પડલાદિ તમર દેખે; આંખ રાતી રહે, ભ્રમ થાય, કોપ ચડે, વિસ્મયે રૂવે, મુખે ઘણું બોલે, એ પિત્તજ્વરનાં લક્ષણો જાણવાં ॥ ૭ ॥

शिरोर्त्तिश्च भ्रमो मूर्च्छा, प्रतापो रक्तमूत्रता ॥ आक्षिदाहः कटु मुखं, पित्तज्वरस्य लक्षणम् ८

અર્થઃ-માથામાં ભાર ઘણો લાગે, ને પીડા પણ થાય, ભ્રમણા જેવું લાગે, મુર્છા થાય, તાપ ઘણો થાય, મૂત્ર રાતું થાય, મુખ કડવું થાય. આ લક્ષણથી પિત્તજ્વર જાણવો ॥ ૮ ॥

॥ कफज्वरलक्षणम् ॥

नेत्रे वारियुते गलो ग्रहयुतो श्वासो मुखे क्षारता; पादौ दाहयुतौ करौ च कुटिलं मूत्रं शिरोरोध;

For Private And Personal Use Only

**नम् ॥ शोषः सर्वशरीरसंधिषु तथा बाधा च संजायते, सप्रस्वेदमिदं कलेवरमहो सोऽयं कफाख्यो ज्वरः॥**

અર્થઃ—આંખો પાણીના જેવી જલજલી રહે, ગલું ગ્રહેલું રહે, શોખ લાગે, શ્વાસ થાય, મોઢું ખારૂં ને કડવું થાય, પગે દાહ થાય, મૂત્ર દુખથી આવે, માંથું દુખે, કંઠ સુકાય, શરીરના સર્વે સાંધાં દુખે; શરીરમાં પસીનું થાય, એવા લક્ષણોથી કફજવર જાણવો ॥

## ॥ वातपित्तज्वरलक्षणम् ॥

**तृष्णा मूर्छा भ्रमो दाहो निद्रानाशः शिरोरुजा ॥ कंठास्यशोषो वमथूरोमहर्षोऽरुचिस्तमः॥ पर्वभेदश्च जृंभा च वातपित्तज्वराकृतिः॥९॥**

અર્થઃ—તરસ, ઘણી લાગે, મૂર્છા, ભ્રમ ને બળતર, થાય, ઊંઘ નહીં આવે, માથું દુખે, કંઠ, મોઢું સુકાય, ઉલટી થાય, કેસ ઉભા રહે, મુખને અરૂચી આવે, આંખની ઉપર પડળ આવે, હાથના સંધીમાં ફુટણી થાય, બગાસાઓ ઘણી આવે, આટલા વાતપિત્તજ્વરનાં લક્ષણો છે ॥ ૯ ॥

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



॥अथ वातश्लेष्मज्वरलक्षणम्॥

स्निग्धं क्षारमुखं शिरो व्यथयते सर्वांगपीडा भवेत्; नेत्रे वारियुते करोति वमनं रोमांचता श्लेष्मणि॥ दीर्घं निश्वसनं तथार्तिदहनं चानिद्रदोषाकुले, मूत्रं फेनसमाकुलं निगदितं वातज्वरे श्लेष्मणि ॥ १० ॥

અર્થઃ--મોઢું ચીકણું, ખારૂં તથા ખાટું થાય, માથું દુખે, સર્વ અંગે પીડા થાય, આંખ પાણીથી ભરાય, વમન છર્દિ કરે, રોમાવલિ ઉભી થાય, ઘણો શ્વાસ ચડે, દાહ થાય, નિદ્રા આવે, અંદર ડીલ દાઝે; રોગ વડે ઘણું આકુલ વ્યાકુલ થાય, તથા મૂત્ર ઉપર ફીણ આવે. એટલાં લક્ષણોથી વાતશ્લેષ્મજવર જાણવો ॥ ૧૦ ॥

॥ पित्तश्लेष्मज्वरलक्षणम् ॥

लिप्ततिक्तास्यता तंद्रा मोहः कासोऽरुचिस्तृषा॥ मुहुर्दाहो मुहुः शीतं पित्तश्लेष्मज्वराकृतिः॥११॥

અર્થઃ-મોહોડું કફેકરી લિંપીને કડવું થાય, અળસ આવે, ભૂલ આવે, ઉધ્રસ થાય, મુખને અરૂચિ આવે,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તરસ ઘણી લાગે, ફરી ફરીથી બળતર થાય, અને તાડપ ણ વાય, એવાં લક્ષણ થયાં તો પિત્તજવર જાણવો ૧૧

॥ सांनिपातज्वरलक्षणम् ॥

चक्षुर्भ्रमो मनः शून्य, मघोरं चित्तशून्यता ॥
विव्हलं जायते वाक्यं, सन्निपातस्य लक्षणम् १२

અર્થઃ—આંખ ભરમે, મનમાં શૂન્યતા થાય, અઘોર ચિત્ત શૂન્યતા, વચન વિંહ્વલ બોલે, એ લક્ષણોથી સન્નિપાત જાણવો ॥ ૧૨ ॥

पीते वा लोहिते नीले, लोचने शीतलं वपुः ॥
भ्रमः कासो मुखं तप्तं, सन्निपाते स्वरो गतः १३

અર્થઃ—આંખથી નીળું પીળું દેખાય, શરીર ટાઢું થાય, શરીર ભ્રમે, ખાંસી થાય, મુખ તપે, એ સન્નિપાતનાં લક્ષણ જાણવાં ॥ ૧૩ ॥

क्षणे दाहः क्षणे शीतमस्थिसंधिशिरोरुजा ॥
सास्त्रावे कलुषे रक्ते निर्भुग्ने चापि लोचने १४
सस्वनौ सरुजौ कर्णौ कंठः शूकैरिवावृतः ॥
तंद्रा मोहः प्रलापश्च कासःश्वासोऽरुचिर्भ्रमः॥

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



परिदग्धा खरस्पर्शा जिह्वा स्रस्तांगता परम् ॥१५॥ ष्ठीवनं रक्तपित्तस्य कफेनोन्मिश्रितस्य च ॥ शिरसो लुंठनं तृष्णा निद्रानाशो हृदि व्यथा ॥ १६ ॥ स्वेदमूत्रपुरीषाणां चिराद्दर्शनमल्पशः ॥ कृशत्वं नाति गात्राणां सततं कंठकूजनम् ॥ १७ ॥ कोठानां श्यावरक्तानां मंडलानां च दर्शनम् ॥ मूकत्वं स्रोतसां पाको गुरुत्वमुदरस्यच ॥ १८ ॥ चिरात्पाकश्च दोषाणां संनिपातज्वराकृतिः ॥

અર્થઃ—ક્ષણ માત્રમાં બલતરા થાય, ક્ષણમાત્રમાં ટાઢવાય, (શરીરની) સંધિ અને માથામાં પીડા થાય. આખોમાંથી પાણિ પડયા કરે તથા લાલ નેત્ર રહે અને ત્રાસી આખો થાય, કાનમાં પીડા અને શબ્દ થયા કરે, ગળુ ખરસહ થાય, આલસાથી શરીર ભાગે, મનમાં બે ભાન, જેમ તેમ બોલવું, કાસ, શ્વાસ, અરૂચી, ચકરી, જીભ કાલી પડી જવી, તેના ઊપર છારા પડી જાય, શરીર શીતળ જેવું રહે. રક્ત, પિત્ત અને કફની સાથે બડખા નીકળે,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માથુ ડગ્યા કરે, તરશ લાગે, નિદ્રા આવે નહી, છાતિમાં પીડા થયા કરે, ઘણે વખતે પરસેવો, મૂત્ર, અને ઝાડો આવે, તે પણ થોડો દેખાય, શરીરનાં અવયવો ઘણી સુકાઇ જાય નહી, હમેશાં કંઠમાં જાળની પેઠે શબ્દ થાય, શરીર ઉપર કાળાં તથા રાતાં ચાંભાં દેખાય, બોલેજ નહી, નાક મોઢું વગેરે છીદ્રોમા પાક થાય, પેટ વધે, અને ઘણે કાલે દોષ એટલે વાત પિત્ત અને કફનો પાક થાય. તે સન્નિપાત જવરનું રૂપ જાણવું. ॥ ૧૪ ॥ ૧૫ ॥ ૧૬ ॥ ૧૭ ॥ ૧૮ ॥

**आहारात्सितमूत्रं च, वृद्धिं याति यदा किल ॥**
**उर्ध्वं पीत मधो रक्तं, मूत्रं चे द्रोगिणां तदा ॥**
**पित्तप्रकृतिसंभूतं, सन्निपातस्य लक्षणम् ॥१९॥**

અર્થઃ—અજીર્ણ રોગવાળાને ધોળું મુત્ર થાય, ને તે પછી જ્યારે વૃદ્ધિને પામે ત્યારે તે ઉપર પીળું ને નીચે રાતું એવો રોગીને પેશાબ જ્યારે થાય, ત્યારે પિત્ત પ્રકૃતિ થકી ઉત્પન્ન થએલો સન્નિપાત રોગ તેણે જાણવો, એ લક્ષણ. ॥ ૧૯ ॥

## ॥ विषमज्वरलक्षणम् ॥

**यः स्यादनियतात्कालाच्छीतोष्णाभ्यां तथैव च॥**
**वेगतश्चापि विषमो ज्वरः स विषमः स्मृतः२०**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અર્થઃ-જે જ્વર પ્રથમ તાડ વાગીને અને પશ્ચાત્ ઉ ષ્ણતા ઉત્પન્ન થઇને આવે છે, જે જ્વરનો આવવાનો વ ખત નિયમિત નથી, અને જે આવે છે ત્યારે શરીરમાં વે ગ આવે છે, તેને વિષમજ્વર કહેવો ॥ ૨૦ ॥

॥ अथ विषमज्वरभेदाः ॥

संततःसततोऽन्येद्युस्तृतीयकचतुर्थकौ ॥ २१ ॥

અર્થઃ-સંતત, સતત, અન્યેદ્યુ, તૃતીયક અને ચતુ ર્થક આ પાંચ પ્રકાર વિષમજ્વરનાં છે ॥ ૨૧ ॥

अथ शीतज्वरलक्षणम् ॥

त्वक्स्थौ श्लेष्मानिलौ शीतमादौ जनयतो ज्व रम् ॥ तयोः प्रशांतयोः पित्तमन्ते दाहं करोति च ॥ २२ ॥

અર્થઃ-જે મુકરર વખત શિવાય ટાઢ અને પાછલ તાવ એવી રીતે આવે, તેનો વેગ પણ કાંઈ જુદા પ્રકારનો હોયે તે વિષમજ્વર કહેવાય છે ॥ ૨૨ ॥

॥ जीर्णज्वरलक्षणम् ॥

चतुर्दशाभ्य ऊर्ध्वं च तिष्ठेद्वातज्वरो यदि ॥
दिनानां विंशतेरूर्ध्वं तथा पित्तज्वरोऽपि च२३

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



कफज्वरस्तथाष्टाविंशतेरूर्ध्वं च यः स्थितः ॥
जीर्णज्वरं तमाहुश्च चिकित्सिकवराः खलु २४

અર્થ:—ચૌદ દિવસ ઉપર જો વાતજ્વર રહે, વીસ દિવસ ઉપર જો પિત્તજ્વર રહે, તથા અઠાઈ દિવસ ઉપર જો કફજ્વર રહે તો તેને જીર્ણ જ્વર કેહેવો ॥ ૨૩ ॥૨૪॥

॥ स्वेदज्वरलक्षणम् ॥

निद्रा विजृंभणं स्फोटा, अंगस्वेदस्तथैव च ॥
एतानि यस्य चिह्नानि, सस्वेदज्वर उच्यते २५

અર્થ:—જે માણશને નિદ્રા ઘણી આવે, બગાસાં ઘણાં આવે, આંગમાં ફુટણી થાય, અને શરીરમાં પરસેવો ઘણો આવે એટલાં ચિન્હોએ કરી સહિત જે માણસ હોય તેને સ્વેદજ્વર જાણવો ॥ ૨૫ ॥

॥ रक्तज्वरलक्षणम् ॥

अंगभंगो मुखश्वासो, गात्रच्छायाक्षिरक्तता ॥
एतच्चिन्हं भवेद्यस्य, स रक्तज्वर उच्यते॥२६॥

અર્થ:—જેનું અંગ ભંગાતું હોય, મોઢામાંથી શ્વાસ ઘણો નીકળે; શરીરની છાયા રાતી થાય, અને આંખો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પણ રાતી થઇ આવે. એવાં ચિન્હો જે રોગી માણસને દીઠામાં આવે તો તેને રકતજવર છે એમ જાણવું ॥ ૨૬ ॥

॥ मलज्वरलक्षणम् ॥

शोषो दाहः प्रलापोंग, देहभंगः शिरोव्यथा ॥
एतानि यस्य चिह्नानि, स विज्ञेयो मलज्वर २७

અર્થઃ--કંઠને વિષે શોષ થાય, શરીરને વિષે દાહ આવે; પ્રલાપ થાય; શરીર તૂટે; માથું દુખે, એટલાં ચિન્હો જેનામાં દીઠામાં આવે, તે માણસને મલજવર છે, એમ માનિયે ॥ ૨૭ ॥

॥ छर्दिज्वरलक्षणम् ॥

जृंभोदरव्यथा स्फोटा, ह्यशाक्तिश्छर्द्दनं तथा ॥
एतानि यस्य चिन्हानि, सोपि छर्दिज्वरःस्मृत २८

અર્થઃ—જે માણસને બગાસાં ઘણાં આવે; પેટમાં ઘણી પીડા થાય; આંગ ફુટે; શરીરમાં શકિત ન રહે, અને છર્દિ ઘણી હોય; એવાં ચિન્હોવાળાંને છર્દિ જવર કહિયે ॥ ૨૮ ॥

॥ ज्वरे दोषत्रयलक्षणम् ॥

पित्ते तृष्णा च मूर्छा च, वाते शूलं प्रजायते ॥
कफे निद्रा हृदि दाह, एवं त्रितयलक्षगम् २९

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અર્થઃ--પિત્તજ્વર હોય ત્યારે તરશ ઘણી લાગે, મૂર્છા આવે, વાયુરોગ હોય, ત્યારે શૂલ આવે, અને કફરોગ હોય ત્યારે નિદ્રા ઘણી આવે, હૈયું દાઝે, એ સર્વે દેહોનાં લક્ષણો જાણવાં ॥ ૨૯ ॥

॥ कालज्वरलक्षणम् ॥

अंगस्वेदः शिरस्तापः, शीतता हस्तपादयोः ॥
एनानि यत्र चिन्हानि, स कालज्वर उच्यते ३०

અર્થઃ—જે માણશના આંગમાં પશીનું આવે, ઉપર તાવ આવે, હાથ અને પગ ટાઢા થઇ જાય. એ ત્રણ ચિન્હ વાળા રોગીને કાલજ્વર છે એમ માનવું ॥ ૩૦ ॥

॥ असाध्यज्वरलक्षणम् ॥

आरंभाद्विषमो यस्तु, ज्वरो वा दीर्घरात्रिकः ॥
गंभीरतीक्ष्ण वेगार्तं, ज्वरितं परिवर्जयेत् ॥३१॥

અર્થઃ--જે તાવ આદિમાં વિષમ દીઠામાં આવે, અને ઘણા દિવશો સુધી કાયમ રહે, અને ગંભીર તથા તીક્ષણ વેગવાળો હોય તો તેવા જવરનો ત્યાગ કરવો જોઈએ, કારણ કે તે અસાધ્ય છે ॥ ૩૧ ॥

For Private And Personal Use Only

## ॥ पच्यमानज्वरलक्षणम् ॥

ज्वरवेगोऽधिका तृष्णा, प्रलापः श्वसनं भ्रमः ॥
मलप्रकृतिरुत्क्लेदः पच्यमानस्य लक्षणम् ॥३२॥

અર્થઃ—જે માણસને જ્વરનો વેગ અધિક હોય, તરશ ઘણી લાગતી હોય, આળ પંપાળ ઘણું કરતો હોય, સીસ ચઢતું હોય, શરીર ભમતું હોય, મલ પ્રકૃતિનો કલેશ થતું હોય તેને મલ પાકો તાવ કહિયે ॥ ૩૨ ॥

## ॥ ज्वराणांकालमानम् ॥

वातके सप्तरात्राणि, दश रात्राणि पित्तके ॥
कफे द्वादश रात्राणि, ज्वरमानस्य लक्षणम् ३३

અર્થ--વાતજ્વર સાત રાતમાં પાકી જાય છે, પિત્ત જ્વરની મુદત દશ દિવશની છે; કફજ્વર બાર રાત્રિ સુધી રહે છે, એવી રીતે તાવનાં માનનાં જુદાં જુદાં લક્ષણો જાણવાં ॥ ૩૩ ॥

विरेको विरसोद्गार, छर्दिः पीडा व्यथोदरे ॥
भवंत्येतानि चिन्हानि, दुष्टान्याजीर्णके ज्वरे ३३

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અર્થ—(ખાટા) રસ વગરના ભૂંડા ડકાર આવે, ઝાડો થાય, ઊલટીઓ કરયા કરે, અને પેટમાં પીડા થાય, એટલાં ચિન્હો જે માણસને થતાં હોય, તેને અજીર્ણ જ્વરનો રોગ જાણવો ॥ ૩૩ ॥

**पर्वते नास्ति निर्वातं, न पथ्यं नैव लंघनम् ॥**
**क्रिया साधारणी कार्या, मानुषे ज्वरसंयुते ३४**

અર્થઃ—ડુંગરાની ભૂમીમાં તાવ ચડે તો પવન ન હોય તહાં રહેવું, તે ઠેકાણે લાંઘણ કરવાનું કામ નથી. સાધારણ ક્રિયા, તાવવાળા માણશને માટે કરવી યોગ્ય છે ॥ ૩૪ ॥

**व्याध्युत्पत्तिर्यस्य पौष्णे समैत्रे प्राणत्यागो जायते तस्य कृच्छ्रात् ॥ वैश्वे सौम्ये रोगमुक्तिस्तु मासाद्विंशत्या स्याद्वासराणां मघासु ॥ ३५ ॥**

અર્થ;—રેવતી, અનુરાધા, એ બે નક્ષત્રોમાં વ્યાધિની ઉત્પત્તિ થાય તો બહુ કષ્ટે કરી મૃત્યુ થાય, તેમજ ઊત્તરાષાઢા, તથા મૃગશર એ બે નક્ષત્રોમાં રોગની ઊત્પતિ થાય, તે એક મહિનામાં રોગી રોગથી મુકત થાયછે, અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મઘા નક્ષત્રમાં જો રોગ થયો હોય તો વીશ દિવસમાં રો ગ મટે છે એમ જાણવું ॥ ૩૬ ॥

अथार्शाद्या नृणां रोगा अतिपापाद्भवंति हि ॥

અર્થઃ—હરશાદિ રોગ, અતિ પાપથી ઉપજે છે. તે આ જન્મમાં તથા જન્માંતરને વિષે ભોગવવા પડે છે. તે વગર પાપથી માણસ મુક્ત થતું નથી.

॥ महापातकजन्यरोगनिर्णयः ॥

कुष्ठं च राजयक्ष्मा च प्रमेहो ग्रहणी तथा ॥
मूत्रकृच्छ्राश्मरीकासा अतीसारभगंदरौ ॥३६॥

અર્થઃ—કોઢ, રાજ્ય, પરમો, સંઘેણી, મૂત્ર કૃચ્છ્ર, પથરી, કાસ, અતિસાર તથા ભગંદર, એ મહાપાત કથી થયેલા રોગો જાણવા ॥ ૩૬ ॥

दुष्टं व्रणं गंडमाला पक्षाघातोऽक्षिनाशनम् ॥
इत्येवमादयो रोगा महापापोद्भवाः स्मृताः ३७

દુષ્ટવ્રણ, ગંડમાલા, પક્ષાઘાત તથા અંધત્વ એટલા મહાપાપથી ઉત્પન્ન થાય છે ॥ ૩૭ ॥

૮

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



शतेषु जीवते कुष्टी, सहस्त्रेषु जलोदरी ॥
मेही शतसहस्त्रेषु, राजयक्ष्मा न जीवति॥३८॥

અર્થઃ-શો ગલત કોઢીઆમાં એક જીવે; એક હજાર જલોદર રોગીઓમાંથી કાઇ એક જીવે; એક લક્ષ શાકરીઆ પ્રમેહમાંથી કાઇએક જીવે; પણ રાજયક્ષ્મા એટલે ક્ષય રોગવાળા લાખમાંથી પણ કોઈએક જીવે નહી ॥૩૮॥

## ॥ उपपातकजन्यरोगनिर्णयः ॥

जलोदरं यकृत्प्लीहाशूलरोगव्रणानि च ॥
श्वासाजीर्णज्वरच्छर्दिभ्रममोहगलग्रहाः ॥
रक्तार्बुदविसर्पाद्या उपपापोद्भवागदाः ॥३९॥

અર્થઃ—જલોદર, યકૃત, પ્લીહા, શૂલરોગ, વ્રણ, શ્વાસ અજીર્ણ જ્વર, વમન રોગ, ભ્રમ, મોહ, ગલગ્રહ, રક્તાર્બુદ, વિસર્પ ઈત્યાદિક રોગ ઉપપાપથી ઉપજે છે ૩૯

## सामान्यपापजरोगाः

दंतापतानकाश्वित्रवपुः कंपाविचर्चिकाः ॥
वल्मीकपुंडरीकाद्या रोगाः पापसमुद्भवाः ४०

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અર્થ:—દંતાપતાનક ( દંતરૂજ ) શ્વિત્ર, શરીરકંપ, વિચર્ચિકા, વલ્મીક પુંડરીક, ઇત્યાદિ રોગ સામાન્ય પાપથી ઉત્પન્ન થાય છે ॥ ૪૦ ॥

## शरीररक्षणोपदेशः ।

सर्वमन्यत्परित्यज्य शरीरमनुपालयेत् ॥
तदभावे हि भावानां सर्वाभावःशरीरिणाम् १

અર્થ:—બીજા બધાનો ત્યાગ કરીને શરીરની પ્રતિપાલના કરવી યોગ્ય છે; કારણ કે, શરીરનો અભાવ થએથી સમસ્ત શુભ અને અશુભ રૂપી ભાવનો અભાવ થઇ જાય છે. ॥ ૧ ॥

विदुषांतःशरीरस्थान् नित्यं सन्निहितानरीन् ॥
जित्वा वर्ज्यानि वर्ज्यानि चिरंजीवितुमिच्छता २

અર્થ:—ઇચ્છા રાખનાર પંડિતજને નિત્ય શરીરની અંદર રહેલા વૈરીઓને ( કામ ક્રોધ વિગેરેને ) અથવા રોગ જીતીને વર્જવા યોગ્ય વસ્તુઓનો ત્યાગ કરવો ॥૨॥

हिताहारविहाराणां सदाचारनिषेविणाम् ॥
लोकद्वयव्यपेक्षाणां जीवितं त्वमृतायते ॥ ३ ॥

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અર્થઃ—યોગ્ય આહાર વિહાર તથા સારા આચર ણને સેવનારા આ લોક અને પરલોક એ બંને લોકોની અ પેક્ષાવાલા તે લોકોનું જીવવું અમૃતતુલ્ય જાણવું ॥ ૩ ॥

नगरी नगरस्येव रथस्येव रथी सदा ॥
स्वशरीरस्य मेधावी कृत्येष्ववहितो भवेत्॥४॥

અર્થઃ—જેમ નગરવાસી નગરનું પાલન કરે છે, ત થા જેમ રથમાં બેસનાર રથની સંભાળ કરે છે, તેમ બુદ્ધિ માન માણસો શરીરના કાર્યમાં હિતકારી હોય છે ॥ ૪ ॥

अहितानि च संत्यज्य दोषमप्याप्नुयाद्यदि ॥
तथाप्यानृण्यमायाति साधूनात्मवान्यतः ॥५॥

અર્થ:—જે પોતાને હિતકારી ન હોય તેનો ત્યાગ કરીને રોગની પ્રાપ્તિ થાય તો પણ સાધુ પુરૂષના દોષને પાત્ર થતો નથી, કારણ આત્મવાન્ (જીતેંદ્રિય) છે; ॥૫॥

हितमभ्यस्यतः पुंसो नाकाले कालदंष्ट्रया ॥
संजायते परामर्शो बलोत्साहेंद्रियायुषाम् ॥६॥

અર્થ:—બલ, ઉત્સાહ, ઇંદ્રિય અને આ યુષ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શરીરનું કલ્યાણ કરનાર અભ્યાસી પુરૂષને અકાલમાં કાલદૃષ્ટિનો સ્પર્શ થતો નથી ॥ ६ ॥

**यावत्कंठगताः प्राणा यावन्नास्ति निरिंद्रियम्॥**
**तावच्चिकित्सा कर्त्तव्या कालस्य कुटिला गतिः७**

અર્થઃ—જહાંસુધી ગળામાં પ્રાણ રહેલાં હોય, જ્હાં સુધી ઈંદ્રિયો નાશ થઇ નથી, તહાં સુધી ચિકિત્સા કરવા યોગ્ય છે, કેમકે કાલની અવલી ગતિ છો ૭ ॥

## ॥ अथ चिकित्सास्तुतिः ॥

**क्वचिदर्थः क्वचिद्धर्मः क्वचिन्मित्रं क्वचिद्यशः।**
**कर्माभ्यासःक्वचिन्नित्यंचिकित्सानास्तिनि-ष्फला ॥ १ ॥**

અર્થઃ—કદાચિત્ અર્થ, કદાચિત્ ધર્મ, કાઈ વખતે મિત્ર, કાઈ વખતે યશ તથા કદાચિત્ નિત્ય કર્માભ્યાસ એ બધાની એથી પ્રાપ્તિ થાય છે, માટે ચિકિત્સા નિષ્ફલ થતી નથી. ॥ १ ॥

**ज्वरस्य प्रथमे स्थाने, लंघनं च दिनत्रयम् ॥**
**तत्रैव क्वथितं तोयं; भेषजं चापि रोगिणाम् २**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અર્થઃ—જે પુરૂષને પ્રથમ તાવ આવે, ત્યારે તેને ત્રણ દીવસ સુધી લાંઘણ કરાવવી; પછી તેને ઉનું પાણી તથા ઓશડ આપવું; તો તે રોગ સમી જાય ને તાવ ઉતરી જાય ॥ ૨ ॥

## वातज्वरचिकित्सा ।

**मरिचं संचलं शुंठी, किरातं च हरीतकी ॥**
**पिप्पली कटुका चैव, वातज्वरविनाशनम् ॥१॥**

અર્થઃ—મરી, સંચલ, સુંઠ, કરીયાતું, હરીતકીદલ, પીપર, કડુ, એ સર્વનો કાઢો કરી પીએ, તો વાતજ્વરનો નાશ કરે ॥ ૧ ॥

**मुस्ताटरूषः सुरदारुकुष्ठ, निदिग्धिकानागरकाकजंघाः ॥ द्राक्षामृतापिप्पलिकाकषायं; पिबेच्च वातज्वरयुक्तजंतुः ॥ २ ॥**

અર્થ—મોથ, અરડુસો, દેવદારૂ, કુઠ, રીંગણી, બેઠી, બીજી ઉભી, સુંઠ, કાકજંઘા, દ્રાખ, ગલો પીપર, એ સર્વે ઓશડો ખાંડીને અધકચરા કરી કાથ કરીને પીએ તો તેથી વાતજ્વર ટલે ॥ ૨ ॥

**काकोली बृहती मुस्ता, कुष्ठं दारुविषामृताः ॥**
**शुंठिक्वाथःकृतःपीतो, हंति वातज्वरं परम् ॥३॥**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**અર્થઃ**—ખીર કંકોલી, મોહોટી રીંગણી, મોથ, કુઠ, દેવદાર, અતિવિષને ગલો, સુંઠ, એ સર્વેનું કાથ કરી પીઇએ, તો વાતજ્વર નાશ પામશે ॥ ૩ ॥

**किराताब्दामृताविश्वा, बृहतीद्वयगोक्षुराः ॥**
**स्थिरा च कलशी चैव, क्वाथो वातज्वरापहः ४**

અર્થઃ–કરીયાતું, મોથ, ગલો, સુંઠ, રીંગણી બેઠી તથા ઊભી, ગોખરૂં, અરણી અને કલશી એટલી જણસો નો સમ ભાગે કાથ કરી પીજે તો વાતજવરનો નાશ થાય૪

**पटोलं च गुडूची च, मुस्ता चैव तु निंबकम्॥**
**पर्पट स्तिक्तभूनिंबौ, त्रिफलाबृहतीवृषाः ॥५॥**
**पटोलादिरयं क्वाथो वातज्वरहरःस्मृतः ॥**

**અર્થઃ**—પટોલ, ગુડુચી. મોથ, નીંબછાલ, પીતપાપડું, કડુ, કરીઆતું, ત્રિફલા, રીંગણી, અરડુસો, એટલા વાનાને પટોલાદિકાથ કહે છે. તે પીવાથી વાતજવરનો નાશ થાય ॥ ૫ ॥

**कटुत्रयं किरातं च कटुका च हरीतकी ॥**
**तथा च कृष्णलवणं वातज्वरहरं मतम् ॥६॥**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અર્થઃ—મરી, પીપર, સુંઠ, કરીયાતું, કડુ હરડા દળ અને સંચળ એ સર્વે ઔષધ સમમાત્ર થકી દીજે તો વાતજવરનો વિનાશ કરે ॥ ૬ ॥

## ॥ इति वातज्वरचिकित्सा ॥

## पित्तज्वरचिकित्सा

**द्राक्षाभयापर्पटकाब्दतिक्ताक्वाथः कृतः स्यात् बहुरोगहंता ॥ प्रलापमूर्छाभ्रमदाहमोहैः, तृषान्विते पित्तभवे ज्वरे च ॥ ७ ॥**

અર્થઃ—દ્રાખ, હરડાં, પીતપાપડું, મોથ, કડુ, એ અવષધો સમ ભાગે લઈ કાથ કરી પાઈએ તો બહુ રોગને મટાડે છે તેમ પણ પ્રલાપ, મૂર્છા, ભ્રમ, કંઠશોષ, દાહ તૃષા, ને પિત્તજવર એટલા રોગોને અવશ્ય સમાવે ॥ ૭ ॥

**चंदनं च सुगंधं च, धान्यकं पीतपर्पटम् ॥ मुस्ता शुंठी किरातं च उशीरं पित्तनाशनम् ८।**

અર્થઃ—સુકડ, રતાંજળી, ધાણાં, પીતપાપડું, મોથ, સુંઠ કરયાતું, વાળો, સમ માત્ર કાથ કરી પીજે તે પિત્તજવર નાશ કરે ॥ ૮ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**मुस्ता कुटुः पर्पटकं किरातं, छिन्नोद्भवा रिंगणिका समा च॥ क्वाथो निपीतो हरते, विलंबितं पित्तज्वरं दाहतृषाभ्रमांश्च ॥ ९ ॥**

અર્થઃ—મોથ, કડુ, પીતપાપડાં, કરિયાતું, ગળો, રીંગણી, એ સર્વે ઓશડો સમ માત્રાએ લઈ કાથ કરી પાઈએ, તો પિત્તજ્વરને હરે તથા દાહને, તૃષાને, ભમલને, સમાવે છે ॥ ૯ ॥

**त्रिफला वालकं यष्टी, ह्यटरूषः पटोलकम् ॥ क्वाथो मधुप्रतीवासः, पीतः पित्तज्वरापहः१०**

અર્થઃ-ત્રિફલા, વાલો, જેઠીમધ, અરડુસો ને પટોલ એ સરખે ભાગે લઈ ખાંડી કાથ કરી તેમાં મધ પ્રતિવાસ આપી પીયે તો પિત્ત જવર મટી જાય ॥ ૧૦ ॥

**यवान्याश्च पटोः क्वाथो मधुना प्रतिवासितः॥ पित्ततीव्रज्वरामर्दी, पीतश्च दाहनाशकः ॥११॥**

અર્થઃ—યવાન ને પટોલ એ વસ્તુઓનો કાઢો કરી પીયે તો પિત્ત તીવ્રજવર ને દાહ મટી જાય છે ॥ ૧૧॥

**त्रायंती पर्पटोशीरं, तिक्ताभूनिंबदुःस्पर्शाः ॥ कषायो मधुसंयुक्तः, पित्तज्वरविनाशनः॥१२॥**

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અર્થ:—ત્રાયમાણ, પીતપાપડું, શ્વેતવાળો, કડુ, કરીયાતું, ધમાસો, એટલી જણસોનો કાથ સમમાત્રાએ કરીયેં, ને તેમાં મધનો પ્રતિવાસ મુકીયેં તો પિત્તજવરનો નાશ થાય ॥ ૧૨ ॥

**क्वाथः किरातकं मुस्ता, धन्वयासं सपर्पटम्॥**
**हंति पित्तज्वरं दाहं, भ्रमं शोषं क्षणादपि १३**

અર્થ:—કરીયાતું, મોથ, ધમાસો, પીતપાપડો એ સર્વે વસ્તુઓ સમ માત્રા ખાંડી અધ કચરા કરી કાઢો કીજે, તે કાઢો પીવાથી, પિત્તજવરને, દાહને, ભ્રમને તથા શોષને મટાડે ॥ ૧૩ ॥

## कफज्वरचिकित्सा

**दारुमुस्तामृताकृष्णा, दुर्लभैरंडमूलकम् ॥**
**किरातं च समः क्वाथः श्लेष्मज्वरविनाशनः**

અર્થ:—દેવદાર, મોથ, ગળો, પીપર, ધમાસો, એરંડમૂલ, તથા કરીઆતું એ જણશો સમ ભાગ લઇને તેનુ કાથ કરી પીયે તો શ્લેષ્મજવર વિનાશને પામે ॥ ૧૪ ॥

**अनंता वालकं मुस्ता नागरं कटुरोहिणी ॥**
**एतत् श्लेष्मज्वरं हंति दीपयेच्च हुताशनम् १५**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અર્થઃ—ધમાસો, વાળો, મોથ, સુંઠ, કડુ, એ ઓશડો લઈ સમ માત્રાએ, કાડો કરી પીએ તો શ્લેષ્મજ્વરને હણે, અને જઠરાગ્નિને દીપાવે ॥ ૧૫ ॥

**कंटकार्यमृतादारुवृषविश्वाः समांशकाः ॥**
**क्वाथः कणायुतः पीतः श्लेष्मज्वरविनाशनः१६**

અર્થઃ-રિંગણી, ગળો, દેવદાર, અરડુસો, સુંઠ એ બધાં વસાણાં લઈને સરખે ભાગે કાથ કરવો, તેમાં પીપર પ્રતિવાસ નાખીને પીએ તો શ્લેષ્મ જ્વરનો નાશ કરે ૧૬

**दारुपर्पटभार्ग्यश्च, वचा धान्यं च कट्फलम् ॥**
**अभयाविश्वभूनिंबाः क्वाथो हंति कफोत्कटं१७**

અર્થઃ—દેવદાર, પીતપાપડાં, ભારંગી, વજ, ધાણાં, કાયફલ, હરડાં, સુંઠ, ને કરીયાતું એટલી અઉષધોનો સરખે ભાગે કાથ કરી પીએ તો કફજ્વરને સમાવે ॥ ૧૭ ॥

**मारिचं पिप्पली चैव, शुंठी कट्फलमेव च ।**
**एतेषां दीयते नस्यं, कफज्वरविनाशनम् १८**

અર્થઃ—મરી, પીપર, સુંઠ, કાયફલ, સર્વે અઉષધ સમમાત્ર ચૂર્ણ કરી તેને સુંગાવીએ તો કફજ્વરને સમાવે ॥ ૧૮ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## अथ वातपित्तज्वरचिकित्सा

**निदिग्धिकामृतारास्ना, त्रायमाणामृतायुतः ॥**
**मसूरविदलक्वाथो, वातपित्तज्वरं जयेत् ॥१९॥**

અર્થઃ-રીંગણી, ગલો, રાસના, ત્રાયમાણ, ગળો મસુરની દાળ, એટલા વાનાને સમ ભાગે લઇને તેનો કવાથ કરવો; તે પીધાથી વાતપિત્તજવરને મટાડે છે ૧૯

**निदिग्धिका त्रायमाणं, गडूचीसारिवाबलाः ॥**
**मसूरविदलक्वाथो, वातपित्तं ज्वरं जयेत् २०**

અર્થઃ—રીંગણી, ત્રાયમાણ, ગલો, સારિવા, બીલ બીજ, મસૂરની દાલ એ જણશોનો સમ ભાગે કાઢો કરી પીવાથી વાતપિત્તજવરને મટાવે ॥ ૨૦ ॥

**त्रिफला शाल्मली रास्ना, राजवृक्षाटरूषकैः ॥**
**समभागयुतं चूर्णं, वातपित्तज्वरापहं ॥ २१ ॥**

અર્થઃ—ત્રિફલા, મોચરસ, રાસના, ગિરમાલો, અડુ રસો, એટલાં ઓશડો સરખે ભાગે લઇ ચૂર્ણ કરી કાઢો જો પીએ તો વાતપિત્તજવરને સમાવે ॥ ૨૧ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



त्रिफला त्रिवृतारास्ना, ह्रीबेरं पिप्पलीद्वयम् ॥
काकजंघा च दुस्पर्शा, चूर्णं स्याद् वातपित्तहृत्

અર્થઃ–ત્રિફલા, નિશોત્તર, રાસના, વાળો, પીપર, ગજપીપર, કાકજંઘા, તથા ધમાસો એ જણસો સરખે ભાગે લઈ ચૂર્ણ કરીને કાઢા પાણીની સાથે ફાકી ભરાવી એ તો વાતપિત્તજવરને ટાળે ॥ ૨૨ ॥

## अथ वातश्लेष्मज्वरचिकित्सा ।

पथ्याकुस्तुंबरीमुस्ता, शुंठीकटुकपर्पटम् ॥
सकर्चूरं वचा भार्गी, पेयं चैतद्धिहिंगुयुक्॥२३॥

અર્થઃ—હરડાં, ધાણાં, મોથ, સુંઠ, કડુ, પીતપાપડું; કચૂરો, વજ, ભારંગી, દેવદાર એ સમભાગ લઈ કવાથ કરી તેમાં હિંગ પ્રતિવાસ મૂકી ( વગાર આપી ) પીધાથી વાયશ્લેષ્મજવર મટી જાય ॥ ૨૩ ॥

कफवाते वचा तिक्ता, पाठारग्वधवत्सकाः ॥
छिन्नोद्भवायुतःक्वाथः पिप्पलीकणयुक्भवेत् २४

અર્થઃ—કફ વાયને વિષે વજ, કડુ, પાઠ, ગિરમાલો, કુડો, તથા ગલોનો કાથ કરી પીપરનો પ્રતિવાસ નાખા પાઈએ તો કફવાતજવરને સમાવે ॥ ૨૪ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**कट्फलांबुधरधान्यकभार्गी; शृंगिपर्पटकविश्व-वचाभिः ॥ साभयः सुरदारुकणाभिः क्वाथ एष कफवातगदघ्नः ॥ २५ ॥**

અર્થઃ–કાયફલ, મોથ, ધાણા, ભારંગી, કાકડા શૃંગી, પીત પાપડું, સુંઠ, વજ, હરડાં, દેવદાર, પીપર, એટલાં બાનાં લઇ સમ ભાગે કાથ કરી પીએ તો કફ વાત જવરની પીડાનો નાશ કરે ॥ ૨૫ ॥

**दशमूलभवः क्वाथो मधुना च समन्वितः ॥ वातश्लेष्मज्वरं हन्यादनुभूतं सहस्रशः ॥२६॥**

અર્થઃ–દશ મુળનો કાથ કરીને તેમાં મધ નાખીને પીયે તો વાતશ્લેષ્મજવર નાશ પામે ॥ ૨૬ ॥

**व्याघ्रीशुंठ्यमृताक्वाथः पिप्पलीचूर्णसंयुतः ॥ वातश्लेष्मज्वरश्वास, कामापित्तविकारजित् ॥ २७ ॥**

અર્થઃ—રીંગણી, સુંઠ, ગલો, આ ત્રણ વાનાનો સમ ભાગે કાથ કરીને તેમાં પીપર ચૂર્ણનો પ્રતિવાસ મુકીને પીએ તો વાયુશ્લેષ્મજવર જાય, તથા ઉપરશ્વાસ, ઊદ્રસ ને પિત્તવિકાર જાય ॥ ૨૭ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



मधुत्वक् चंदनं व्याघ्री, पाठा पिपालिकोष्टके ॥
निशोत्तरं चित्रकं च वातश्लेष्मज्वरं जयेत् २८

અર્થ:—મહુડાસાલ, સૂકડ, રીંગણી, પાછા, પીપર, કોઠ, નિશોત્ર, ને ચિત્રક એ ચીજોનું કાથ કરી પાઈએ તો વાતશ્લેષ્મજવરને સમાવે ॥ ૨૮ ॥

॥ अथपित्तश्लेष्मज्वरचिकित्सा ॥

किरातस्तिक्तकं मुस्ता, गुडूची विश्वभेषजम्॥
चातुर्भद्रकमित्याहुः, पित्तश्लेष्मज्वरापहम् २९

અર્થ:—કરીઆતું, કડુ, મોથ, ગલો, સુંઠ, ચાતુર્ભદ્રક, એટલે તજ, તમાલપત્ર, એલચી, ને નાગકેશર એટલી ચીજોને સરખે ભાગે લઇ ખાંડી કાથ કરી પીએ તો પિત્તશ્લેષ્મજવરનો નાશ થાય ॥ ૨૯ ॥

कणाविश्वामृतादारुकिरातैरंडमूलकैः ॥
निदिग्धिकावृषाक्वाथः, पित्तश्लेष्मज्वरा-
पहः ॥ ३० ॥

અર્થ:—પીપર, સુંઠ, ગલો, દેવદાર, કરીયાતું એરંડમુળ, રીંગણી, અને અડુરસો એ બધાં વસાણાં સમ

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભાગે લઈને તેનો કાથ કરી તે પીધાથી પિત્તશ્લેષ્મજવરને ઉપસમાવે ॥ ૩૦ ॥

**शर्करा सममात्रा तु, कटुकामुस्तवारिणा ॥**
**पित्तश्लेष्मज्वरं जंतोः कफपित्तसमुद्भवम् ३१**

અર્થ--કડુ અને મોથ એ બેને જલમાં નાખીને તેમ, મોથને પ્રમાણથી ખાંડ નાખીને પીધું તો કફપિત્તથી ઉત્પન્ન થએલો જવર નાશ કરે ॥ ૩૧ ॥

**निशाद्वयं घनोशीर, मधूकारग्वधोद्भवः ॥**
**निशादिकः कषायोऽयं, कफपित्तज्वरांतकृत् ३२**

અર્થઃ—હલદર, દારૂહલદર, મોથ, વાલો, જેઠીમધ, ને ગિરમાલો, એ પદારથોનો કાઢો કરી પીયે તો કફપિત્ત જવરને સમાવે ॥ ૩૨ ॥

**कृतमालो वचा हिंगु, वालकं धान्यकं निशा ॥**
**मुस्ता यष्टिस्तु भार्गी च, पर्पटं समभागकम् ३३**

અર્થઃ--ગિરમાલો, વજ, હિંગુ, વાલો, ધાણાં, હલદર, મોથ, જેઠીમધ, ભારંગી, પીતપાપડું એટલાં વાનાં સમમાત્રા ચુર્ણ કરી ખાયે તો શ્લેષ્મ પિતજવરનો નાશ થાય ॥ ૩૩ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



आष्टावशेषिकः क्वाथो, मधुना प्रतिवासितः ॥
श्लेष्मपित्तज्वरं हंति, कासमूलं च दारुणम् ३४

અર્થઃ—અષ્ટાવશેષ કાથ કરીએ, મધુ યુક્ત પ્રતિવાસ મુકીને પાઇએ, તો સ્લેષ્મ પિત્તજ્વરનો નાશ થાય; ને ઉદ્રસને મૂલમાંથી કાઢી નાખે ॥ ૩૪ ॥

पित्तपर्पटकं धान्यं, पटोली रिष्टकं तथा ॥
पिबेत्सशर्करक्षौद्रं, पित्तश्लेष्मज्वरापहं ॥३५॥

અર્થઃ—પીત પાપડાં, ધાણાં પટોલ, નીંબછાલ, એ પદાર્થોનો સમભાગે કાઢો કરીયેં અને શાકર ને મધનો પ્રતિવાસ કરીને પીવે તો પિત્ત શ્લેષ્મ જ્વરનો નાશ કરે૩૫

पटोलं निंबपत्राणि, पथ्या कटुकरोहिणी ॥
श्लेष्मपित्तज्वरं हंति, क्वाथ एष निषेवितः ३६

અર્થઃ—પટોલ, નીંબડાંના પાનડાં, હરડા, કડુ, ને રોહિણી એટલી જણશોને સમ ભાગે લઈને કાઢો કરી પીએ તો શ્લેષ્મપિત્તજ્વરનો નાશ થાય ॥ ૩૬ ॥

त्रिफला त्रायमाणं च, मृद्वीका कटुरोहिणी ॥
पित्तश्लेष्मज्वरहरः, कषायोऽयं प्रकीर्तितः॥३७॥



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અર્થઃ--ત્રિફલા, ત્રાયમાન, દ્રાખ, કડુ, એટલાં જ ણશોને કાઢો પીધા થકી પિત્ત શ્લેષ્મજ્વર; સમાવે ૩૭

गडुच्यतिविषामुक्ता, मंजिष्ठाधन्वयासकैः ॥
वासाबदरनिंबत्वक्, क्वाथः पित्तकफज्वरे ३८

અર્થઃ--ગલો, અતિ વિષ, મોથ, મંજીઠ, ધાણાં, જવાસો, અરડુસો, ખેરસાર, નંબછાલ, એ બધા ઓશડો ને ક્વાથ કરી પીયે તો પિત્તકફજ્વરને નાશ થાય ૩૮

हरीतकी कट्फलं च ह्यनंता कृष्णजीरकम् ॥
भूनिंबतिक्ते च वचा, कल्कोऽयं कफपित्तहा ॥ ३९ ॥

અર્થઃ-હરડાં, કાયફલ, ધમાસા, કાલો જીરો, કરીઆતું, વજ, કડુ, એટલાં વાનાંને કાથ કરી આપીએ તો કફપિત્તજ્વર જાય ॥ ૩૯ ॥

॥ इति कफपित्तज्वरचिकित्सा ॥

अथ संनिपातज्वरे कषायः ।

कट्फलाब्दवचापाठापुष्कराजाजिपर्पटः ॥
शृंगीकालिंगधान्याकं शठीभृंगकणाह्वयम् ॥४०॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



तिक्ताभयांबुकैरांतभार्गीरामठकं बला ॥ दशमू
ली कणामूलं निक्वाथ्य क्वाथमुत्तमम् ॥४१॥
हिंग्वार्द्रकरसोपेतं संनिपातविनाशनम् ॥

અર્થઃ—કાયફલ, મોથા, વજ, પાઠા, પુષ્કર મુલ, જીરૂં પિત્તપાપડા, કાકડશૃંગી, ઇંદ્રયવ, ધણી, ભાગરો, પીપર, કુટકી, હરડે, સુગંધીવાળો, ચિરાયતા, ભારંગી, બરિઆરા, દશમુળ, અને પીપરમુલ આ જણસોનો કષાય કરીને તેમાં વધામણી હીંગુ અને આદ્રનોરસ નાખીને પીયે તો સંનિપાત દૂર થાય છે ॥ ૪૦ ॥ ૪૧ ॥

॥ इति संनिपातचिकित्सा ॥

॥ अथ विषमज्वरचिकित्सा ॥

मुस्तामलगुडूची, विश्वौषधकंटकारिकाक्वा
थः ॥ पीतः सकणाचूर्णः समधुर्विषमज्वरं
हंति ॥ ४२ ॥

અર્થઃ—મોથ, આમલા, ગળો, સુંઠ, રીંગણી, એટલી ચીજોનો સમ ભાગે કાઢો કરવો, તેને પીપર ચૂર્ણ સહિત મધુ પ્રતિવાસ આપીને પીયે તો વિષમ જ્વરને સમાવે ॥ ૪૨ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



॥ अथ तृतीयज्वरे क्वाथः ॥

सनागरोशीरघनाश्च धान्यकं, सपिप्पलीकैश्य सचंदनैश्च ॥ तृतीयकं हंति कृतः कषायः, समाक्षिकश्चापि सशर्करश्च ॥ ४३ ॥

અર્થઃ—સુંઠ, વાલો, મોથ, ધાણા, પીપર, સૂકડ, એ બધાં સમભાગે લઈ-કાથ કરી તેને શાકરનો અને મધ નો પ્રતિવાસ આપીને પાંએ તો ત્રેઈઓ તાવ જતો રહે૪૩

सुवर्णासुमनाबीजै, श्चूर्णितैर्गुटिका कृता ॥ तृतीयादिज्वरान् सर्वान्, नाशयेन्नात्रसंशयः ॥ ४४ ॥

અર્થઃ—પીત ધતુરા બીજ, કપડ છાડગ કરી, ચુર્ણ કીજ, તે ચુર્ણની ગુટિકા મરી પ્રમાણે કરવી; તે ગોળી ખાધાથી તૃતીયજવર આદિ ૬૪ સર્વ જવરોનો નાશ કરે ॥૪૪ ॥

महौषधामृतामुस्ता, चंदनोशीरधान्यकैः ॥ क्वाथस्तृतीयकं हंति, शर्करामधुयोजितः ४५

અર્થઃ—સુંઠ, ગળો, મોથ, સુકડ, ઉશીર, ધાણું, એ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નો સમ ભાગે કાથ કરવો, ને તેને શાકર તથા મધનો પ્રતિવાસ આપવો, પછી તે પીવો, તો તૃતીયજ્વરને સમાવે છે ॥ ૪૫ ॥

**पथ्यास्थिरानागरदेवदारु, धान्यं विषा च क्थितः कषायः ॥ सितोपला माक्षिकसंप्रयुक्त; श्चातुर्थिकं हंत्यचिरेण पीतः ॥ ४६ ॥**

અર્થ;—હરડાં, અરણી, સુંઠ, દેવદાર, ધાણાં, અતિવિષ, એનો સમ માત્રાએ કાથ કરી, ને તેને સાકર તથા મધનો પ્રતિવાસ આપીને પાઈએ તો ચોથીઓ તાવ તરત જાઈએ ॥ ૪૬ ॥

## ॥ अथ शीतपित्तज्वरचिकित्सा ॥

**गडूची पद्मलोध्राणां, सारिवोत्पलयोस्तथा ॥ समधुक्वाथवासेन, शीतपित्तज्वरापहः ॥४७॥**

અર્થઃ—ગળો, પદમાષ, લોદર, સાંરિવા, તથા પખડી એનો કાથ સરખા ભાગે કરી મધુ સહિત શાકરનો પ્રતિવાસ આપી પોયે તો શીત તથા પિત્તજવર મટે ૪૭

## ॥ अथ शीतज्वरचिकित्सा ॥

**ग्रंथिकं पर्पटं धान्यं, जलदं चतुरंगलं ॥ द्राक्षाभया च तिक्ता च, क्वाथः शीतज्वरापहः ४८**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અર્થઃ--પીપરી મુલ, પીતપાપડું, ધાણાં, મોથ, ગિરમાલો, દ્રાખ, હરડાં, કડુ, એઓનો સમ માત્રક કાઢો કરી રોગી પીએ તો શીતજ્વરને સમાવે ॥ ૪૮ ॥

॥ अथ जीर्णज्वराचिकित्सा ॥

अपहरति रक्तपित्तं, कंडूं गुल्मं च पित्तकं हंति॥
जीर्णज्वरं च शमयेत्, मृद्वीकासंयुता पथ्या ॥

અર્થઃ—રકત પિતને દૂર કરે, સરડાને, પિક મટાડે છે, ગુલ્મનો નાશ કરે છે જીર્ણજવર સમાવે છે; એવી હરડા ને દ્રાખની ગોળી છે ॥

निदिग्धिकानागरकामृतानां क्वाथं पिबेन्मिश्रित-पिप्पलीकम् ॥ जीर्णज्वरारोचककासशूलश्वासा-ग्निमांद्यार्दितपीनसेषु ॥ ४९ ॥

અર્થઃ--રિંગણી, સુંઠ, અને ગલો એ ત્રણ જણસોનો સમભાગે કાથ કરી પીએ તો જીર્ણજવર, અરૂચિ, ઉધ્રસ, શૂલ, શ્વાસ, અગ્નિમાંધ, અને સલેખમ એ રોગો મટી જાય છે ॥ ૪૯ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



॥ अथ मलज्वरचिकित्सा ॥

कटुका पिप्पलीमूलं, मुस्ता चैव हरीतकी ॥
गिरिमाला समक्वाथो मलज्वरविनाशनः ५०

અર્થઃ—કડુ, પિંપળી મુલ, મોથ, હરડા, ગિરિમા ળ આ પાંચ ઓષધીના ક્વાથ પીએ તો મલજવરનો નાશ થાય ।। ૫૦ ।।

॥ अथ दाहज्वरचिकित्सा ॥

मुस्तापर्पटकोशीर, चंदनोदीच्यनागरैः ॥
शीतं च शीतलं दद्यात्, दाहज्वरहरं परं ॥५१॥

અર્થઃ—મોથ, પીત પાપડું, વાળો સૂખડ, વાળો અ ને સુંઠ એ બધી ઓષધી સમ ભાગે કરી શીતલ જલમાં સમે નાખીને સવારે પીયે તો દાહજ્વરને સમાવે ।।૫૧।।

॥ अथ सकलज्वरचिकित्सा ॥

दुरालभा वालकतिक्तरोहिणी, पयोधिविश्वौ-
षधकल्कितं जलम् ॥ प्रपीतमुष्णं सकलज्वरा
पहं, प्रवर्द्धनं जाठरजातवधसः ॥ ५२ ॥

અર્થઃ—ધમાસો, વાળો, કડુ, રોહિણી, મોથ, ને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સુંઠ એ ચીજોનો સમભાગે કાઢો કરી પીયે તો બધા પ્રકાર નો તાવ મટાડે; અગ્નિ વધારે; પેટમાંના સર્વ રોગ જાય ને બલ વધે. ॥ ૫૨ ॥

गुडूची निंबकं स्तुंबं, तथा चंदनपद्मके ॥
एष सर्वज्वरं हंति, गडूच्यादिस्तु दीपनः॥५३॥

અર્થઃ—ગળો, નીંબછાલ, ધાણાં, રતાંજણી, મદ માષ, એ ગડુચ્યાદિ કાથ પીધે થકે સર્વ જવરને સમાવે, તથા જઠરાગ્નિ વૃદ્ધિ કરે ॥ ૫૩ ॥

गुडूची धान्यकं निंबं, चंदनं पद्मकान्वितम् ॥
तृष्णादाहारुचिछर्दिसर्वज्वरविषापहम्॥ ५४ ॥

અર્થઃ-ગળો, ધાણા, નિંબછાલ, સૂકડ, મદમાખ, એણે યુકત પીએ તો તૃષા, દાહ, અરૂચી, છરદિ, એ બધા પ્રકારના જવરોને નાશ કરે ॥ ૫૪ ॥

हरीतकी चामलकी पिप्पली चित्रकं तथा ॥
आमलकयादिकं चैतत्, चूर्ण सर्वज्वरापहं५५

અર્થઃ—આમલાં, હરડા, પીપર, ચિત્રક, એનું, સમમાત્રક ચુર્ણ કરીને પાઇએ ત્યારે સર્વ જવરનો નાશ થાય ॥ ૫૫ ॥

॥ इति ज्वरचिकित्सा ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ॥ अथ अजीर्णचिकित्सा ॥

अजमोदाभया चैव संचलेन समन्विता ॥
कर्चूरेण समायुक्ता, अजीर्णज्वरनाशनी ॥१॥

અર્થઃ—અજમુદ, હરડાં, સંચલ, એ ત્રણ ચીજો ભેળી કરીને પછી કચુરો સમ ભાગે નાખી તેનું ચુર્ણ કરવું. તે ખાધાથી અજીર્ણ તાવ મટી જાય છે ॥ ૧ ॥

## ॥ अथ उषःपानगुणाः ॥

कासश्वासातिसारज्वरपिटककटिकुष्ठकं च प्रमेहान्मूत्राघातोदरार्शःश्वयथुगलशिरःकर्णनासाक्षिरोगान् ॥ ये चान्येवातपित्तक्षयजकफभवा व्याधयः संति जंतो, स्तानप्यभ्यासयोगादपनयति पयः पीतमंते निशायाम् ॥ १ ॥

અર્થઃ—જે માણસ પ્રાણીને ઉદ્રશ હોય, અતિસાર હોય, તાવ હોય, પટકાવી હોય, કેડ દુખે, કુષ્ઠરોગ થાય, પ્રમેહ થાય, મૂત્રાઘાત થાય, પથરી હોય, જલોદર થાય, કઠોદર થાય, ગુલ્મોદર થાય, ઇત્યાદિક ઉદર વિકાર; તથા હરસ, સોજો, ગલરોગ, શિરરોગ, કર્ણરોગ,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નાસિકારોગ, આંખનો રોગ, વળી બીજા અનેક વાત પિત્ત ને કફના ક્ષય થયાથી પ્રાણીને જે વ્યાધિઓ થાય છે, તે જો રાતના અંતે વાણામાં ઉઠી પાણી પીએ તો બધા રોગનો નાશ થાય છે ॥ ૧ ॥

**न संपत्तिः क्रियाशक्तिः, भेषजं च न विद्यते॥**
**सर्वरोगविनाशाय, निशांते च जलं पिबेत्॥२॥**

અર્થઃ–જે માણશની પાસે લક્ષ્મી ન હોય, ક્રિય રાખવાની શક્તિ ન હોય, ઓશડ કરવાની શકિત ન હોય, ઔષધિ પણ મળે નહીં, ત્યારે માણશને રોગ કેમ જાય ? તે રોગ મટાડવાને માટે રાતના અંતે એટલે પ્રાતઃ કાલના સમયે ઉઠીને તે વખતે પાણી પીવું, તેથી કરી માણશના ગમે તેવા રોગની શાંતિ થાય છે; એવું વૈદ્યક શાસ્ત્ર માં કહેલું છે ને અનુભવ સિદ્ધ છે તે માટે નિશ્ચય જાણવો ॥ ૨ ॥

**वर्जयेत् द्विदलं शूली, कफी मांसं ज्वरी घृतम्॥**
**कर्णरोगी शिरःस्नानं, चक्षूरोगी च मैथुनम्॥३॥**

અર્થઃ–શુલ રોગવાળાને કઠોળનું અન્ન વર્જવું; કફ રોગવાળાએ માંસનું ભોજન ખાવું નહીં; તાવવાળાએ ઘી ખાવું નહીં, કાનમાં જેને રોગ થયો હોય તેણે ન્હાવું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નહીં, અને જેને આંખમાં દરદ થયો હોય તેણે મૈથુન સેવવું નહીં ॥ ૩ ॥

**अजीर्णप्रभवा रोगास्तदजीर्णं चतुर्विधम् ॥**
**आमं विदग्धं विष्टब्धं रसशेषं चतुर्थकम् ॥४॥**

અર્થઃ—સર્વ રોગો અજીર્ણથી ઉપજે છે, તે અજીર્ણ ચાર પ્રકારનું છે; આમ વિદગ્ધ, વિષ્ટબ્ધ, રસ શેષ. એ ચાર પ્રકારનાં અજીર્ણ કહેલાં છે ॥ ૪ ॥

**॥ अथ तेषां पृथग्लक्षणानि ॥**

**तत्रामे गुरुतोत्क्लेदो विदग्धे तु तृषादयः ॥**
**विष्टब्धे शूलमाध्मानं रसशेषे भ्रमादयः ॥५॥**

અર્થઃ—આમાજીર્ણ થયું હોય તો પેટમાં જાડ્ય, ઉત્કલેદ વગેરે થાય છે, વિદગ્ધાજીર્ણ થયું હોય તો તરસ, ભ્રમ, મુર્છા ઇત્યાદિ લક્ષણો થાય છે. વિષ્ટબ્ધાજીર્ણ થયું હોય તો શૂલ તથા આધ્માન (આફરો) થાય છે, રસાજીર્ણ થયું હોય તો શૂલ ઈત્યાદિ થાય છે ॥ ૧ ॥

**॥ अजीर्णचिकित्सा ॥**

**आमेषु लंघनं कुर्याद्, विदग्धे उदकं भवेत् ॥**
**विष्टब्धे मर्दनं स्वेदो, रसशेषे दिवाशयः॥६॥**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અર્થઃ—આમ અજીર્ણ હોય ત્યારે લાંઘણ કરીયે; તેથી પાચન થાયછે; વિપક્વ અજીર્ણ હોય ત્યારે પાણી પીવરાવિયે; તેથી પણ પાચન થાય; વિષ્ટબ્ધ અજીર્ણ હોય ત્યારે સ્વેદ કાઢવો, મરદિયે; તેથી પાચન થાય; અને રસ અજીર્ણ હોય ત્યારે દિવસમાં નિદ્રા કરવી; તેથી કરી પાચન થાયછે૬

॥ इति कालज्ञाने निदानचिकित्साकथनं नाम तृतीय उद्देशः ॥ ३ ॥

॥ लघुभोजनविधिः तथा निवातसाम्यम् ॥

सज्वरो निज्वरो वापि, लघ्वन्नं परिभोजयेत्॥
निवातसेवनं यादृक्, तादृक् स्यात् कर्णबंधनं१

અર્થઃ—જે રોગી માણસને તાવ આવતો હોય અથવા ઊતરી ગયો હોય, તેણે હલકું ભોજન ખાવું; અને જેવું વાત વગરના સ્થાન ગુણકારક છે તેવુંજ પવનમાં કાન બાંધી રાખવા તે પણ ગુણકારી છે ॥ ૧ ॥

॥ कालविशेषेण जलगुणाः ॥

अजीर्णे भेषजं वारि, जीर्णे वारि बलप्रदम् ॥
अमृतं भोजने वारि, भुक्तस्योपरि तद्विषम् ॥१॥

અર્થઃ—જમ્યા પહેલાં પાણી પીવું તે ઓસડ રૂપે જાણવું; અન્ન પચી ગયા પછી જો પાણી પીયે તો બલને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરવાવાળું જાણવું; જમતાં વચમાં પાણી પીયે તો અમૃત સમાન જાણવું, માટે પાણી વચમાં જરૂર પીવું જોઈએ; અને જમીને ઊપર તત્કાલ પાણી પીએ તો વિષના જેવું જાણવું ॥ ૧ ॥

## ॥ अथ बलवर्धकवस्तुकथनम् ॥

सद्यस्कान्नं घृतं सद्यः, बाला स्त्री क्षीरभोजनम्॥
नित्यस्नानं वटच्छाया, षडेते बलवर्द्धनाः ॥३॥

અર્થ—તાજું અન્ન, તથા ઘી બાલા એટલે સોલ વરસની સ્ત્રી, દુધ સહિત ભોજન જમવું, દરરોજ નહાવું, તથા વડના ઝાડની છાયા, એ છ બલને વધારવાવાળા જાણવા ॥ ૧ ॥

## ॥ अथ बलहारकवस्तुकथनम् ॥

शुष्कं मांसं स्त्रियो वृद्धा बालार्कस्तरुणं दधि॥
प्रभाते मैथुनं निद्रा, सद्यः प्राणहराणि षट् १

અર્થઃ—સૂકું માંસ, ઘરડી સ્ત્રીની સાથે સંગ કરવું, ઊગતો સૂર્ય જેવું, સવારમાં દહીં મેળવ્યું હોય તે સાંજના ખાવું, પ્રભાતમાં મૈથુન કર્મ કરવું, અને સવારમાં ઉંઘ લેવી, એવા છ પ્રકારની ક્રિયા તરત પ્રાણને હરણ કરે છે ॥ ૧ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



॥ अथ लंघननिषेधः ॥

गुर्विणीबालवृद्धैश्च, कामशोकनवज्वरे ॥
लंघनं नैव कर्त्तव्यं, पूर्वाचार्या वदंति हि ॥१॥

અર્થઃ—ગર્ભવાલી સ્ત્રી, બાલ, તથા વૃદ્ધ કામી, શોકવાન નવજ્વર, અને એકાંતરાદિક, એટલા તાવવાળા રોગીને લાંઘણો ન કરાવીએ, એવું પુર્વાચારયોએ કહેલું છે ॥ ૧ ॥

॥ अथ वेगधारणफलम् ॥

मूत्ररोधाद्भवेदंधो, बधिरो वायुरोधनात् ॥
कुष्टीस्याच्छुक्रसंरोधात्, मृत्युःसंधारणादपि १

અર્થઃ-મુત્રને રોધવા થકી આંખે આંધળો થાય, વાયુના રોધવાથી કાન બહેર મારી જાય, વીર્યના રોધવાથી કોડિયો થાય, અને મલને રોધવા થકી નિશ્ચયે મરણનીપ્રાતિપ થાય છે. ॥ ૧ ॥

॥ अथ ऋतुपरत्वेनापथ्यकथनम् ॥

मधौ मधुरमश्नाति निदाघे ह्यातिमैथुनी ॥
पिबेन्नद्यंबु वर्षासु दधिभोक्ता शरद्यपि ॥ ७ ॥

અર્થઃ—વસંત ઋતુમાં મિષ્ટાન્ન ખાય, ગ્રીષ્મઋ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માં અતિ મૈથુન કરે, વર્ષાઋતુમાં નદીનું પાણી પીયે, તથા શરદઋતુમાં દધિ ખાય છે તેને રોગ થાય છે ॥ ૧ ॥

**हिमागमे तु निद्रालुः शिशिरे लघुभोजनी ॥**
**यः करोति च मूढत्वात्स न रोरोगवान् भवेत् २**

અર્થઃ—જે મનુષ્ય મુઢપણાથી, હેમંત ઋતુએ વિષે દિવસની નિદ્રા કરવી, શિશિર ઋતુએ હલકું ભોજન કરવું તે નર રોગવાન્ થાય ॥ ૨ ॥

**पिबेद्घटसहस्त्रं च, यावन्नास्तमितोरविः ॥**
**अस्तंगते दिवानाथे बिंदुरेको घटायते ॥३॥**

અર્થઃ—કોઇ માણસ હજાર. ઘડા પાણી પીયે, પણ તે જીહાં સુધી સૂર્ય આથમ્યો ન હોય તિહાં શુધી બિંદુના જેવું જાણવું, ને સૂર્ય આથમી જાય પછી પાણી એક બિંદુ પીયે તો તે ઘાડાના જેટલું સમજવું ॥ ૩ ॥

**पित्तं पंगुः, कफः पंगुः पंगवो मलधातवः ॥**
**वायुना यत्र नीयंते, तत्र वर्षंति मेघवत् ॥४॥**

અર્થઃ—પિત્તરોગ પાંગલો છે; તેમજ કફરોગ પણ પાંગળો જાણવો; મલ તથા ધાતુનો રોગ પણ પાંગળો જ જાણવો; વાયુએ કરી જહાં લઈ જાય તહાં તેનો મેઘની પેઠે વરષાવ થાય છે ॥ ૪ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



हेमंतवर्षाशीशिरेषु वायुः, पित्तस्य ग्रीष्मे च घ-
नात्यये च॥ कफस्य कोपः कुसुमागमे च, भजेच्च
पथ्यं विधिवत् विधिज्ञः ॥ ५ ॥

અર્થ:—હેમંત, શિશિર અને વરષા એ ત્રણ ઋતુનો રાજા વાયુ જાણવો. તથા વસંત ઋતુનો રાજા કફ જાણવો. એ ઋતુઓને વિષે વિધિએ કરી પંડિત જે વૈદ્ય તેણે અઉષધ તથા પથ્યને યત્ને કરી કરવા યોગ્ય છે ॥૫॥

मार्गे पौषे तथा माघे, आषाढे श्रावणेऽपि च॥
नभस्ये च भिषक्श्रेष्ठे, र्वातो राजा प्रकीर्त्ति
तः ॥ ६ ॥

અર્થ:-માગશરમાં, પોશ મહીનામાં, માધ માસમાં આષાઢમાં; શ્રાવણ મહીનામાં તથા ભાદવા મહીનામાં એ છ મહીનામાં વૈદ્યોએ વાયુ રાજા જાણવો ॥ ૬ ॥

आश्विने कार्तिके मासे, वैशाखज्येष्ठयोर्ध्रुवम् ॥
सर्वशास्त्रविचारज्ञैः, पित्तं राजा प्रकीर्त्तितः॥७॥

અર્થ:—આશુમાં. કાર્ત્તિકમાં, વેશાખમાં, જેઠમાં નિશ્ચયે કરી સર્વ શાસ્ત્રના વિચાર જાણનારાએ પિત્ત એ રાજા કહેલા છે ॥ ૭ ॥

फाल्गुने चैत्रमासे च, जंतुपीडाकरो मतः ॥
शीतलांबुसमुत्पन्नः, श्लेष्मा राजा प्रकीर्तितः ८

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અર્થ—ફાગણ, અને ચૈત્ર મહીનામ જે જટે નોને પીડા કરે છે, તેણેં કરી શરદી ઉત્પન્ન થાય છે માં તે વખતે કફ શાન્ન છે, એમ નિશ્ચયેં કરી સાંભળવામ આવેલું છે ॥ ૮ ॥

॥ अथ संचारिरोगकथनम् ॥

त्वग्रोगे क्षयश्वासाक्षि, वक्त्ररोगे तथा ज्वरे ॥
संसर्गो नैव कर्त्तव्यो, संचारो दृश्यते यतः॥९॥

અર્થ—ચામડીનો રોગ, ક્ષય રોગ, શ્વાસ રોગ, આંખનો રોગ, મુખનો રોગ, તથા તાવનો રોગ, એટલા રોગ વાળનો સંસર્ગ કરવો નહીં. કારણ કે એના સહવાસથી બીજાને તે રોગ ઉપજે છે ॥ ૯ ॥

॥ अथ लंघनादिसादृश्यलक्षणम् ॥

लंघने ये गुणाः प्रोक्ता, स्त गुणा लघुभोजने ॥
निद्रायां ये गुणाः प्रोक्ता,स्त गुणा नेत्रमीलने १०
निवाते ये गुणाः प्रोक्ता,स्त गुणाः कर्णमीलने॥
ब्रह्मचर्यै गुणा ये स्यु,स्ते गुणाः कामवर्जने११

અર્થ—લાંઘણમાં જેટલા ગુણો છે તેટલાં લઘુભોજન માં છે, નિદ્રામાં જેટલા ગુણો છે તેટલા આંખ મીંચ્યાથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




થાય છે, વાયુ વગરની જગામાં રહેવામાં જેટલા ગુણો છે તેટલા કાન ઢાંકવામાં છે, બ્રહ્મચર્ય રાખવામાં જેટલા ગુણો છે, તેટલા મનમાં કામ ન રાખવામાં છે ॥

॥ इति श्रीशंभुनाथविरचिते कालज्ञाने संकीर्ण विषयकथन नामा चतुर्थ उद्देशः ॥४॥


॥ इति कालज्ञानं संपूर्णम् ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



For Private And Personal Use Only



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



For Private And Personal Use Only